# भूतनिबंध

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને વાસ્તે

## કવિ દલપતરામ ડાહ્યાભાઈએ

બનાવ્યો. તથા પ્રગટ કર્યો.

## अमदावाद मध्ये


पामानी हवेलीमां युनाइटेड प्रींटींग अने जनरल

एजन्सी कंपनी ''लिमिटेड''ना प्रेसमां

रणछोडलाल हीराचंदे छाप्यो.

આવૃત્તિ પમી.

સંવત. ૧૯૨૬ સન ૧૮૭૦.

કિંમત છ આના.

## અનુક્રમણિકા


| વાર્તા | પૃષ્ટ. |
|---|---|
| **પ્રકરણ ૧ લું.** | |
| ૧. ભ્રમ ઉત્પત્તિનું દૃષ્ટાંત | ૭ |
| ૨. હિંદુશાસ્ત્રનું વૃત્તાંત | ૮ |
| ૩. ભૂતનાં સ્થાનક તથા પરાક્રમ | ૧૦ |
| ૪. જૈનશાસ્ત્રનું વૃત્તાંત | ૧૧ |
| ૫. મિથ્યા ભૂતની વિગત | ૧૨ |
| ૬. ઝાલાના ગ્રંથમાંની ભૂતની વાત | ૧૪ |
| ૭. મિથ્યા ભૂતનાં પરાક્રમ | ૧૫ |
| ૮. સર્પરૂપી ભૂતની વાત | ૧૭ |
| ૯. ધન ઉપર રહેનારા સર્પની વાત | ૧૮ |
| ૧૦. ભૂત ધૂણવાની રીત | ૧૯ |
| ૧૧. ખીજડિયા મામાની વાત | ૨૦ |
| ૧૨. ચીથરિયામામાની વાત | ૨૦ |
| ૧૩. ડાકયણની વાત | ૨૨ |
| ૧૪. દાંતા ગામની ડાકયણની વાત | ૨૩ |
| ૧૫. પહેલા પ્રકરનો સારાંશ | ૨૪ |
| **પ્રકરણ ૨ જું.** | |
| ૧૬. અવગતિયા બ્રાહ્મણની વાત. | ૨૫ |
| ૧૭. કાશિએ જનાર ભૂત થયો | ૨૬ |
| ૧૮. બે બિલાડા રૂપી ભૂત. | ૨૮ |
| ૧૯. ગુજરાતીની હિમતનું દૃષ્ટાંત | ૩૦ |
| ૨૦. તાપી વાવ્યની ભૂતાવળ | ૩૧ |
| ૨૧. કાચીંડો પેટમાં પેઠાનો ભ્રમ | ૩૨ |
| ૨૨. લીંબુમાં ભૂત ઉતારયાની વાત | ૩૩ |
| ૨૩. ખીજડિયા મામાનો વળગાડ | ૩૭ |
| ૨૪. સમુચ્ચય વાર્તા | ૩૮ |
| **પ્રકરણ ૩ જું.** | |
| ૨૫. ચંડીપાઠ ઉપાય | ૪૨ |
| ૨૬. ભૂતના કહેલા ઉપાય. | ૪૩ |
| ૨૭. બાધાઓની વાત | ૪૪ |
| ૨૮. ત્રિપિંડી શ્રાધની વાત | ૪૫ |
| ૨૯. શ્રાતક લોકોની વાત | ૪૬ |
| ૩૦. પુતળવિધાનની વાત | ૪૮ |
| ૩૧. ચંડીપાઠ કરતાં બીજા ઉપાય ધૂણવાના | ૪૯ |
| ૩૨. ભુવાની વાત | ૫૧ |
| ૩૩. ભુવાના ઉપાય | ૫૨ |
| ૩૪. મુસલમાની ઉપાય | ૫૩ |
| ૩૫. વૈદકનો ઉપાય | ૫૪ |
| ૩૬. જ્યોતિષના ઉપાય | ૫૫ |
| ૩૭. ત્રીજા પ્રકરણનો સારાંશ | ૫૬ |
| **પ્રકરણ ૪ થું** | |
| ૩૮. ભ્રમ ઉત્પત્તિનો વિસ્તાર | ૫૮ |
| ૩૯. મારણ મંત્ર વિષે | ૫૮ |
| ૪૦. મોહન આદિક મંત્ર વિષે | ૫૯ |
| ૪૧. ભ્રમ શોધનનો વિસ્તાર | ૬૦ |
| ૪૨. ડાઢા શુકન વિષે | ૬૧ |
| ૪૩. ભ્રમછેદન ઉપાયનો વિસ્તાર | ૬૩ |
| ૪૪. નજર ભાવ ન લાગવાના ઉપાય | ૬૫ |
| ૪૫. જણશોમાં નજર ન લાગવાના ઉપાય | ૬૬ |
| ૪૬. નજર ભાવના ઉતાર | ૬૬ |
| ૪૭. નજર બાંધવા વિષે | ૬૭ |
| ૪૮. રથ ફરવા વિષે | ૬૮ |
| ૪૯. શીતળાના રોગ વિષે | ૬૯ |
| ૫૦. હનુમાનના નાટકની વાત | ૭૧ |
| ૫૧. અશલ ઘણાં ભૂતો હતાં તે વિષે | ૭૨ |
| ૫૨. ભૂતો ઓછાં થયાં તેનું કારણ | ૭૪ |
| ૫૩. ટુચકાની વાતો | ૭૬ |
| ૫૪. ભૂતના પ્રમાણની વાત | ૭૭ |
| ૫૫. સંપૂર્ણ ગ્રંથનો સારાંશ | ૭૯ |

# પ્રસ્તાવના

**શ્લોક:**

**नमस्ते नीलकंठाय सच्चिदानंद रूपिणे**
**योगिने वृषपालाय भूतानां पतये नमः ॥ १ ॥**

સંવત ૧૯૦૫ના જેઠવદ ૯ શુકરવારે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનું કામ ચલાવનાર મંડળી અમદાવાદમાં સોસાઇટીની પુસ્તકશાળામાં ભરાઇ. તે સભા ઉપર જે સાહેબો ભેગા થયા હતા, તેનાં નામ રેવરેડ જી. ડબલીઉ. પેરીટસ ૧. કપ્તાન પટેન પુલજેમ્સ ૨, એ. કે. ફારબસ સાહેબ. ૩, તેઓએ ઠરાવ કરયો કે, નીચે લખેલા વિષય ઊપર જેનો લખેલો નિબંધ પ્રસન્નતામાં આવશે, તેને રૂ ૧૫૦નું ઇનામ આપવામાં આવશે.

શરીરમાં ભૂત આવે છે, એવો ભ્રમ લોકોએ માની લીધો છે; તે ભ્રમ શાથી ઉત્પન્ન થાય છે. એના કારણના શોધની સાચી વિગત લખવી.

તથા ભ્રમનાથી માની લીધેલા ભૂતને શરીરમાંથી કાઢવાને માટે ગુજરાતમાં શા શા ઉપાય કરે છે. એ આદિક સવિસ્તાર નિબંધ માસ છની અવધમાં લખવો.

ઉપર લખ્યા પ્રમાણે ઠરાવ સાંભળીને હું રહેવાશી ઝાલાવાડમાં ગામ વઢવાણનો, જ્ઞાતિ શ્રીમાળી બ્રાહ્મણ, ત્રવાડી દલપતરામ ડાહ્યાભાઈ, એ નિબંધ કરવાની ઇચ્છા રાખું છું. તે મંડળીના ઠરાવ ઉપર સુરત રાખીને ॐ भूत भ्रम उत्पति ॥ १ ॥ भ्रम शोधन सत्य वार्त्ता ॥ २ ॥ भ्रम छेदन वर्त्तमा

એવા નામનાં ચાર પ્રકરણોનો આ ગ્રંથ કરી તેમાં મારા મનનો અભિપ્રાય એવો છે કે, મેં પ્રથમ બાળપણાથી કર્મકાંડના ગ્રંથ સહિત સામવેદનો અભ્યાસ કરયો છે. તથા વ્યાકરણ ભણવાથી કેટલાંએક પુરાણો વાંચવામાં તથા સાંભળવામાં આવ્યાં છે. તે શાસ્ત્રોમાં ભૂતની વાતો ઘણિઓ આવે છે. તથા મુસલમાનોના શાસ્ત્રોમાં પણ એ ભૂતને શેતાન કહે છે અને ખ્રિસ્તીશાસ્ત્રમાં પણ તેને મલીનદેવ કહે છે.

પણ તેમાં એટલો ફરક પડે છે, કે હિંદુલોકો કહે છે, કે માણસનો

જીવ મરીને ભૂત થાય છે. અને મુસલમાન તથા ખ્રિસ્તીધર્મવાળા કહે છે કે, શેતાન સૃષ્ટિથી પહેલો હતો, અને ત્યારપછી જીવ ઉત્પન્ન થાય છે, વળી મુસલમાનો કહે છે, કે સારાં માણસનો શેતાન નાશ પામે છે, અને ભ્રષ્ટ માણસનો શેતાન (ભૂત) થાય છે.

જૈન ધર્મવાળા તે ભૂતને કુતોહળીદેવ કહે છે, તે માટે એ વેદ આદિક શાસ્ત્રની વાતો જુઠી એવું હું કહેતો નથી; પણ જેમ શાસ્ત્રોમાં લખ્યું છે, કે માણસ સ્વર્ગમાં જઈ પાછાં આવતાં હતાં, તથા સ્વર્ગના દેવતા માણસ પાસે આવતા હતા. એવી વાતો અસલ બનતી હશે. પણ આજના સમયમાં એવી વાતો, માનવા લાયક નથી.

તથા તે શાસ્ત્રોમાં લખ્યું છે. કે મંત્રથી ફલાણું કામ થાય, અને બાણ ચાલે; તે અસલ થયું હશે. પણ આજ તો કેવળ પરમેશ્વરના નામનો મંત્ર, તે મુઆપછી, જીવનું કલ્યાણ કરે; પણ બીજી રીતના મંત્ર જંત્ર સિદ્ધ થતા નથી.

જે સમે હનુમાન પ્રત્યક્ષ હતા. તે સમે તો સારા માણસોનરસાં માણસોના જોવામાં આવ્યા હશે; પણ આજ ...જી મારા શરીરમાં આવીને શાસ્ત્રમાં કોઈ ઠેકાણે એવો લેખ નથી, કે હનુમાનજી માણસમાં પેશીને ધૂણશે. અને તે હનુમાનજી સદાકાળ રામચંદ્રજીની સેવામાં રહે છે. ત્યાંથી નવરા ક્યારે થાય, કે માણસમાં પેશીને ધૂણે.

તેમજ ભૂત આદિકદેવો ભૂત લોકમાં રહે છે, તે અસલ પૃથ્વી ઉપર આવતા હશે. પણ આજ કોઈ કહે છે, કે મેં ભૂત નજરે દીઠું, તથા કોઈ કહે છે કે મારા શરીરમાં ભૂત આવે છે. એવી વાતો મનાતી નથી, કેમકે મારે ભૂત નજરે જોવાની ઇચ્છા ઘણી હતી અને કોઈ કહે કે અહિયાથી વીશ ગાઉ ઉપર ફલાણે ઠેકાણે ભૂત રહે છે. તો તે જોવા સારૂ ત્યાં જવું, એવો મારો સ્વભાવ હતો.

એ રીતે આજ પૂરાં અઠાવીશ વરસની મારી અવસ્થા થઈ, પણ ભૂત આદિકની વાત સાચી જોવામાં કોઈ ઠેકાણે આવી નહી. તથા મંત્રશાસ્ત્ર. જે મંત્રમહોદધી, શારદાતિલક. તથા રૈદ્રયામલ. તેનો અભ્યાસ મારી પેહેડીઓથી ચાલો આવે છે. તે મંત્રના પ્રયોગ તથા બીજા કેટલાએક પ્રકારના મંત્ર સાધવા સારૂ, કાળી ચઉદશની રાતે, તથા ગ્રહણ વેળાએ કોઈ જતિના પ્રસંગથી. મેં પ્રથમ ઘણાએક ઉપાય કરયા હતા. તેમાં કેટલાએ તો મોઢેથી કેહેવા લાયક તથા લખવા લાયક નથી.

પછી સ્વામીનારાયણના સાધુનો સંગ થયાથી કેવળ જીવની કલ્યાણને અર્થેવેદના મંત્રોવિના બીજા મલીન મંત્રજંત્ર આદિકનો વિશ્વાસ ગયો. અને તે ઉપાય પણ પડ્યો મુક્યો. અને એ મંત્ર આદિકમાં કાંઈ સાર પણ દીટો નહીં. તે મંત્રોના પ્રયોગની થોડી એક રીત આ ચોપડીના ત્રીજા પ્રકરણમાં લખીશ.

પણ મંત્ર પ્રગટ લખવાની મારી ઇચ્છા નથી. કેટલાએક યાવની મંત્ર, તથા બૌધમંત્ર લખવા લાયક હશે તે લખીશ. પણ એમ જાણવું કે, કોઈ મત્રથી દીકરો કે દીકરો ઉત્પન્ન થાય, અથવા મિલકત ઉત્પન્ન થાય, કે મંત્રથી શત્રુ મરે એવી વાત આજનીવેળામાં જરૂર માનવી નહીં.

કેમકે મેં સર્વે પ્રકાર કરી જોયા છે. પણ કાંઈ થયું નહી. અને એ ભૂતના ભ્રમથી તથા મંત્રના ભ્રમથી કેટલાંએક ભોળાંમાણસોનો જીવટળી જાય છે, તથા ઉન્માદનો રોગ થઈને, ઘણું દુઃખ પામીને, હેરાન થઈને મરી જાય છે. તે માટે એવાં ભોળાંમાણસોના જીવનો ઉગાર થવા સારૂ, તથા તેમના સુખસારૂ આ ગ્રંથ હું બનાવું છું. તે ગ્રંથ વાંચવાથી તથા સાંભળીને વિચાર કરવાથી ભૂત આદિકનો ભ્રમ લોકોને મટશે. એવી ઇચ્છાથી આ ગ્રંથનું નામ "ભૂતાદિકભ્રમ ભંજન" એવું ગાયું છે.

મેહેરબાન અલેકસાંડર કિન્લાક ફારબસ સાહેબે આ પુસ્તકનો અંગ્રેજીમાં તરજુમો કરીને વિલાયતમાં છપાવીને પ્રગટ કર્યો. તે પછી આગરાની એક મંડળીએ ગુજરાત વરનાક્યુલર સોસાઇટીની રજા લઇને ઉરદુ ભાષામાં તરજુમો કરીને ફારશી હરફમાં છાપીને પ્રગટ કર્યો છે. તેથી આ પુસ્તક આગરા ઇલાકામાં પણ પ્રસિદ્ધ થયેલું છે.

હજી ગુજરાતમાં ભૂતાદિકનો વહેમ છેક મટ્યો નથી, માટે આ પુસ્તક વધારે ફેલાવવાની જરૂર છે. અને તેની ખપત પણ ઘણી છે, માટે આ પાંચમી આવૃત્તિની ૨૦૦૦ નકલો સોસાઇટીએ છપાવી છે. સોસાઇટીના શેક્રેટરી મેહેરબાન એમ. એચ. સ્કાટ સાહેબના હુકમથી દલપતારમ ડાહ્યાભાઈ આસીસ્ટંટ સેક્રેટરી સહી,

## દલપતરામ વિશે

દલપત કોઈ વિરાટ પુરુષ તો છે જ નહિ, એ કહેવાની તો જાણે જરૂર જ નથી. વિરાટ તો શું, અતિકાય પણ એને આપણે કહી શકીએ એમ નથી, અને તેમ છતાં સામી બાજુથી સૌ માને છે એવો છેક વામન પણ એ નથી તે પણ નક્કી છે. જોતાં જ આંજી નાખે એવો અસાધારણ ગુણ એનામાં એકે નથી, પણ અનેક અસાધારણ ગુણોનો એવો સુમેળ એના જીવનમાં જામ્યો છે, અને એ દ્વારા ગુજરાતની એણે એવી અવિસ્મરણીય સેવા બજાવી છે કે એ સહેજે મહત્તા સર કરી જાય છે. નર્મદના જેવું ઉદ્ધત પરાક્રમશાલી કે ઉત્કટ તેજશાલી અલબત્ત એનું જીવન નથી, પણ તે શાંત સત્ત્વવન્તું અને સૌમ્ય પ્રભાદીપતું જરૂર છે. પ્રાગર્વાચીન ગુજરાતનો એ એક ઉત્કૃષ્ટ નમૂનો છે. નવા જમાનાના ગુણદોષોનો પટ લાગ્યા પહેલાંનું ગુજરાતનું સંસ્કારી જીવન કેવું હતું તેની મૂર્તિ એના જીવનમાં સ્પષ્ટ રીતે અંકિત થયેલી છે. અને આમ જૂના ગુજરાતના પ્રતિનિધિ જેવો હોવા છતાં નવા ગુજરાતના ઘડતરમાં એણે અગ્ર ભાગ લીધો છે. અંગ્રેજોના આગમન પછી ગુજરાતમાં જે પુનઃજીવન શરૂ થયું તેનો એ મહાન આગેવાન છે. એટલે ગુજરાતના અર્વાચીન જ્યોતિર્ધરોમાં એનું સ્થાન પ્રથમ પંક્તિમાં છે. એ જ્યોતિ અંગ્રેજોએ સળગાવેલો, અને દલપત તેમાં કેવળ નિમિત્તરૂપ જ હતો એમ માની એની અવગણના કરી શકાય એમ નથી. કેમકે જેને આપણે ધુરંધર સુધારક કહી શકીએ એવા નર્મદ જેવા અંગ્રેજીમાં પ્રવેશ પામેલા એટલે તેણે એ ભાષાના વાઙ્મયમાંથી સીધી પ્રેરણા મેળવેલી, ત્યારે દલપતને એ દ્વાર બંધ હતા તેથી એને ફાર્બસ પાસેથી તે મેળવવી પડેલી. કેવળ સાહિત્યકાર તરીકે એ આટલો મોટો નથી એ ખરું. પણ એ સ્થિતિ નર્મદયુગના બધા-નવલરામ જેવા થોડા અપવાદો સિવાય બીજા બધા સાહિત્યકારોની છે. એ યુગના સઘળા સાહિત્યકારોમાં માનવી તરીકે જે મહત્તા છે તે શુદ્ધ સાહિત્યકાર તરીકે જણાતી નથી. અને છતાં સાહિત્યકાર તરીકે પણ દલપતનું અર્પણ છેક તુચ્છ નથી એ નિઃશંક છે.

– વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

# ભૂત નિબંધ

## પ્રકરણ ૧લું

### વાર્ત્તા ૧ લી

### ભ્રમ ઉત્પત્તિનું દૃષ્ટાંત

ગુજરાતમાં ભૂતનો ભ્રમ ઊપજે છે, તેનું એક દૃષ્ટાંત છે, કે જેમ કોઈ એક ભોળો માણસ વનમાં ચાલ્યો જતો હતો. અને ત્યાં ઘણી ભયંકર જગ્યા જોઇને બીહીવા લાગ્યો, કે હમણાં અહીંયાથી વાઘ આવશે, કે પણેથીં આવશે; તેવામાં કોઈઝાડનાં પાનડાં ખડખડ્યાં, એટલે જાણ્યુંકે એ વાઘ આવ્યો; એટલે તરત મુઠિયો વાળીને પાછો નાઠો,

તે નાસતે નાસતે પડી ગયો, તેથી તેનો દાંત પડ્યો, મોહોડામાંથી લોહી નીકળ્યું, હાથની કોણિયો ભાગિયો, ઢીચણ ભાગ્યાં, વળી બીહીકમાંને બીહીકમાં તરત ઊઠીને નાઠો, તે પડતો જાય, ને પાછો તુરત ઊઠીને નાસતો જાય; તેવામાં તેને કોઈ બીજે માણસે દીઠો, ત્યારે તેણે સાદ કરીને કહ્યું, કે તું કેમ નાઠો જાય છે ? તારે નાસનાર બોલ્યો, કે મારે પછવાડે વાઘ આવે છે

પછી તે માણસે કહ્યું, કે તું પાછું મોહોડું કરીને જો, તારે પછવાડે કોઈ આવતું નથી. પછી તેણે નાસતે નાસતે પછવાડે જોયું, ત્યારે વાઘ દીઠો નહિ. પછી ઉભો રહ્યો, એટલે પેલે માણસે તેની પાસે આવીને પૂછ્યું, કે વાઘ કેવો હતો ? તારે તે બોલ્યો, કે મેંતો જન્મ ધરીને વાઘ દીઠો નથી, કે કેવો હશે. પણ સઊં લોકો વાતો કરે છે, કે એ ઠેકાણે જરૂર વાઘ રહે છે. તેથી તે ઠેકાણે મને વાઘના જેવો ભણકારો વાગ્યો. અને જરૂર જાણ્યું, કે એ વાઘજ હશે, અને એ વાઘ મારે પછવાડે આવતો હતો; તેના પગના ધમકારા હું સાંભળતો હતો; તેથી હું નાઠો જતો હતો;

પછી તેને શરીરે ઘણું વાગ્યાથી ચલાય એવું નો હોતું, તેથી તે બીજા માણસની સહાયતાથી ખાટલે સુતો સુતો ઘેર આવ્યો; અને પેલું ઠેકાણું જોતા આવ્યા. ત્યાં તો વાઘનું પગલું કોઈ ઠેકાણે હતું નહિ, નેં શરીરે વાગ્યું તેચો સાચું રહ્યું ને વાઘની વાતતો જૂઠી થઈ.

અરે મારા દેશી મિત્રો જેમ એ માણસે પ્રથમથી વાઘની વાતો સાંભળી હતી, તેથી એવા જૂઠા વાઘનો ભ્રમ ઉત્પન્ન થયો, અને એટલું દુ:ખ થયું. તથા જેમ શીંદરીમાં સર્પનો ભ્રમ થાય છે, તથા જેમ છીપમાં રૂપાનો ભ્રમ થાય છે. તેજ રીતે શાસ્ત્રોમાંથી સાચા ભૂતની વાતો સાંભળ્યાથી, તથા લોક પરંપરાએ પાખંડી લોકોની ચલાવેલી જૂઠા ભૂતની વાતો સાંભળ્યાથી ભૂતનો ભ્રમ ઉત્પન્ન થાય છે.

તે ભ્રમ મુખ્ય બે પ્રકારના છે. એક મરેલું માણસ ભૂત થઇને વળગે છે, એવો

ભ્રમ, તથા બીજો જીવતા માણસનો વલગાડ થાય છે, તે ડાકણ તથા નજરભાવનો છે તે ભૂતની વાતો શાસ્ત્રના વિશ્વાસથી જેટલી સાચી માનવા યોગ્ય છે તથા લોક પરંપરાએ પાખંડી તથા ભોળા લોકોની ચલાવેલી જૂઠા ભૂતની જે વાતો છે, તથા મારી નજરે જોવામાં જે રીતે આવી છે, તે વાતો વિગતથી આ ગ્રંથમાં હું લખીશ. તેમાં હિંદુ લોકોના શાસ્ત્રનું વૃત્તાંત જે મેં સાંભળ્યું છે તે રીતે નીચે લખું છું.

*

## વાર્તા ૨ જી

## હિન્દુ શાસ્ત્રનું વૃત્તાંત

હિંદુ લોકોનાં ગરૂડ પુરાંણ આદિકશાસ્ત્રોમાં લખ્યું છે, કે માણસ મરી ગયા પછી તેના પુત્ર આદિક હોય તે છપિંડદાન કરે. તે કરે નહિ તો એ મરનારનો જીવ પિશાચ થાય છે. તેમાં એક પિંડ મુવાને ઠેકાણે શબ નામનો. તથા ઘરના બારણાના ઠેકાણાનો બીજો પિંડ તે પાંથક નામનો, તથા ચકલા ઠેકાણાનો ત્રીજો પિંડ ખેચર નામનો, તથા વિસામા ઠેકાણાનો ચોથો પિંડ ભૂત નામનો : એટલા પિંડ કર્યા પછીની ક્રિયા જે અગ્નિદાહ આદિક, તે થઈ શકે નહિ, તો એ જીવની ભૂતગતિ થાય છે.

તથા ચિતા ઠેકાણે પાંચમો પિંડ સાધક નામનો કરે છે પછી છઠ્ઠો પિંડ પ્રેત નામનો કરે છે; પછી તે દહાડાથી દશ દિવસ સુધી નિત્ય એક પિંડ કરવાથી પ્રેતનું શરીર અંગુઠા જેવડું બંધાય છે (મેં સાંભળ્યું છે કે વિલાયતના લોકો કહે છે, કે અંગુઠા જેવડું ભૂત હોય) તેની રીત એમ છે કે

પહેલે દહાડે માથું ઉત્પન્ન થાય છે; બીજે દિવસે આંખ્યો, કાન, અને નાક થાય છે. ત્રીજે દિવસે મોહોડું, કંઠ, હાથ અને છાતી થાય છે. ચોથે દિને નાભી, લીંગ, અને પુંઠ થાય છે. પાંચમે દહાડે સાથળ, ઢીચણ અને જાંઘો થાય છે. છઠ્ઠે દહાડે ઘુંટીયો, અને પગની આંગળિયો, આદિક થાય છે. સાતમે હાડકાં, અને માંસ આદિક થાય છે. આઠમે નખ, અને કેશ, થાય છે. નવમે વીર્ય આદિક સર્વ શરીર પ્રેતનું બંધાય છે દશમે દહાડે તેની ભૂખ, તથા તરશ ઉત્પન્ન થાય છે. તે મટાડવા સારૂ પિંડ દાન કરવું. ઘણું કરીને તો ગુજરાતમાં દશમે દહાડે એ દશ પિંડ દાન સાથે જ કરે છે અને કોઇ દિન પ્રતે એક પિંડદાન પણ કરે છે

પછી તેનો મોક્ષ થવા સારૂ અગિયારમે દહાડે નારાયણબળી આદિક શ્રાદ્ધ થાય તથા નીલોત્સર્ગ (એટલે વાછડો વાછડી પરણાવવાં) તે કરે છે તથા બારમે દહાડે સપિંડીશ્રાદ્ધ (એટલે પ્રેત મટીને દેવગતિ થવાનું શ્રાદ્ધ) તે કરે છે તે શ્રાદ્ધ જેનું થઈ શકે

નહિ. તે પ્રેત રૂપે રહે છે તે પ્રેત અરધો દેવ, તથા અરધો, ભૂતજાતિ વાળો કહેવાય છે

અને તે શ્રાદ્ધ આદિક કરવામાં, જાણ્યે અથવા અજાણ્યે કાંઇક ચુક પડી હોયતો. તે મરનાર કોઇક અવગતિયો થાય છે. અને એ પિંડદાન આદિક શ્રાદ્ધ હિન્દુમાં પણ શ્રાવક લોકો કરતા નથી તેની રીત જુદી છે, તે આગળ લખીશું. અને ઉપર લખેલા પુરાણમાં લખ્યું છે કે એ જીવ પછી જમપુરીમાં જઇને કેટલાંએક કરેલાં પાપનું ફળ ભોગવે છે

તે જમપુરીમાં ઘણા નરકનાં કુંડ છે; તેમાં મોટા અને મુખ્ય એવા એકવીશ છે. તેનાં નામો રૌરવ, મહારૌરવ, તામિસ્ત્ર અંધતામિસ્ત્ર, શાલ્મલી, કુંભિપાક, એવાં છે ત્યાં રાજ્ય ધર્મરાજાનુ છે તેની પાસે મોટા ચાકર ચૌદકોટિ છે, અને બીજા પણ ચાકર ઘણાએક છે તે મરનાર જીવનેં ત્યાં લઈ જાય છે તે જમપુરી અહીંથી નેઉ હજાર જોજન દક્ષિણ દિશામાં પ્રથ્વીથી નીચે છે

ત્યાં એ જીવ કેટલાંએક કર્મફળ ભોગવીને પછી ચોરાશી લાખ જાતિનાં શરીર પામે – છે. તે શરીર એકવીશ એકવીશ લાખ પ્રકારની ચાર જાતિનાં છે. ૧ ઇંડજ જે ઇંડામાંથી ઉપજે છે, ૨ ઊદ્‌ભિજ જે ઊગી નીસરે છે, ૩ સ્વેદજ જે પરસેવા આદિકના જળથી થાય છે, ૪ જરાયુજ જે ઓર સહિત જન્મે છે, તે પશુ, માણસ આદિક કેટલાએક જીવની જાતિમાં શરીર પામે છે અને કેટલાએક પુન્યવાળા હોય તે દેવના લોકમાં જાય છે તે જેવું પુન્ય કર્યું હોય, તેવે ઠેકાણે રહીને, તે પ્રમાણે સુખ ભોગવીને પાછા પ્રથ્વી ઉપર પડે છે; અને માણસ થાય છે.

તે માટે આકાશમાંથી તારો ખરતો દેખીને હિન્દુ લોકો સમજે છે કે આ દેવનાં પુન્ય આવી રહ્યાં, એટલે ત્યાંથી પડ્યો, તે હવે અહીં માણસનો જન્મ પામશે, અને થોડો પુન્ય વાળો જીવ મલીનદેવ જાતિમાં રહે છે તે જેમ ઉત્તર દિશામાં મેરૂ ઉપર અલકાપુરીમાં શિવનો મિત્ર જે કુબેર, તેના ચાકર જક્ષ છે, તે જાતિમાં થાય છે.

તથા શિવના ચાકર વિનાયક આદિક, તથા ગાંધર્વ, વૈતાલ, બ્રહ્મરાક્ષસ, કુડમાંડ, ભૈરવ ગ્રહ, જિત્રંભક, એ આદિક મલીન જાતિમાં ઉપજે છે અને બાયાડિયો પણ સ્વર્ગમાં સારી દેવિયો કે અપ્સરાઓ થાય છે. અને થોડા પુન્યવાળિયો, જક્ષિણી, કિંનરી, માત્રિકા કે દુર્ગાની દાશિયો જે શાકિણી આદિક છે તે થાય છે.

તે મલીનદેવ તથા દેવિયો, પણ માણસને ભૂતપ્રેતની રીતેજ પીડા કરે છે એમ એ શાસ્ત્રોમાં લખ્યું છે અને આ મૃત્યુ લોક ઊપર બીજું ભુવર્લોક છે. તેમાં એ મલીનદેવ રહે છે તે ઉપર સ્વર્ગલોકમાં ઇંદ્ર અદિક ઉત્તમ દેવો રેહે છે અને શિવની સેનામાં પણ ભૂત, પ્રેત આદિક મલીન દેવ રેહે છે અને જે માણસને મરવા ટાણે દીકરામાં, બાયડીમાં, ઘરમાં, કે મિલકતમાં ઘણું હેત રહે છે; તે એવું કે તે હેતથી એના શરીરમાંથી જીવ

શેય નીસરતો નથી, અને ઘણું દુઃખ પામે છે; તે જીવ મરીને ભૂત થાય છે.

અને જે માણસ લડાઇમાં હથિયારથી સામે મોઢે મરે છે, તે મરીને સ્વર્ગમાં જાય છે અને જે કાયરપણાથી પાછે મોહોડે મરે છે, તે નરકમાં જાયછે અને જે સામે મોહોડે અથવા પી છે મોહોડે પણ મરવા સામે ધન આદિકમાં ઘણા હેતવાળો, આગળ લખ્યા પ્રમાણે મરે, તે ભૂત થાય છે.

તથા જે પોતાને હાથે કરીને હથિયારથી મરે છે, અથવા ઝેર ખાઇને ફાંસો ખાઇને કે કોઇ રીતે આપઘાત કરીને મરે, તે ભૂત થાય છે. તથા જેને સર્પ કરડે, વાઘ મારે, અથવા પાણીમાં બુડી મરે, દબાઈ મરે, બળીમરે, વીજળીથી, ચોરથી, કુતરા આદિક દાંતવાળા જાનવરોથી, તથા શિંગડાવાળા જાનવરોથી મરે, એવે કોઇ પ્રકારે અજાણ્યું મોત જેનું થાય, તે મરીને ભૂત થાય છે.

તથા અંતરીક્ષ મોત, એટલે ખાટલા ઉપર મરે, તથા મેડી ઉપર મરે, કે મુવા પછી તેને કોઇ અપવિત્ર માણસ અડકે તે ભૂત થાય છે. એ આદિક ઘણી રીતિયો, ભૂત થવાની કહી છે; તે માટે વેદના કર્મકાંડના ગ્રંથોમાં એવા અકાળ મૃત્યુનું પ્રાયશ્ચિત એટલે દોષ નિવારણ બતાવ્યું છે. તે મરનારના દીકરા આદિને કરવું, તે કરે નહિ. તો મરનારની ભૂતગતિ થાય છે. એ રીતે હિન્દુશાસ્ત્રમાં ભૂતની ઉત્પત્તિ કહી છે. હવે તે ભૂતોને રહેવાનાં સ્થાનક તથા તેનાં પરાક્રમો લખું છું.

*

## વાર્તા ૩ જી

## ભૂતનાં સ્થાનક તથા પરાક્રમ

તે ભૂત તથા પ્રેત ઘણું કરીને તો સ્મશાનમાં રહે છે. તથા યજ્ઞમાં કામ આવે નહિ, એવાં નીચ જાતિનાં ઝાડો, જે આમલી, કેરડો અને બાવળ તેમાં ભૂત રહે છે. તથા ઉજડ જગ્યામાં રહે છે, કે જે ઠેકાણે મરણ પામ્યો હોય ત્યાં રહે છે. તથા ચકલામાં એટલે ચાર શેરીઓના ચોકમાં પણ ભૂત રહે છે, એમ પણ કોઈક કહે છે. તે માટે ઉતાર આદિક બળિદાન ત્યાં મૂકે છે, અને તે ભૂતના ગળાનો શાર સોયના નાકા જેટલો હોય છે અને તેના પેટમાં પાણીની તરશ બાર બેઢાની નિરંતર રહેછે. અને જ્યાં જ્યાં પાણીનાં ઠેકાણા છે. ત્યાં ત્યાં વરૂણ દેવની ચોકી રહે છે, તે એ ભૂતોને પાણી પીવા દેતી નથી.

અને કોઈ માણસ ઝાડે ફર્યાનું બાકી રહેલું પાણી નાંખી દે, તેટલું ભૂતોને પીવામાં આવે છે. તથા કોઈ કહે છે એવું પાણી બાવળના ઝાડ ઉપર માણસ રેડે, તેમાંનું સૂળો

ઉપર જેટલું પાણી રેહે. તેટલું ભૂતોને પીવામાં આવે છે. અને લીટ, મૂત્ર, વિષ્ટા, તથા એઠવાડ, એ ભૂત પ્રેતને ખાવામાં આવે છે. વળી ધણી વિનાની બાયડી પર પુરૂષનું વીર્ય ધરે તે વીર્ય રૂધિર સહિત ભૂત પ્રેત ખાય છે.

श्लोक प्रेतमंजरीनो

**भर्तृहीनाचयानारी परवीर्यनिषेवते ॥**
**तदवीधीर्यरक्तसंयुक्तं प्रेतोभूंततित्रवै १**

અને પવિત્ર ભૂત, એટલે જેનું સપિંડીશ્રાદ્ધ થએલું છે, પણ દીકરા આદિકમાં હેતથી જે ભૂત થયા હોય, તેને પૂર્વજ દેવ કહે છે, તે તેના ઘરમાં રહે છે. તથા પીપળાના ઝાડમાં કે ખીજડામાં રહે છે. અને એ ભૂત પ્રેતનું પરાક્રમ એટલું છે, કે તે કોઈ સમે મડદામાં પેશીને બોલે છે, તથા કોઈ સમે જેવું પોતાનું આગળ શરીર હતું, તેવું કોઈ માણસને દેખાડે છે, તથા કોઈ સમે માણસમાં પેશીને બોલે છે, તથા કોઈ માણસને તાવ આદિક અનેક પ્રકારની પીડા કરે છે. અને લોકમાં પરંપરાથી સંભળાય છે, કે ભૂત કોઈ સમે પશુ આદિક જેવું રૂપ દેખાડીને તરત અગ્નિના ભડાકા જેવું થઇને કોઇને બીવરાવે છે. અને કોઈ સમે છાનુંમાનું રહીને ભણકારાની પઠે બોલે છે.

વળી મેં સાંભળ્યું છે, કે કોઈ માણસ સાથે ભૂત બાથોબાથ આવ્યું. તથા કોઈ માણસને ઉપાડીને બીજે ઠેકાણે મુકી આવ્યું. તથા કોઈ બાયડીને ભૂતના સંજોગથી ગર્ભ રહ્યો. એવાં હજારો ગપાં લોકને મોહોડેથી મેં સાંભળ્યાં છે. તે લખીએ તો, આ ગ્રંથનો કાંઇ પાર રહે નહિ એટલો વિસ્તાર થાય. એટલા સારૂ થોડી થોડી વાતો સર્વે પ્રકારની લખીશ. હવે જૈનશાસ્ત્રની વાત લખું છું.

*

## વાર્તા ૪ થી

# જૈન શાસ્ત્રનું વૃત્તાંત,

હિંદુમાં પણ જૈનશાસ્ત્રના સંગ્રહણી પ્રકરણ વગેરે ગ્રંથોમાં લખ્યું છે, કે પૃથ્વીથી નીચે આઠ જાતિના વ્યંતર દેવો રહે છે, તથા આઠ જાતિના વાણવ્યંતર રહે છે; તેમાં એક એક જાતિના બે બે ઇંદ્રો છે, તેમાં એક દક્ષિણ ભાગનો, ને બીજો ઉત્તર ભાગનો ઇંદ્ર છે. તેના શરીરના રંગ જુદા જુદા છે. તે વ્યંતર તથા વાણવ્યંતર દેવો પૃથ્વી ઉપર આવીને માણસમાં પેશીને કુતોહળ કરે છે. કોઈ સમે કોઈ માણસને કોઈ પ્રકારનું પોતાનું રૂપ દેખાડે છે. એ વ્યંતર તથા વાણવ્યંતર જાતિની વિગત નીચે પ્રમાણે છે.

| व्यंतरजाति ८ | | | | वाणव्यंतरजाति ८ | | | |
|---|---|---|---|---|---|---|---|
| व्यंतरजाति | दक्षिणेंद्र | उतरेंद्र | वर्ण | वाणव्यंतर | दक्षिणेंद्र | उतरेंद्र | वर्ण. |
| पिशाच | काळ | महाकाळ | शाम | अणपंनी | संनिहित | शामाणिव | शाम |
| भूत | सरूप | प्रतिरूप | क्रस्न. | पणपंनी | धाइ | विधाइ | क्रस्न. |
| यक्ष | पूर्णभद्र | माणीभद्र | शाम | इसीवा | इसी. | इसीपाल | शाम |
| राक्षस | भीम | महाभीम | धवळ | मूयवाइ | इसर | महेशर | धवळ |
| किंनर | किंनर | किंपुरूप | नील | कदी | सुवस्त्र | विशाल | नील |
| किंपुरूप | सपुरूप | महापुरूष | धवळ | महाकंदी | हास | हासरति | धवळ |
| महोरग | अरूकाय | महाकाय | शाम | कोहंड | सेय | महासेय | शाम |
| गंधर्व | मातरति | गातयश | शाम | प्रयत | पयग | पयगवइ | शाम |

આગળ લખેલા દેવોની નીચે ભવનપતિ દેવો રહે છે, તે પણ પૃથ્વી ઉપર કોણ સમે આવે છે. અને તેનાથી નીચે નારકીના જીવ રહે છે. અને પ્રથ્વીથી ઊંચે આકાશમાં પાંચ પ્રકારના જ્યોતકી દેવો રહે છે, તે ઉપર બાર દેવ લોકમાં વિમાનવાશી દેવો રહે છે, તે કાંઈ સમે પોતાની ઈચ્છાથી તથા કોઈ મંત્રને વશથકી પ્રથ્વી ઉપર આવે છે. પણ તે કોઇને દુ:ખ દેતા નથી.

અને તે ઉપર નવ ગ્રીવેક તથા પંચ અનુત્તર વિમાની દેવો રહે છે, તે તો ઘણા સામર્થ્યવાળા છે, તે કોઈ સમે પૃથ્વી ઉપર આવતા નથી, એ પ્રથ્વીથી ઊંચા તથા નીચા જે દેવો કહ્યા, તેમાં જે જીવ તપવાળો તથા સારા પરણામવાળો હોય, તે ઉપજે છે, પણ કેવળ પાપવાળો જીવ તે દેવોમાં જન્મ પામતો નથી.

અશલ કોઈ માણસ અઠમ એટલે ત્રણ ઉપવાસ કરીને દેવોને અહીં તેડાવતા હતા, પણ આ સમામાં દેવો કોઈ પ્રકારે કોઈના બોલાવ્યાથી પ્રથ્વી ઉપર આવતા નથી. તેજ રીતે જરૂર સમજવું, કે વ્યંતર તથા વાણવ્યંતર પણ આ સમામાં આવતા નથી, અને એનું સામર્થ્ય તો માણસોનાથી ઘણું જ વધતું છે. આજના ભૂત પિશાચ જેવા એ દેવોને જાણવા નહિ; આજ તો પાખંડી તથા ભોળા લોકોની બનાવેલી મિથ્યા ભૂતની વાતો ચાલે છે. તેની વિગતની વાર્તા એક લખું છું.

*

## વાર્ત્તા ૫ મી

# મિથ્યા ભૂતની વિગત

શાસ્ત્ર પ્રમાણે ભૂતની વાતો ઉપર લખી દેખાડી. હવે તેથી વિરૂદ્ધ મિથ્યા ભૂતનાં લક્ષણ લખું છું. ભાઇરે, જે રીતે તમારૂ અજ્ઞાનરૂપી અંધારૂં મટે, એવો વિચાર, બુદ્ધિ

પહોંચાડીને કરો. શાસ્ત્રોમાં લખ્યું છે, કે એ ભૂતો દેવ જાતિ છે, તેનામાં માણસ કરતાં બળ તથા પરાક્રમ બહુ છે. ત્યારે આજના સમયમાં કોઈ પાખંડી, કે ભોળો માણસ ભૂતનું નામ લઇને ધૂણે છે; તે સમે બીજો હિંમતવાળો માણસ તે ભૂતને કહે છે, કે તું મારા શરીરમાં પેશ. તો હું તને માનું. અથવા એના શરીરમાંથી જુદો નીસરીને બોલ તો માનું. ત્યારે તે ધુણનાર ભૂત એમ કરી શકતું નથી. વળી તે ભૂતની, એવું માણસ ઘણી મશ્કરી કરે છે. અપમાન કહીને તુચ્છતાનાં વચનો કહે છે, તે એવાં કે જો કોઈ ગરીબ માણસને પણ એવાં વચનો કહ્યાં હોય, તો બીજું કાંઈને તેનું જોર ચાલે નહિ, તો પોતાની જીભ કરડીને મરે. એવું સાંભળીને પણ એ ભૂત તેને કાંઇ કરી શકતું નથી.

વળી કોઇ માણસ કુતરાના નરગનો ધુમાડો, કે મરચાનો ધુમાડો દે છે, તથા શરીરમાં પેઠેલા ભૂતને કોઇ તો ચાબખો, કે સોટી લઇને મારે છે. ત્યારે ભૂત ગરીબ થઇને રોવા લાગે છે. એવી ભૂતની વાતો હિન્દુ તથા મુસલમાનના શાસ્ત્રમાં કોઇ ઠેકાણે લખી નથી. અને જ્યારે માણસ, ભૂતને મારીને રોવરાવે; વળી બાયડીઓ છોકરા મશકરી કરે, એવા ભૂતને સાચું માનિયે; તો જે શાસ્ત્રોમાં લખ્યું છે, કે ભૂતોમાં દેવના જેટલું પરાક્રમ છે, તે શાસ્ત્રો જુઠાં પડે છે.

વળી ધૂણનાર ભૂત કહે છે, કે હું ફલાણે ઠેકાણે રહું છું. ત્યાંથી આ માણસના શરીરમાં આવ્યો છું. વળી શરીરમાંથી નીકળતાં કહે છે, કે હું મારે ઠેકાણે જાઊં છું. ત્યારે કોઈ માણસ ભૂતને કહે છે, કે અમે બંને જણા એકાંતે જઇને વાત કરીએ, ત્યાં તું એના શરીરમાંથી નીસરીને, અમારી વાત સાંભળીને, પછી એના શરીરમાં પેશીને, તે વાત કહી દેખાડે, તો અમે સાચું માનીએ, તે વાત પણ કાંઈ એ ભૂત કરી શકતું નથી.

ત્યારે વિચાર કરવો, કે કોઈ મૂર્ખ, અને પંડિત, એવા બે માણસની પણ પરીક્ષા તુરત થાય છે; તો દેવની, અને પાખંડી મનુષ્યની પરીક્ષા કરવી, તેમાં શી મોટી વાત છે ? જે સાચું ભૂત હશે, તે જુઠું કદી નહીં થાય, અને જુઠું ભૂત હશે, તેને સમજુ માણસ કદી સાચું કહેશે નહીં. જુઓને, કોઈ માણસને સભામાં જુઠો પાડ્યો હોય, તો પોતાની શક્તિ પ્રમાણે મહેનત લઇને, સાચો થવાની આશા રાખશે. ત્યારે સાચા ભૂતને કોઈ માણસ જુઠું શી રીતે કરી શકશે, કે જેનું પરાક્રમ ઘણું છે. વળી કોઈ માણસે દેખે નહીં, એ રીતે ભૂતને જવા આવવાની શક્તિ છે.

ધૂણનારના શરીરમાં પેસતાં તથા નીસરતાં બીજું કોઈ માણસ એ ભૂતને દેખતું નથી. ત્યારે એક પાણી ભરેલો લોટોજ, થોડેશક છેટે મેલીને, ભૂતને કહેવું, કે એના શરીરમાંથી નીસરીને લોટો પાસે લાવીને મેલ; એમાં કાંઈ ધૂણવા જેટલી મેહેનત પણ નથી. અને તરત સર્વે લોકોના માનવામાં આવશે.

જો તે ભૂત એટલું પણ પરાક્રમ કરી શકે નહિ, તો શાસ્ત્રમાં જે ભૂતની વાતો

– લખી છે; તેવું ભૂત એ નહિ. એતો ભ્રમનાથી માની લીધેલું ભૂત જાણવું; અથવા ધૂણનારનો પાખંડ જાણવો.

આ ગ્રંથમાં જે ઠેકાણે ભૂતની વાત નિષેધ કરી હોય, તે એવા ભૂતની જાણજો. પણ શાસ્ત્રમાં કહેલા ભૂતની નહિ. વળી જેમ ભવાયા લોકો ચતુર્ભુજ આદિક દેવનો વેશ લાવે છે, તેવો એ ભૂતનો વેશ જાણવો. માટે સમજુ માણસને એવા ભૂતની મશ્કરી કરવી લાયક છે. તથા તેને સાચું માનનારા પણ મશકરી કરવા જોગ છે.

એવા ભૂતની વાતો આશરે ત્રણસો અથવા ચારસો વરસથી ચાલતી હોય એવું જણાય છે; કેમકે અશલ ભૂતનાં પરાક્રમતો ગ્રંથોમાં બહુ મોટાં લખ્યાં છે, તેમાં ઝાલા રજપુતના ગ્રંથમાં એક ભૂતના પરાક્રમની વાત મોટી છે. તે નીચે લખું છું.

*

### વાર્ત્તા ૬ ઠ્ઠી

## ઝાલાના ગ્રંથમાંની ભૂતની વાત.

ઝાલા ગરાશિયાના ગ્રંથમાં લખ્યું છે, કે પાટણના રાજા કરણ વાઘેલાની બેહેનને કેસર મકવાણો પરણ્યો હતો. તેનો દીકરો હરપાળ થયો, તેને બાબરો ભૂત તથા શક્તિ દેવી સહાય હતાં, અને એ કરણ વાઘેલાને કોઈ ભૂત દુઃખ દેતું હતું તે રાતમાં પ્રત્યક્ષ આવીને, એ કરણ સાથે લડાઈ કરતું હતું.

પછી એક સમે હરપાળની સહાયતાથી કરણે ભૂતને જીત્યું, ત્યારે ભૂતે કહ્યું કે તું માગ્ય તે આપું, પણ મને છોડી મુક્ય. ત્યારે કરણે કહ્યું, કે મારૂં કામ હું જે બતાવું, તે તું કરે તો છોડું.

ત્યારે ભૂતે કહ્યું, કે તારૂં કામતો હું કરીશ, પણ તારાં કામ સર્વે પૂરાં થશે, એટલે હું તને ખાઇશ. તે વાત કરણે કબુલ કરી. પછી જે જે કામ બતાવ્યાં, તે તે કામ તુરત પૂરાં કરીને, કરણને ખાવા તૈયાર થયું; ત્યારે હરપાળની બુદ્ધિથી કરણે કહ્યું, કે એક મોટું લાકડું લઈ આવ. એટલે ભૂત લાકડું મોટું એક તરત લાવ્યું. પછી કહ્યું, કે એ લાકડું પૃથ્વીમાં રોપીને તે ઉપર ચડ ઉતર કરવું. એ કામ પુરૂં થાય, ત્યારે મને ખાજે. એ રીતે ભૂતનો ય મટવાથી કરણે હરપાળને કહ્યું, કે હવે તું માગ્ય તે તને આપું. ત્યારે હરપાળે કહ્યું, કે એક રાતમાં જેટલાં ગામોએ તોરણ બાંધું, તથા ગાગરે બેડીયાં ચડાવું, એટલાં ગામ આપો.

તે વાતની કરણે હા કહ્યાથી, હરપાળે બાબરા ભૂતને તથા શક્તિ દેવીને મોકલીને એક રાતમાં અઢારસો ગામોએ તોરણ બંધાવ્યાં, તથા ગાગર બેડીયાં ચડાવ્યાં, તે અઢારસો ગામનું ઝાલાવડ પરગણું ગુજરાત દેશમાં કહેવાયું; તેનું તખત અશલ પાટડીયે

હતું. તે હરપાળને ત્રણ દીકરા થયા; તેમાંથી એક માંગુજી તે ગામ લીબડીયે રહ્યા. બીજા શેખરોજી તે ગામ ચચારણે રહ્યા. અને ત્રીજો સોઢોજી તે પાટડીએ રહ્યા.

હવે વિચારવું, કે આવી રીતનું પરાક્રમ, સમજુ લોકો દેખતાં કરે તે તો ભૂત સાચું જાણવું. વળી અજોધ્યામાં તુળસીદાસને ભૂત પ્રસન થયું હતું, તેણે તુળસીદાસને કહ્યું, કે તમારે જોઇતું હોય તે માગો. પછી તેણે કહ્યું, કે મને રામચંદ્રજીના દર્શન કરાવો. ત્યારે ભૂત બોલ્યું, કે મારૂં સામર્થ્ય એટલુંતો નથી. પણ હનુમાનજીનાં દર્શન હું તને કરાવીશ; પછી હનુમાનજીનાં દર્શન કરાવ્યાં. એવાં ભૂતતો આ સમયમાં દેખાતાં નથી. અને મનની કલ્પનાનાં ભૂત ભોળા લોકોના દેખવામાં આવે છે. તેના પરાક્રમની વાતો હવે લખી દેખાડું છું.

*

## વાર્ત્તા ૭ મી

## મિથ્યા ભૂતનાં પરાક્રમ.

એક ઠેકાણે દશ પુરૂષો ભેળા થઈને બેઠા હતાં, તેમાં ભૂતની વાતો ચાલી. ત્યારે એક જણે બોલ્યો, કે હું એક સમે રાતે ચઉટેથી ઘેર આવતો હતો; ત્યાં મારગમાં એક છોકરૂં બે વરસનું ઉભું ઉભું રોતું હતું; તેને જોઇને મને દયા આવી એટલે મેં તેડી લીધું. પછી આગળ જતાં એ છોકરાને શરીરનો ભાર વધતો થયો, તે એવો કે મારાથી ઉપડી શક્યો નહીં. એટલે મેં જાણ્યું, કે આતો કાંઈ કોટળ જેવું દીસે છે, પછી હેઠળ નાખી દીધું, તે ભડકો થઇને ઉડી ગયું, એટલે મેં કહ્યું, કે "તારા દાંત પાડે હનુમાનજી".

પછી હું મારે ઘેર આવ્યો. પણ જો મને તે સમે હનુમાનનું નામ સાંભરયું, ના હોત, તો મને એ ભૂત જરૂર વળગત.

એ વાત સાંભળીને બીજો જણ બોલ્યો, કે મારો કાકો એક સમે અજવાળી રાતે ખેતરથી ગાડું જોઇને આવતો હતો; ત્યાં મારગ વચ્ચે એક બકરૂં ઉભું હતું. તે જોઇને મનમાં વિચાર કરયો, કે આ બકરાંને કોઈ જાનવર મારી નાખશે; તે માટે ગામમાં લઈ જાઊં તો ધર્મ થાય, એમ જાણીને ગાડા ઉપર બેસારયું.

પછી આઘે જતાં તે બકરાનાં પગ લાંબા વધીને હેંઠા ઘસડાવા લાગ્યા; તે જોઇને કાકો તો ગાડા ઉપરથી હેઠો ઉતરીને પોતાનો જીવ લઇને નાઠો; તે ઘણી મુશ્કેલીથી ગામ ભેગો થયો. પછી ઘેર આવીને તેણે વાત કરી, એટલે અમારા પાડોશી પાંચ જણ મળીને, ઢાલો, તરવારો લઇને ગાડું, તથા બળદ લેવા સારૂ ગયા. ત્યાં બળદ હળવે હળવે ચાલ્યા આવતા હતા. તે સામા મળ્યા. અને પછી કાકાને શરીરે છ મહિના સુધી મંદવાડ રહ્યો.

વળી ત્રીજો જણ બોલ્યો, કે એક સમે પાછલી રાતે હું ઝાડે જવા સારૂ ઉઠ્યો હતો. ત્યાં ચુડેલો બે ઉભી હતીઓ; તેણે હાથમાં સોનાના ચુડા પહેરયા હતા, તથા

ઘરેણું ઘણું પેહેરયું હતું. તેણે મને એટલું કહ્યું, કે અમો આવીએ ? પછી મેં તો કાંઈ એને ઉત્તર આપ્યો નહીં, અને તરત કમાડ સાચવીને ઘરમાં પેઠો.

પછી ચોથો જણ બોલ્યો, કે અમારા પાડોશીની બાયડી મરી ગઈ છે, તે વ્યંતરી થઈ છે, તે તેના ઘરમાં વિષ્ટા, તથા માંસના લોચા, લાવીને નાખી જાય છે, અને રાતે એની સાક્યને ખાટલા ઉપરથી હેઠી નાખી દે છે, અને ધોળે દહાડે ઘર ઉપર પથ્થરા નાખે છે; કોઈ સમે ઘરમાંથી રોટલા ખાઈ જાય છે; અને કોઈ સમે એની સોક્ય રાતે દળવા ઊઠી હોય તો સામી બેશીને દળાવે છે. અને કોઈ સમે આવી છું, આવી છું, એમ બોલવા લાગે છે.

તે તેના પાડોશી સર્વે સાંભળે એમ બોલે છે, અને કોઈ સમે પટારામાંથી રૂપૈઆની કોથળી લઇને ચોક વચે વેરી નાખે છે, અને તે પટારાને તાળું તો વાશું જ રહે છે.

એવી એવી વાતો ચાલે છે. તેનું કારણ એમ જણાય છે, કે કેટલાએક તો, મન પ્રસન્ન કરવા સારૂ એવી જુઠી વાતો બનાવીને, જગતમાં ચલાવે છે.

અને બકરાના પગ પૃથ્વી ઉપર ઘસાતા દીઠા, તેનો તપાસ કરયો હોત તો જાણવામાં આવત, કે ગાડાથી બહાર પગ નીસર્યા હશે, ને ચંદ્રમાના અજવાળામાં તે પગનો પડછાંયો પૃથ્વી ઉપર લાંબો દેખાયો હશે; તેથી ભોળો માણસ ભૂત જાણીને નાશી ગયો હશે; અને પછી એ બકરૂં મારગમાં કોઈ ઠેકાણે પડી ગયું હશે.

અને જે ચુડેલો દીઠી, તેનું કારણ પણ એજ રીતે, બીજું કાંઈ હશે, તેના શોધની વાતો, વિસ્તારીને બીજા પ્રકરણમાં લખીશ. અને વ્યંતરની વાત કહી તે પણ ઘણું કરીને તેના ઘરનું જ કોઇએક માણસ અથવા પાડોશી એવું કામ કરે છે. માટે જો મહેનત લઇને તેનો તપાસ કરે, તો કોઈ સમે પકડવામાં આવે, પણ ભોળા લોકો ભૂતનો નિશ્ચે કરીને કાંઈ તપાસ કરતાજ નથી.

વળી કોઈ સમે કાનને તથા આંખ્યોને ભ્રમ ઉપજે છે, ને ભણકારા વાગે છે, કે મને કોઈ બોલાવે છે, અથવા માહારા પાસે બેઠો છે, તેણે મને કાંઈ કહ્યું, અથવા મારે પછવાડે આવીને કોઈ બોલ્યું, કે કોઈ માણસ અહિયાં આવીને પાછું ગયું, એવો સમજુ માણસને પણ કોઈ સમે ભ્રમ ઉપજે છે. ત્યારે પાસે બેસનારને પુછીને અથવા તપાસ કરીને નિશ્ચે કરે છે, કે એતો મને ભણકારો વાગ્યો. એ રીતે કોઈ ભોળો માણસ એકાંતે બેઠો હોય, અને તેને એવો ભણકારો વાગે; તો તેને જરૂર ભૂતનો ભ્રમ ઉપજે છે.

વળી કેટલાએક લોકો સમજે છે, કે સર્પરૂપી ભૂત હોય છે, તે સર્પનો જીવ માણસમાં પેશીને બોલે છે. પણ એ વાત કાંઈ સમજાતી નથી, તથા શાસ્ત્રને મળતી પણ નથી, તે સર્પરૂપી ભૂતની વાત હવે લખું છું.

*

## વાર્તા ૮ મી

# સર્પરૂપી ભૂતની વાત.

એક વાણિયાને ઘેર પરગામના બે પરૂણા આવ્યા હતા. તે પરૂણાને ઘરમાં બેસારીને એ ઘર ધણીની બાયડી પાણી ભરવા ગઈ, અને તે ઘરધણી ચઉટે ગયો હશે તે સમે તેના ઘરમાં મોટો સર્પ નીકળ્યો. એટલે એક પરૂણે ઉઠીને લાકડી વતે દબાવ્યો, અને બીજો પરૂણો તે સર્પને ઝાલવા સારૂ સાણસાની શોધ કરવા લાગ્યો.

તે સમે એ બાઇ પાણી ભરીને આવી, ને તે સર્પને દાબેલો જોઈને બોલી, કે એને છોડી મૂકો, એ તો અમારો પૂર્વજ દેવ છે, તે મારી સાસુના શરીરમાં આવીને ધુણતો, ત્યારે મારા સસરાનું નામ લેતો, કે મારી મીલકતમાં મારો જીવ રહ્યો છે. તેથી હું સર્પ થયો છું. ને આ ઘરમાં રહું છું, એમ બોલતો હતો.

અને એક દિવસ અમારા પાડોશીને કરડ્યો હતો. તેને એક જતી ઉતારવા આવ્યો હતો, તે સમે ધૂણીને કહ્યું, કે મારા દીકરા સાથે એણે લડાઈ કરી, તેથી હું એને કરડ્યો છું, તે ફરીને ન લડવાનો કોઈ જામીન થાય તો ઉતરૂં. પછી એ પ્રકારે ઉતર્યો; તે દિવસથી અમારાં પાડોશીને ઘેર પણ આ સર્પ નીસરે, તો તેને કોઈ ઝાલતા નથી; કદાશને ઝાલીને બાર ગાઉ મૂકી આવે, તો પણ આજ ઠેકાણે આ સર્પ પાછો આવે છે; અને ઘણી વાર મારા પગની ઠેશે આવ્યો હશે, પણ મને કોઈ દિવસ કરડી નથી.

કોઈ સમે હું પાણી ભરવા ગઈ હઉ-અને મારૂં છોકરૂં ઘરમાં રોતું હોય, તો આ સર્પ તે છોકરાંને હીંચોળે છે, એવું મારા જોવામાં ઘણીવાર આવ્યું છે. એમ કહીને સર્પને ઝાલવા દીધા નહીં, નમસ્કાર કરીને જવા દીધો.

પછી એ પરૂંણાએ પાઘડી ઉતારીને કહ્યું, કે હે સર્પ બાપજી, તમને મેં દબાવ્યા, તે મારો ગુન્હો માફ કરજો, અમે તમારાં છોકરાં છૈયે.

હવે વિચારવું, કે સર્પ છોકરાંને હીંચોળે એ વાત કાંઈ સંભવતી નથી, અને ભોળા લોકો સોગન ખાઇને એવી વાતો કરે છે, પણ શી રીતે એ વાત માનવામાં આવે? અને એ સર્પને પછી એક દિવસ મોટે બીલાડે મારી નાંખ્યો, એટલે તે ઘરવાળે તે સર્પના કડકા સ્મશાનમાં લઈ જઈને બાળ્યાં, તેમાં પાંચશેર ઘી, એક નાળીયેર, અને અધશેર સુખડ, એટલાં વાનાં સહિત સર્પને બાળ્યો.

એ રીતે પૂર્વજ થયેલા સર્પને વાતો મારા સાંભળવામાં ઘણી આવિયો છે. એવી લોક પરંપરાની વાતોથી, કોઈ માણસ મરી ગયું હોય, ને તેના ઘરમાં તે વરસમાં મોટો સર્પ નીકળે તો ભોળા લોકો સમજે છે, કે આ ફલાણો મરી ગયો છે, તેજ સર્પ થયો.

વળી ધન ઉપર સર્પ થયેલાની એક વાત ધોળકાની, મેં ઘણા લોકોથી સાંભળી છે. તે લખું છું.

## વાર્તા ૯ મી

# ધન ઉપર રહેનારા સર્પની વાત.

ધોળકામાં એક શ્રીમાળી બ્રાહ્મણે કોઇની જગ્યા વેચાતી લીધી, તેમાં ખોદતાં ભોંયરૂં નીકળ્યું. તેમાં ધન ઘણું હતું, ને તે ઉપર એક મોટો સર્પ રહેતો હતો; તે સર્પે રાતમાં આવીને એ બ્રાહ્મણને સપનામાં કહ્યું, કે અહિયાં મારી મિલકત છે, તે ઉપર હું રહું છું. તે માટે એ ભોંયરૂં તારે ખોદવું નહીં. અને એ મિલકતની ઇચ્છા તારે રાખવી નહીં. જો એવી ઇચ્છા રાખીશ તો હું તારો વંશ ચાલવા નહીં દઊં.

પછી સવારમાં તે બ્રાહ્મણે તેલની કઢાઇઓ ઉકાળીને ભોંયરામાં રેડી, તેથી તે સર્પ મરી ગયો. પછી ભોંયરૂં ખોદીને મિલકત કહાડી લીધી. અને તે સર્પને ઘરના ચોકમાં સારી રીતે અગ્નિદાહ કરયો.

પછી તે મિલકતથી મોટી મોટી ઇમારતો કરાવી. પણ તેનો વંશ રહ્યો નહીં. અને તે બ્રાહ્મણની દીકરીઓનો પણ વંશ રહ્યો નહીં. તથા તેનું ધન જેણે ખાધું તેનો વંશ રહ્યો નહીં, તેના વકીલનો તથા ગોરનો પણ વંશ રહ્યો નહીં. આ વાત આશરે ચાલીશવરસ ઉપર નીપજી છે.

હવે આ ઠેકાણે હું કહું છું, કે સપનામાં સર્પ બોલે, એ વાતનું કાંઈ અચરત નથી. પણ જાગતા માણસની આગળ સર્પ બોલે છે, એ મોટી કૌતકની વાત છે.

વળી એવી વાતો ઉપરથી લોકો નકી જાણે છે, કે જ્યાં ઘણું ધન હોય, ત્યાં મોટો સર્પ હોય, અને જ્યાં મોટો સર્પ હોય, તે જગોમાં જરૂર ધન દાટેલું હોય; તેથી આશરે ત્રણ વરસ ઉપર અમદાવાદ શહેરમાં એક વડનગરો નાગર, સારો માણસ આબરૂવાળો છે, તેને કોઈ ઠગ સૈયદે કહ્યું, કે દરિયાપરમાં એક ઠેકાણે પૃથ્વીમાં ઘણું ધન છે. તે ઉપર મોટો સર્પ રહે છે, તે જગ્યા તમે વેચાતી રાખો. પછી મંત્ર સાધના કરીને સર્પને હું કહાડી મેહેલીશ. અને બધું ધન તમારે હાથ લાગશે, પછી તે નાગરે તે જગ્યા વેચાતી લીધી, અને ત્યાં મોટો સર્પ પણ દીઠો, એટલે નકી વિશ્વાસ આવ્યો, કે એ ઠેકાણે ધન છે ખરૂં.

ત્યારે સૈયદે કહ્યું, કે સર્પને કહાડવા સારૂ મંત્ર સાધના કરવામાં દશ હજાર રૂપિયાનું ખર્ચ થશે.

પછી તેટલા રૂપૈયા નાગરે પોતાના ઘરમાંથી સૈયદને આપ્યા. અને મંત્ર સાધના કરતાં ઘણા દિવસ થયા, ત્યારે નાગરને વિશ્વાસ ગયો એટલે રૂપૈયા પાછા માગ્યા, તે આપ્યા નહીં. ત્યારે સરકારમાં ફરીયાદ કરી. પછી સરકારે તે સૈયદને પકડીને કેદ કર્યો, પણ રૂપૈયા તો હાથ લાગ્યા નહીં.

એટલા સારૂ હું લખું છું, કે ભાઇરે પૃથ્વીમાં ધન છે, ને તે ઉપર સર્પ રહે છે,

એવી વાત માનીને કોઈ સમે ઠગાવું નહીં. ને એવી ભ્રમના રાખવી નહીં.

હવે ભોળો માણસ ભૂતનો ભ્રમ માનીને જે રીતે પ્રથમ ધૂણવા લાગે છે, તે રીત લખું છું.

*

## વાર્તા ૧૦ મી

## ભૂત ધુણવાની રીત

જ્યારે ભોળા માણસનું મન કાંઇક વાયુ આદિકના રોગથી ઉદાસ થાય છે. ત્યારે મનમાં મુંઝાય, અને કાંઈ બોલે નહીં, તે સમે તેનાં સગાં તથા પાડોશી ભેગાં થઇને પુછે છે, કે તને શું થાય છે ? ત્યારે તે ભોળો માણસ કહે છે, કે મારો જીવ મુઝાય છે. અને કાંઈ ખબર પડતી નથી. ને એમ થાય છે, કે હમણાં રોવા લાગું.

પછી પુછનારા લોકો કહે છે, કે તું ક્યાં ગયો હતો ? અને કોઈ ઠેકાણે બીહીનો ઝબક્યો છું ? પછી તે માણસ વિચાર કરવા લાગે છે; તેવામાં ત્યાં ઉપરા ઉપરી જે માણસ આવે તે પુછવા લાગે છે; એટલે બીચારો ભોળો માણસ રોવા લાગે છે, પછી સરવે લોકો કહે છે, કે આતો ક્યાંકથી વળગાડ લાવ્યો છે. અને એ ભોળો માણસ પણ મનમાં નિશ્ચે કરે છે કે મને ભૂત વળગ્યું છે. પછી તેના તોરમાં શરીર ધ્રુજવા લાગે છે.

એમ થોડે થોડે ધ્રુજ વધતાં ઘણું ધૂણવાં લાગે છે, તે એવું કે, ભૂતના ભ્રમ વિનાનું માણસ, જાણીને પોતે એના જેવા ચાળા કરવા લાગે, તો તેના જેવું બરાબર ધુણતાં આવડે નહીં. પણ ઝાઝા દિવસના અભ્યાસથી આવડે, એમ જણાય છે.

અને ભ્રમ વાળો માણસ જરૂર એમ સમજે છે, કે આ મારા શરીરમાં ભૂત આવીને ધુણે છે; પણ હું ધુણતો નથી. અને એ ધુણવાનું કારણ એમ છે, કે જેમ મોટી લડાઈ થતી હોય, અને ત્યાં કેટલાંએક માણસોનાં માથાં કપાતાં હોય, અને ઉઘાડી તરવારો લઇને સામ સામા લડતા હોય, તે સમે, અથવા કોઇ પ્રકારના ભયથી. કેટલાંએક માણસોનાં શરીર થર થર ધ્રુજવા લાગે છે, અને કેટલાએક ધીરજ વાળા માણસ ધ્રુજતા નથી. તેનું કારણ કે જેમ નાહાના બાળકો તોપનો ધમકારો સાંભળ્યાથી બેહેરાં થાય છે, પણ મોટાં માણસ બેહેરાં થતાં નથી, કેમકે તે બાળકોના કાન કાચા છે, તેથી બેહેરાં થાય છે. તેમ કાચા હૈયા વાળો ભૂતના ભ્રમથી ધુણે છે, પણ કઠણ હૈયા વાળો ધુણતો નથી.

અને એ ધુણનાર જાણીને પાખંડ કરતો નથી. એના મનમાં તો ભૂતનો વલગાડ નકી છે; અને ધુણતી વેળાએ તે ધુણનારને શરીરનું ભાન અરધું રહે છે. પણ જાણીને

ગુજરાતી સભા
૯૩૬૭૦૩

શરીર ધુજાવતો નથી, અને કેટલાએક પાખંડી લોકો જાણીને પણ ધુજે છે.

હવે ખીજડાના ઝાડમાં રહેનાર ભૂતની વાર્તા લખું છું.

*

## વાર્તા ૧૧ મી

## ખીજડીઆ મામાની વાત

ગુજરાતમાં એવો ચાલ છે, કે વગડામાં ખીજડાનુ, વરખડીનુ, બાવળનુ, કેરડાનુ, કે આમલીનુ ઝાડ હોય, તેને કોઈ કાપીને લઈ જાય, તે સારૂ કોઈ માણસ તે ઝાડની રક્ષા કરવા સારૂ તેને સીંદૂરનાં ત્રિષૂલ કરે છે. અથવા સીંદૂરનો જોગ આવે નહીં તો, એટલામાંથી પથરા ભેળા કરીને, તે ઝાડના થડમાં નાંખે છે. પછી તે રસ્તે જતાં, તથા આવતાં, માણસ માત્ર બે પથરા તે ઝાડને થડ નાંખે છે, તેનું કારણ એમ સમજે છે કે આ ઠેકાણે દેવનું સ્થાનક છે; તેમાં જો બે પથરા નાંખીએ, તો જેમ કોઈ દેવળ ચણાતું હોય, તેમાં બે પથરા ચડાવીએ એટલું પુણ્ય આપણને થાય.

તથા કોઈ સમજ્યાં વિના દેખાદેખીથી પણ પથરા નાંખે છે. અને જો પથરાવાળી જમીન ન હો, તો જુના લુગડાનો કટકો તે ઝાડને વળગાડે છે, એટલે પછી જે માણસ તે ઠેકાણે આવે, તે ચીથરૂં એક એ ઝાડને વળગાડે છે; ને ત્યાં ચીથરિયા મામાનું સ્થાનક સર્વ લોકો સમજે છે.

જ્યાં કોઈ માણસ મરાયું હોય, ત્યાં પાળીઓ કરે છે; અને કોઈ ઘવાયું હોય ત્યાં [1]ચગો કરે છે; તેમજ એવી જગાએ ખીજડીઆ મામાનાં અને ચીંથરીઆ મામાનાં સ્થાનક પણ થતાં હશે, એમ જણાય છે; પણ તેની ધુણવાની વાતો શાસ્ત્રમાં કોઈ ઠેકાણે લખી નથી. તેથી મારા માનવામાં આવતી નથી.

તે ચીથરીયા મામાની એક વાત મેં સાંભળી છે. તે લખું છું.

*

## વાર્તા ૧૨ મી

## ચીથરિયા મામાની વાત.

કોઈ પાંચ માણસ માગસર મહિનામાં પરદેશ જતાં હતાં, તેઓને રણને કાંઠે સવારમાં ગામથી બે ગાઉ છેટે તથા સામું ગામ પણ આશરે બે ગાઉ છેટે હશે, તે સમે ઘણી ટહાડ વહાવા લાગી; ત્યારે હોકામાં દેવતા હતો. પણ તાપ કરવા કાંઇ બાળવાનું હતું નહીં, ત્યાં એક વરખડીના ઝાડ પાસે ઘડીક બેઠા, અને સુકાં પાનડાં તથા ઘાસ

---

૧. ચગો એટલે પથરાનો ઢગલો

ભેળું કરીને, પાઘડીના બોતનામાંથી લુગડું ફાડીને, દેવતા સળગાવા માંડ્યો. તે ઓલાઈ ગયો.

પછી તે ચીથરૂં એક જાળે વળગાડીને ચાલ્યા ગયા. પછી તે ઠેકાણે બીજાં જે માણસો આવ્યાં તેણે ચીથરિયા મામાનું સ્થાનક જાણીને ચીથરાં વળગાડ્યાં. પછી એક મહિનો જતાં પેલા પાંચ જણા એ ઠેકાણે ફરીને આવ્યા; ને ચીથરિયા મામાને જોઈને, તેનું કારણ સમજીને હસવા લાગ્યા; અને તે ચીથરાં બધાંએ લઈને, પોશ મહિનાની ટહાડ હીત, તે સારૂ તાપ કરયો.

એવા મામાઓનાં સ્થાનક ઘણુંકરીને જે દેશમાં થોડાં ઝાડ હોય, તે દેશમાં બહુ જોવામાં આવે છે; અને તેના વળગાડના ભ્રમથી માણસ બહુ હેરાન થાય છે, તે વળગાડની વાતો બીજા પ્રકરણમાં લખીશ.

તેને મામો કહે છે, તેનું કારણ એમ છે, કે બાયડિયોને ભ્રમ ઘણી હોય છે, શાથી કે તેની બુદ્ધિ થોડી છે, કેમકે વિદ્યાનો અભ્યાસ નથી તેથી તેઓ સદાય ભૂતથી ઘણું બીહીયે છે, અને બાયડીઓને જે પુરૂષથી સ્વાર્થ હોય, અથવા ભય હોય, ત્યારે સારા માણસને ભાઈ કહીને બોલાવે છે; તેથી છોકરાંને તેડીને તેવા ભૂતના સ્થાનક પાસે જતી આવતી હોય, ત્યારે છોકરૂં પુછે, કે મા આ શું હશે ? ત્યારેં કહે છે કે તે તારો મામો છે.

પછી તે છોકરૂં મોટું થાય, તો પણ તેને મામો કહે છે. જેમ કોઈ બાયડીના પીયરનું માણસ હોય. તે તેના છોકરાનો મામો કહેવાય છે. તેમ બાયડિયોના ભ્રમથી તે ભૂત મામો કહેવાયો હશે. અને આજના સમામાં પણ પુરૂષોને ઝાઝો ભ્રમ નથી. બાયડિયો તો એવા સ્થાનક પાસે નીસરે ત્યારે જરૂર એક પથરો નાંખે ખરી, અને ચીથરિયા મામાને પણ પોતાની પાસે ચીથરૂ ન હોય, તો લુગડામાંથી સુતરનો તાંતણો કાઢીને ચડાવે, અને ભૂલી જાય તો એ ભ્રમથી કોઇક બાયડી ધુણીને બોલે છે, કે હું મામો છું, અને મારા સ્થાનક પાસે નીસરીને મને ચીથરૂં ચડાવ્યું નહીં, તેથી હું એને વળગ્યો છું. પછી ઉતાર મુકાવીને છુટકો કરે છે.

કોઈક ઠેકાણે વગડામાં ડુંગરની ધાર જેવું હોય, ત્યાં કોઈ માણસને પાંચ કે સાત પથરા ઉપરાઉપરી ચડાવ્યા હોય, તો પછી ત્યાં જે કોઈ નીસરે, તે એવી દેરડી એક ચડાવે છે, તેમાં બાયડિયો તો જરૂર ચડાવે, જાણે કે અહીં કોઈ દેવનું સ્થાનક છે. અહીં દેરડી માંડે, તેનું ઘર મંડાય, (એટલે ઘરસૂત્ર ચાલે.) અથવા નવું સારૂં ઘર મળે. એમ સમજે છે. એવું અજ્ઞાન લોકોને પરંપરાથી ચાલ્યું આવે છે.

હવે ડાકણની વાત લખું છું.

*

## વાર્તા ૧૩ મી

## ડાકણની વાત

જ્યોતિષના ગ્રંથોમાં લખ્યું છે, કે બીજ, સાતમ, અને બારસને દિવસે, અનુક્રમથી, અશ્લેષા, કૃતિકા, અને શતભિષા, નક્ષત્ર હોય, અને મંગળ, આદિત, તથા શનિવાર હોય, એવો જોગ જે દિવસમાં હોય, તે દિવસે દીકરી જન્મે તે વિષ કન્યા કહેવાય.

શ્લોક: ॥

॥ भद्रासु सार्प्प माग्नेय बारूणं च क्रमाद्यदा ॥
॥ भौमाऽर्क्कार्क्कीदिनं यत्र जाता स्याद्विषकन्यका ॥

તે કન્યાને પરણ્યાથી, જેમ વિષ ખાનારનું મોત થાય, તેમજ તે પરણનારનું મોત થાય. અને કોઈ લોકો કહે છે, કે કોઈ માણસને એવાં જોગમાં, જો બાળકનો જન્મ થાય, તો તે બાળકની દૃષ્ટિમાં વિષ હોય; અને તેની નજર જે જણશમાં મનથી બેસે, તે જણશ કોઈ બીજું માણસ સુખેથી ભોગવી શકે નહીં; તથા તે જણશ નાશ પામે.

અને કોઈ માણસ ઉપર તેની દૃષ્ટિ બેસે, તો તે માણસને શરીરે પીડા થાય. તથા તેનો વળગાડ પણ ભૂતની રીતે થાય છે. અને એવા જોગમાં જનમ વિના બીજુ કારણ પણ લોકો કહે છે, કે અઢી અક્ષરનો મંત્ર સાધવાથી ડાકણ થાય છે.

તે ડાકણ બ્રાહ્મણી, વાણીયાણ, તથા હરેક જ્ઞાતિની હોય છે. પણ ઘણુંકરીને તો ચારણ તથા વાઘરી એ બે જ્ઞાતિની બાયડિયોનો ભ્રમ લોકોને આવે છે.

પછી તેના વળગાડથી ધુણનાર બોલે છે, કે હું ફલાણી ચારણ છું, અને મને એણે ટુંકારો કરયો, એટલે મેં મારાં દેરાં એને ભળાવ્યાં, અથવા કહેશે કે તે સારૂં લુગડું પહેરીને મારા પાસે થઇને ગઈ, તે માટે એમાં મારી નજર બેઠી; તે લુગડું મારે ઘેર આવીને મને આપો. તો એની છુટકો કરૂં. પછી તે લુગડું એ ચારણને ઘેર આપવા જાય છે, ને તે હાથોહાથ લે છે, પછી વળગાડનો ભ્રમ મટે છે.

પછી એ ચારણની આજીવિકા ઘણુંકરીને એજ રીતે ચાલે છે, અને તેના મનમાં પણ એવું નકી થાય છે કે હું ડાકણ છું, તે મારી નજર જેના ઉપર થાય, તે માણસ માંદું થાય છે, મને જે જણશમાં મારી નજર બેસે છે, તે જણશ બીજું લઈ ભોગવી શકતું નથી, તે ડાકણની એક વાત અંબાજીનાં સંઘમાં, બાર વર્ષ પહેલાં મેં સાંભળી છે, તે નીચે લખું છું.

*

## વાર્તા ૧૪ મી
# દાંતા ગામની ડાકણની વાત

એક સમે અંબાજીએ સંઘ જતો હતો; તેણે દાંતા ગામ પાસે પડાવ કરયો હતો; ત્યાં કુવા પાસે ત્રણ બ્રાહ્મણો રસોઈ કરતા હતા તેમણે લાડુ બનાવીને તૈયાર કરયા, એવે સમે તે ગામની કોઈ બાયડી પાણી ભરવા આવી, તેની નજરે તે લાડુની ઉપર ગઈ, ત્યારે તે બાઇએ વિચાર્યું, કે મારી નજર આ લાડુ ઉપર બેઠી, તે માટે આ બ્રાહ્મણો લાડુ ખાશે, તો ઘણા હેરાન થશે.

એમ વિચારીને, એ બ્રાહ્મણોને તેણે કહ્યું; કે મહારાજ, તમે મારે ઘેર ચાલો. અને હું તમને ઘી, ગોળ તથા લોટ આપું, તેના લાડુ તમે ફરીથી કરો. અને જો આ લાડુ તમે ખાશો, તો બહુ દુઃખી થશો, તે વાત બ્રાહ્મણોની સમજવામાં તરત આવી.

પછી તેમાંથી એક બ્રાહ્મણ, એ બાઇને ઘેર જઇને, બીજો સામાન લઈ આવ્યો, તેના લાડુ કરયા, અને પ્રથમના લાડુ હતા તે નાખી દીધા, ત્યાં ત્રણ ચાર કુતરાં આવીને પેલા લાડુ ખાવા લાગ્યાં, અને બે ઘડી પછી, તે કુતરાંઓને ઉલટી થઈ, અને ઘણું દુઃખી થયાં.

વમન થતાં આત્રડાં ધોળાવા લાગ્યાં, અને મુવા જેવાં થઈ ગયાં. પછી પેલા બ્રાહ્મણોએ વિચાર્યું, કે જો આપણે એ લાડું ખાધા હોત, તો આપણે પણ આવી રીતે દુઃખી થાત; પણ તે બાઈ એટલી સારી કે આગળથી આપણને સમજાવ્યું.

આવી બીજી વાત મેં કોઈ ઠેકાણેથી સાંભળી છે, કે એવા લાડુ પૃથ્વીમાં ડાટ્યા હતા, તે બે ઘડી પછી તપાસ્યા, તો રૂધિર દીઠું. તથા ત્રીજા ઠેકાણાની વાત સાંભળી છે, કે એ લાડુ એક વાસણમાં ઢાંકી રાખ્યા હતા. તે બે ઘડી પછી જોયા, તો એકલા કીડા થયેલા જોવામાં આવ્યા.

એવી વાતો સારા માણસને મોહોડેથી સાંભળીએ, તોપણ નજરે જોયા વિના, તથા તેનો તપાસ કર્યા વિના, મારા માન્યામાં કાંઈ આવતું નથી.

અને મારી નજરે આવી વાત બનેલી કોઈ દિવસે જોવામાં આવી નથી. અને ગુજરાતમાં જ્યાં પાંચ માણસ ભેળાં થઇને બેસે છે, અને જો ભૂત આદિકની વાત નીકળે છે, તો સર્વે માણસો એ બાબતની ત્રણ ત્રણ કે ચાર ચાર વાતો કરે છે, તે સમે મારે અજાણની પઠે બેઠાં બેઠાં સાંભળવું પડે છે. પણ શું કરૂં ? કે મારા જોયામાં ભૂત આવ્યું નહોય, તેથી હું એ ઠેકાણે શી વાતો કરૂં ? તેથી લાચાર.

અને એ ડાકણની વળગાડની વાતોનો પણ તપાસ કરવો જોઈએ, કે શી રીતે ડાકણના શરીરમાંથી જીવ નીસરીને બીજા માણસના શરીરમાં પેસે છે !!!

વળીપાંચ જણાને એકજ સમે તે શી રીતે વળગે છે ! વળી તે પણ ભૂતનીજ

રીતે બોલે છે. ત્યારે તે પ્રમાણે તેના પરાક્રમની પરીક્ષા કરવી જોઇએ.

હવે પેહેલા પ્રકરણનો શારાંશ લખું છું.

*

## વાર્તા ૧૫ મી

# પેહેલા પ્રકરણનો સારાંશ

વરનાક્યુલર મંડળીએ પૂછ્યું. જે ગુજરાતમાં ભૂતનો વહેમ શાથી પેદા થાય છે? તે પ્રશ્નનો મેં વિચાર કરી જોયો, ત્યારે એમ જણાય છે, કે આગળ લખ્યા પ્રમાણે લોકોમાં ગપોની વાતો સાંભળીને ભૂતની વાત મનમાં નકી કરી રાખી હોય છે, તેથી ભોળા માણસોને કોઇનો પડછાયો દેખીને, અથવા રાતે કોઈ માણસને કે જનાવરને દેખીને, અથવા કોઇ શબ્દ સાંભળીને, કે ભણકારો સાંભળીને, ભૂતનો વહેમ પેદા થાય છે.

તે આજના સમયમાં પણ કઠણ છાતીવાળાના શરીરમાં પેશીને ભૂત ધુણતૂં નથી; અને તે કઠણ છાતીવાળામાં પણ જુઠા ભૂતની વાત કેવળ જુઠી, એવું સમજનારાતો ગુજરાતમાં થોડાજ માણસો હશે.

એવી ભૂત બાબતોની ગપની વાતો ઘણા વર્ષથી આ દેશમાં ચાલી આવે છે. અને મેં સાંભળ્યું છે. કે વિલાયતમાં પણ એવી ભૂતની ગપની વાતો ઘણી ચાલતી હતી, પછી જ્યારે તેનો શોધ કરવા માંડ્યો. ત્યારે પ્રગટ જાણ્યામાં આવ્યું, કે તે વાતો કેવળ જુઠીજ છે. તેથી હમણાં તે દેશમાં ભૂતનો ભ્રમ ઘણું કરીને થતો નથી.

ગુજરાતમાં આજ દિવસ સુધી તે વાતનો શોધ કરવાનો ચાલ મુદલ નથી. તેથી એ ભયની વાતો મટતી નથી. હું જાણું છું, કે આ ગ્રંથ વાંચવાથી ભૂત આદિકનો શોધ કરવાની હુશિયારી ગુજરાતી લોકોમાં આવશે. એટલે તરત એ વાતનું જ્ઞાન થશે, અને જુઠા ભૂતનો ભ્રમ ઉત્પન્ન નહીં થાય.

હવે બીજા પ્રકરણમાં એવા ભૂતના શોધની સાચી વાતો લખીને પ્રગટ કરીશ.

**इतिश्री दलपतराम विरचितेभाषागद्यबंधेभूतादिक**
**भ्रमभंजनग्रंथेभूतादिकभ्रमात्पत्तिवर्णनंनामप्रथमप्रकरणम्. ? १**

*

# પ્રકરણ ૨જું.

## વાર્તા ૧૬ મી

## એક અવગતિયા બ્રાહ્મણની વાત

હવે આ બીજા પ્રકરણમાં એ ભુતનાં શોધની સાચી વિગત લખું છું. એક બ્રાહ્મણ મરીગયા પછી સાત મહીને તેની બાયડીના શરીરમાં આવીને ધુણવા લાગ્યો, તે બાયડી જાતે ઘણી ગરીબ છે, પણ ધુણતી વેળાયે એવો ધમધમાટ કરવા લાગી, કે તેના સામો ઉભો રહીને જવાબ દેવાની શક્તિ કોઇને રહે નહીં. તે સમે એ મરનારનો એક મિત્ર ત્યાં આવ્યો. એટલે તે ધુણનારીએ કહ્યું, કે આવ ભાઈ, એક દિવસ એકાંતે આપણે બંને જણા બેઠા હતા. ત્યારે મેં તને શું કહ્યું હતું ? તે વાત તું સંભારી જો. એટલે તેણે કહ્યું, કે હા; તે વાત મને સાંભરે છે.

એટલે તેનો પાડોશી વાણીયો ત્યાં આવ્યો. તેને એ ધૂણનારીએ કહ્યું, કે અલ્યા વાણીયા. મેં તને રૂપૈયા આપ્યા છે, તેં હજી કેમ મારી બાયડીને તે કહ્યા નથી !! એટલે વાણીએ કહ્યું, કે હા; તમારા રૂપૈયા સાડીપંચોતેર મારી પાસે છે; તે હું તમારી વહુને આપીશ.

પછી તો એ બાઇએ નિત્ય ધુણવા માંડ્યું. અને એવી વાતો કહેવાથી લોકોમાં અચરજ જેવું થયું, તેનો મેં વિચાર કરી જોયો, ત્યારે એવું જણાયું કે તે બ્રાહ્મણ પોતાના મિત્ર સાથે એકાંતે નિરંતર વાતો કરતો હતો. તેથી તે બાઇએ તો અનુમાનથી કહ્યું હશે, પણ પેલે ભોળે માણસે એમ જાણ્યું હશે, કે મારે મિત્રે મને એક દિવસ કહ્યું હતું, કે મારે દીકરો નથી, તેથી હું મરીશ તો મારી ગતિ નહીં થાય; કેમકે શાસ્ત્રમાં લખ્યું છે, કે જેને દીકરો ન હોય, તેની ગતિ નથી.

શ્લોક

**अपुत्रस्य गतिर्नास्ति स्वर्गे नैवच नैवच ॥**

તે વાત આ મને સંભારી આપે છે. અને એ વાણીએ પણ એમ જાણ્યું હશે, કે એ બાયડીના શરીરમાં આવીને બોલે છે, તે કહી દેશે. તેથી હું પહેલોજ કહું નહીં ? એમ જાણીને રૂપૈયા સાડીપંચોતર કહી દીધા હશે. અને તે વાણીઆ ઉપર સહુ લોકોને એવો ભ્રમ પણ હતો, તેથી એ બાઇએતો અનુમાનથી કહ્યું હશે. પણ સાચી વાત ઠરી.

પછી અમે બે ત્રણ જણા મળીને એક દિવસ ત્યાં ગયા. ત્યારે અમને પણ સઉ લોકોએ કહ્યું. કે 'તમારે પણ કાંઇ પૂછવાનું હોય તો પૂછો.' બરાબર દાખલો મેળવી આપશે. પછી ધુણનારીએ જેમ તેનો ધણી બોલાવતો હતો, તેમજ અમને બોલાવ્યા ત્યારે અમે કહ્યું, કે અમારે ને તમારે કાંઈ લેવડ દેવડના હિસાબમાં ભૂલ રહે છે, માટે ઘણું

સારૂં થયું, કે આજ તમે આવ્યા છો, તો તે ભૂલ કહાડો.

ત્યારે તે બાઇએ ધુણતાં ધુણતાં મોહોડેથી હિસાબ ગણી આપ્યો, ત્યારે અમે તે ધણીના હાથ અક્ષરનો ચોપડો તેના ઘરમાંથી કહાડીને તે બાઇની આગળ મુક્યો. અને કહ્યું, કે આ ચોપડામાંથી તમારૂં લખેલું નામું વાંચીને અમને સમજાવો.

તે સમે એ બાઇએ એમ બોલાયું કે હું ચોપડાના અક્ષર ભણી નથી. તે સાંભળીને સઉ લોકો હસવા લાગ્યા. પછી અમે અમારા મનમાં નિશ્ચે કરયો, કે આ ભૂતની વાત કેવળ જુઠી છે.

વળી જુઓ કે એ ભૂત એવા ભોળા માણસોમાં પેશીને બોલે છે. ત્યારે પશુના શરીરમાં પેશીને બોલતાં તેને શી મહેનત થાય છે ? જો પશુમાં પેશીને બોલે, તો તરત અમારા માનવામાં આવે.

અમે તે ધુણનારીને જે જે વાતો પુછી તેનો એકે ઉત્તર બરાબર થયો નહીં. અને બીજા માણસો પુછતાં હતાં, કે તમારા મામાનું નામ શું ? કાકાનું નામ શું ? તેના ઉત્તર તરત થતા હતા, પણ અમે પૂછ્યું કે ફલાણે દિવસે આપણે વાંચતા હતા, તે ગ્રંથનું નામ શું ? તેનો જવાબ ન થયો. ત્યારે અમે જાણ્યું કે બીજું તો સર્વે કહેવાય.

હવે એક કાશિએ જનાર ભૂત થયો હતો તેની વાત નીચે લખું છું.

*

## વાર્તા ૧૭ મી

# કાશિયે જનાર ભૂત થયો

એક બ્રાહ્મણ પોતાની બાયડી સાથે લડીને કાશિયે ગયો, અને છ મહિના પછી તેને ઘેર કાગળ આવ્યો, કે તે બ્રાહ્મણ રસ્તામાં ફલાણે ગામ મરી ગયો છે; તેની પાસે લુગડાં આદિક સામાન રૂ ૨૦) નો હતો. તે તેણે મુવા પેહેલું કહ્યું હતું, તે પ્રમાણે અમો ગામના લોકોએ ભેળા થઇને ખરચ્યો છે. અને તેના ગામનું, ભાઇનું, તથા બાયડીનું નામ મરવા સમે પૂછી લીધું હતું, તે ઉપરથી આ કાગળ ગામના લોકોએ મળીને લખ્યો છે.

એવો કાગળ વાંચીને તેને ભાઇએ મરણ ક્રિયા સર્વે કરી. અને તે બાયડીએ ચુડો ભાગવા આદિક કરયું. પછી એક મહિનો જતાં તે બાયડીને સપનામાં આવીને એના ધણીએ કહ્યું, કે હું ભૂત થઇને આવ્યો છું. અને તેં મારી ચાકરી કરી નથી. તે માટે હું તને પીડા કરીશ.

પછી તે બાયડી જાગીને તરત રોવા લાગી. અને સવારમાં તેને શરીરે ઘણો તાવ આવ્યો. પછી ધુણવા લાગી. તે કહેતી હતી, કે કોઇ સમે મારા ધણીને હું નજરે દેખું છું, પણ તે મરનારનો ભાઇ ભૂત આદિકની વાત કેવળ જુઠીજ જાણતો હતો. તેણે તે

વાત માની નહીં, અને કહ્યું, કે હું નજરે દેખું, અથવા મારા શરીરમાં આવીને ધુણે, તો માનું.

એમ આશરે સાત મહીના પછી એક સમયે બે ઘડી રાત જતા, તે બાઈ ઘરમાં બેઠી બેઠી રોતી હતી, તે વખતે તેના ઘરના બારણા વચે પ્રત્યક્ષ એ મરનાર બ્રાહ્મણ દેખાણો, તેને જોઇને એ બાઈ રોતીરહી ગઈ. પણ ઘણું બીહીવા લાગી.

તે સમે સામાં ઘરની મેડીની બારીએથી તે મરનારના ભાઇની બાયડીયે નજરે દિઠો. એટલે પોતાના ધણીને બોલાવીને કહ્યું, કે જુઓ આ તમારો ભાઇ ઉભા. પછી તે બ્રાહ્મણ પોતાના ભાઇને જોઇને મેડી ઉપરથી હેઠો આવ્યો, એટલામાં તે અલોપ થઈ ગયો.

પછી તે મરનારની બાયડીને પુછ્યું; કે એ ક્યાં ગયો ? ત્યારે તેણે કહ્યું કે મેંતો આંખ મીચીને ઉઘાડી, એટલી વારમાં ફરીથી દીઠો નહીં.

પછી બહાર નિસરીને પાડોશીને પુછ્યું, ત્યારે કોઇએ કહ્યું, કે મેં ઘરના પેસતો દીઠો, એટલે બીજા કોઇને સંભળાવા, ગયાથી ફરીથી દીઠો નહીં. એમ તપાસ કરતાં કાંઈ નકી થયું નહીં.

પછી તો તેના ભાઇનું છોકરૂં માંદું થાય તો તેની બાયડીને પણ એવો ભ્રમ આવે, કે એ મરી ગયો છે, તે અમને પણ પીડા કરે છે, અને ત્યાર પછી એ પડોશીને પણ એક સમે બકરાને રૂપે જોવામાં આવીને તરત અલોપ થઈ ગયો. તથા તેના ભાઇની બાયડીને બીલાડાને રૂપે દેખાયો, એવી વાતો ઘણી ચાલી; અને રાત વરત તે શેરીમાં કોઇ માણસ એ ભૂતના ભયથી નિસરી શકે નહીં.

અને એ મરનારની વધુ ધુણવા લાગે, ત્યારે પોતાના જેઠને કહે, કે તેં મને ભૂત થયા પછી દીઠો હોય તો સમ ખા. એટલે તેણે તો બિચારે કાંઈ બોલાયજ નહીં, અને ઘણો વિચાર કરે, પણ કાંઈ વાત વિચારમાં આવે નહીં.

પછી તેનું મન પણ ડગવા લાગ્યું; અને જાણ્યું કે રખેને ભૂતની વાતો સાચી હોય !!

પછી તે ભૂતનો મોક્ષ થવા સારૂ કેટલાક ઉપાય કરયા. વળી તેના કહ્યાથી સ્થાનક કરીને ઘરમાં બેસાર્યો; પણ એ બાઈ ધુણતી રહી નહીં.

એમ કરતાં બે વરસ પછી, તે કાશીએ જનાર જીવતો આવીને, તે ગામને પાદર વાડીમાં એક ગોસાંઈ રહેતો હતો, ત્યાં ઉતરયો. અને ગોસાંઈ પાસે સર્વે વાત કરી, કે મેં મારે ઘેર એવો કાગળ લખાવીને મોકલ્યો હતો.

અને એક સમે બે ઘડી રાત જતાં છાનોમાનો હું જોવા આવ્યો હતો, પણ જાણ્યું કે હમણાં એ રાંડને સારી પેઠે રોવા દઊ, પછી આવીશ. એમ જાણીને સેતુબંધ રામેશ્વરની

જાતરા કરી આવ્યો.

પછી ગોસાંઈએ તેના ભાઇને ખબર કરી, એટલે તે આવીને તેને ઘેર તેડી ગયો. ને એ પૂર્વજનું સ્થાનક કહાડી નાખ્યું. ને ધુણનારીની મશ્કરી થઈ, અને લોકોમાં મોટી અચરજ જેવી વાત થઈ.

પછી તે વાતનો વિચાર કરતાં કેટલાક એમ બોલ્યા, કે ભૂત, પ્રેત, અને પિશાચ, વગેરે આકાશમાં સદા ફરતા રહે છે; તે માણસોમાં પેશીને એવી જુઠી વાતો બોલે છે.

ઉપર લખેલા બ્રાહ્મણના બે દીકરા હાલ જીવે છે. તેઓનાં નામ પ્રગટ લખવાથી તેઓને દુઃખ લાગે, તે સારૂ લખ્યાં નથી.

હવે આ ગ્રંથ કરનાર કહે છે, કે ભાઇરે, એ વાત વિચારી જુઓ, કે જો તે બ્રાહ્મણ પાછો આવ્યો ના હોત, તો સમજુ માણસોને પણ ભૂતનો ભ્રમ રહેત. તે માટે આવી વાત નજરે દેખીને પણ ભૂતનો ભ્રમ કોઇ રાખશો નહીં.

હવે બે બીલાડારૂપી ભૂતની વાત લખું છું.

*

## વાર્તા ૧૮ મી
# બે બીલાડારૂપી ભૂતની વાત

કોઇ માણસ એવા ભૂતની વાતો માનતો ન હોય, તે સાથે મારે ઘણી સુવાણ થાય છે, અને ભૂતની શોધની વાતો તેણે સાંભળી હોય, તે મને કહે છે. અને મેં સાંભળી હોય, તે વાતો તેને કહું છું, તેથી મેં એવા એક માણસ પાસેથી આ નીચે લખેલી વાત સાંભળી છે કે –

કોઇ રજપુત બે ભાઇઓ સામસામા હથિયારથી લડીને, એક ઘરમાં મરણ પામ્યા હતા. તે ઘરમાં એક કણબી ભાડુઆત રહેતો હતો. તથા તે ઘરવાળાનાં ગોદડાંની એક થડી, તથા જુનાં લુગડાંની ગાંઠડી એક કોરે ખુણામાં પડી રહેતી હતી.

તે ઘરમાં એક સમે રાતમાં મોટા બીલાડા બે લડવા લાગ્યા. તેથી તે કણબી ભય પામીને બહાર નીકળ્યો. અને સહુ પાડોશીઓને બોલાવ્યા.

પછી પાડોશીના ઘરમાંથી દીવો લાવીને, પાંચ સાત જણા ભેળા થઇને, ઘરમાં જોવા સારૂ પેઠા. ત્યાં તે બીલાડા અલોપ થઇ ગયા ? તેનો ઘણો તપાસ કર્યો, પણ કોઇના જોવામાં આવ્યા નહી.

પછી તે કણબી રાત્રિએ પડોશીને ઘેર સુતો, અને બીજે દહાડે બીજુ ઘર ભાડે લઇને રહ્યો. અને ભૂતવાળા ઘરમાંથી પોતાનો સામાન લાવવા સારૂ પાંચ માણસ ભેળાં લઇને ગયો.

પછી તે ઘરને વારના વારસદારે તાળું વાશું. તે ઘરમાં ચોથે દહાડે અથવા પાંચમે દહાડે નિરંતર તે બીલાડાની લડાઈ થતી હતી.

અને કોઇ માણસ ભૂતની વાત માનતો ન હોય તો, તેને તે ગામના લોકો એમ કહેકે, તમારે ભૂત જોવું હોય, તો ફલાણા રજપુતના ઘરમાં ધોળે દહાડે ભૂત લડાઈ કરે છે; તે જઇને જુઓ ?

પછી કોઇ જોવા જાય, અને કદાશને બિલાડાની લડાઈ થતી હોય, તો તે ઘર ઉઘાડીને તપાસ કરે, તો કાંઈ બરાબર જાણવામાં આવે નહિ. એમ તે બીલાડા અલોપ થઇ જાય. તે બિલાડાને જવાનો રસ્તો ક્યાંઇએ જોવામાં આવે નહિ, તેથી સમજુ માણસોને પણ અચરત જેવી વાત થઇ પડે.

પછી તો પાડોશીના ઘરમાંથી પણ રોટલા ખાઈ જાય. તથા કોઇ કહેશે કે એક પુરૂષ હાથમાં તરવાર સહિત, આ તાળું વાસેલા ઘરમાં પેસતાં આજ રાત વેળાએ મેં દીઠો. એવી એવી વાતો તે ઉપરથી ઘણી ચાલી.

પછી તે ગામમાં એક બ્રાહ્મણને ઘેર વિવા હતો, તે જાનને ઉતારો આપવાની જગ્યા બીજી મળી નહિ, એટલે એમ ઠરાવ્યું, કે આ ભૂત વાળા ઘરમાં જાન વાળાનો સામાન કાંઈ પડ્યો રહેશે, અને રાત્રિએ સુવા બેસવાનું પાડોશીને ઘેર થશે.

પછી આ વાત મને કેહેનાર બ્રાહ્મણ જાનમાં હતો, તેણે એવી ભૂતની વાત સાંભળીને તેનો શોધ કરવા સારૂ કહ્યું, કે મારે તો એજ ઘરમાં રાત્રિએ સુવું છે.

ત્યારે બીજાં માણસોએ કહ્યું, કે ભાઈ, એવી ઉન્મત્તાઈ રાખીએ નહિ. એમાંથી જીવનું જોખમ ઉપજે; ફલાણે ઠેકાણે એક માણસ ભૂતનો શોધ કરવા ગયો હતો. તેમાંથી ભૂતનો વળગાડ થવાથી તે મરી ગયો. એવી ઘણીક વાતો કહીને, તથા ઘણો ઠપકો દઈને ત્યાં સુવા દીધો નહિ. અને કહ્યું કે તમે ભૂતની વાત માનતા ન હો, તો જો જો, કોઇ સમે ભૂત એ ઘરમાં લડાઈ કરશે, તે સાંભળજો.

પછી એક સમે એ બિલાડાને તે ઘરમાં લડતાં સાંભળ્યા. ત્યારે ઘર ઉઘાડીને જોયું તે સમે એ બિલાડાને જવાનો રસ્તો ક્યાંય જોવામાં આવ્યો નહિ. પછી તે ઘરની કુંચી પેલે બ્રાહ્મણે પાસે રાખી, ને રાત્રિએ દીવો લઇને છાનોમાનો તે ઘરમાં જઈને સુતો.

વળી એક સમે બિલાડા લડતા સાંભળી, જાગીને બેઠો થયો, ત્યાં બિલાડા નાઠા, તે જુનાં લુગડાંની ગાંશડી પડી હતી, તેની હેઠે પેશી ગયા. પછી તે ગાંઠડી ઉપાડીને જોયું, ત્યાં કોળની પાડેલી સળંગ, ભીંત સોંસરી જોવામાં આવી. પછી સવારમાં તે વાત સહુને કહી. અને તે સળંગ પુરી લીધી.

એમાંનો એક બિલાડો પાડોશીને ઘેર આવ્યો, તે પેલે બ્રાહ્મણે દેખાડ્યો. કે એકતો આ બિલાડો હતો. પછી તે જાન રહી ત્યાં સુધી એટલે બાર દહાડા સુધી તે બ્રાહ્મણ

એજ ઘરમાં સુતો, પણ બિલાડાની લડાઈ થઇ નહિ. તથા ભૂત પણ જોવામાં આવ્યું નહિ.

એવા ભૂતનો શોધ કરવાની હિંમત ગુજરાતી માણસોમાં થોડી હોય છે. ગુજરાતીની હિંમતનું એક દષ્ટાંત મેં સાંભળ્યું છે. તે આ નીચે લખું છું.

*

## વાર્તા ૧૯ મી
## ગુજરાતીની હિંમતનું દ્રષ્ટાંત

એક શિપાઈ કોઈ ગામ જતો હતો, તે ચાર ગાઉનારણમાં જતાં ઘણો તરશો થયો. પછી અરધે પંથ જાતાં, રસ્તાથી ખેતરવા પડખે, વાવ્ય જોઇને, પાણી સારૂ ઘણો પ્રસન્ન થઇને ત્યાં ગયો. તે વાવ્યમાં એક દેડકો ડરાં, ડરાં, એવો શબ્દ કરતો હતો, તે સાંભળીને મિયાંતો વાવ્ય બહાર ઉભા રહીને બોલ્યા, કે અબે સાલે ડરાં, ડરાં, ક્યા કરતે હો ? ડરે ઓતો દૂસરા, હમ ડરનેવાળા નહિ. હમકું તું પીછાનતા હે ? હમેરા નામ સમશેરખાં. હમ સરકારકી હજુરકી નોકરી કરને વાલા. હમેરા બાવા બડી લડાઈમે મર ગયા હે. ઉસકા બેટા હમ હે.

જો જળ ભરના હોય તો, વાં નજદીક આયકે ભરે લેઉ, લેકિન જા તેરેકું છોડ દેતા હું. એમ કહીને મિયાં તો ચાલ્યા ગયા તે બે ગાઉ ઉપર જઇને પાણી પીધું.

એવો હિંમત વાળાં માણસો ગુજરાતમાં ઘણાં છે. પણ તેને ભૂતનો ભ્રમ ઉત્પન્ન થવો કાંઈ મુશ્કેલ નથી, અને હુંતો એમજ વિચાર કરૂં છું કે એવી ભૂતની વાતો માનવી એજ મોટી અચરજ જેવી વાત છે. એવા જુઠા ભ્રમનો સાચો વિશ્વાસ કેમ આવતો હશે ? એ માણસ એના મનમાં શું સમજતા હશે ? વળી એવી વાતો માનવામાં તેઓને લાભ શો થતો હશે ? અને એટલી તો વાત છે ખરી, કે એ ભૂત કહાડનારા લોકોની આ જીવિકાતો એમાંથી ચાલે છે ખરી; તેથી તે લોકોને લાભ છે. પણ બીજા લોકોને તો તે ભ્રમમાંથી મોટું દુઃખ થાય છે, અને એમાંથી માણસોના જીવનું જોખમ થાય છે. તે માટે જે સમજુ માણસ, પરોપકારી હોય, તેણે એવો ભ્રમ મટાડવાનો ઉપાય કરવોઃ તે એક મોટી પુન્યની વાત છે. અમે જેમ કોઈ જાનવર પોતાની છાયા દેખી, ભડકીને નાસે; તે નાસતાં નાસતાં ખાડામાં પડી જાય, તેમ પશુ જેવાં જે બિચારાં ભોળાં માણસો છે તેઓ ભૂતના ભ્રમથી ભડકીને મરી જાય છે.

હવે તાપી વાવ્યની ભૂતની એક મોટી વાત મેં સાંભળી છે, તે આ નીચે લખું છું.

*

# વાર્તા ૨૦ મી
# તાપી વાવ્યની ભૂતાવળ

એક [1]શહેરમાં, ઉજડ જગ્યામાં, એક તાપી નામે વાવ્ય છે. તેમાં ભૂતાવળ રહે છે. એવી વાતો પરંપરાથી ચાલે છે. તેમાં આશરે આઠ વર્ષ ઉપર ભૂતાવળનું જોર ભારે વધ્યું હતું તે એવું કે તે વાવ્યમાં જતી આવતી ચુડેલ ઘણા લોકોના જોવામાં આવી. અને રાત્રિએ કોઇ માણસ વાવ્ય પાસે નીસરી શકે નહિ, અને જરૂરનું કામ હોય ત્યારે કોઇ માણસ ત્યાં નીસરે, તો કોઇ સમે ચુડલે સામી મળે, તેના મહોડામાંથી અગ્નિ ઝરતો દેખીને, તે માણસ પાછુ ભાગે.

એ ચૂડેલનો વળગાડ ઘણા લોકોને થયો; તેથી આશરે ચાર પાંચ માણસો મરી ગયાં, અને કેટલાંએક માણસોનો ઉતાર એ વાવ્યમાં મુકાવ્યો. અને જે કોઇ ભૂતની વાત માનતો ન હોય, તેને પ્રત્યક્ષ ભૂત એ વાવ્યમાં જોવામાં આવે.

તે શેહેરમાં એક બ્રાહ્મણ જોશી શંભુદત કવિરાજ હતો, તે ત્યાંના રાજાનો માનેલો હતો, તે ભૂતની વાત કોઇ દિવસ માનતો નહિ. તેણે પણ રાત્રિમાં એક સમે એ વાવ્યમાં ચૂડેલ જતી દિઠી, તેના મોહોમાંથી અગ્નિ ઝરતો દેખિને, બ્રાહ્મણે વિચાર કર્યો, કે મારી દૃષ્ટિને કોઇ દહાડે જુઠો ભ્રમ ઉપજતો નથી. અને ભૂતની વાતની પણ કોઇ દિવસ સાચી હું જાણતો નથી; અને આ ચૂડેલ મારા જોવામાં આવી; એ તે શું હશે ? તે માટે એ વાતનો શોધ બરાબર હવે કરવો.

એમ વિચારીને, તે વાત તેણે રાજાને સંભળાવી. અને રાજાના પાંચ શિપાઈઓ ભેળા લઈને, એમ સમે રાત્રિમાં ત્યાં ગયો, પછી ચૂડેલને વાવ્યમાં જતી દીઠી. તેની પછવાડે દોડીને વાવ્યમાં પેઠો. ત્યાં ચૂડેલ તેઓએ બીવરાવવા સારૂ તાળીઓ પાડી, હુંકાર શબ્દ કરયો, પથરા ફેંક્યા, તથા મોહોડામાંથી અગ્નિ દેખાડ્યો તોપણ આડી ઢાલો રાખીને તેઓ વાવ્યમાં ગયા.

તે વાવ્યમાં બીજો રસ્તો છે, ત્યાં ઘણું અંધારું તથા કચરો હતો, તેમાં ચૂડેલ નાસવા ગઈ. ત્યારે એ શીપાઈઓ સહિત બ્રાહ્મણે જઈને ચોટલો ઝાલીને બહાર કહાડી, અને મારવા માંડી. એટલે બોલી, કે હું ભૂત નથી. તથા પ્રેત નથી. હુંતો માણસ છું, અને મને મારશો તો હું મરી જઈશ. હું ફલાણા બ્રાહ્મણની બાયડી છું. ને બીજો ફલાણો માણસ મને ભોળવીને અહીં લાવે છે. તે રસ્તે આવતાં તથા અહીંથી જતાં કોઇ મને દેખે, તો તેને બીવરાવવા સારૂ રાળ તથા ગંધક, કાગળની ભુંગળીમાં રાખીને તે ભુંગળી સળગાવીને પાસે રાખું છું; તે ફુકીને અગ્નિ દેખાડું છું.

અને જે પુરૂષ સારૂં હું આવી છું, તે હજી અહીં આવ્યો નથી. અને તમે મારી

૧. જોધપુરમાં

આબરૂ લેશો, તો હું આપઘાત કરીને મરીશ, તેનુ તમને પાપ લાગશે; મારે મારી ફજેતી કરવી નહિ. હવે કોઇ દિવસ અહીં આવું. તો તમે મારૂં નાક, કાન, કાપજો. એવાં ગરીબપણાનાં વચન સાંભળી, દયા લાવીને છોડી મુકી. તે દિવસથી એ વાવ્યમાં ભૂતાવળનો ભ્રમ લોકોને મટ્યો, અને એ વાત જાહેર થઈ.

વળી એવી વાતો મેં ઘણી સાંભળી છે, તથા જોઈ છે. કે કોઇ વ્યભિચારિણીને, જાર પુરૂષ સાથે પ્રીતિ બંધાણી હોય, તેથી સાસરામાં રહેવું ગમે નહીં, પછી બીજો કાંઈ ઉપાય સુજે નહિ. ત્યારે ધુણવા લાગે, અને કહેશે, કે અહીં મે આ ભૂત નડે છે, તેથી મેં રહેવાતું નથી. એવા મિશે પીયરમાં રહેવું.

અને કેટલાએક ભોળા માણસોને સાચા દીલથી ભૂતનો ભ્રમ પણ ઉપજે છે. જેમકે કાચિંડો પેટમાં પેઠાનો ભ્રમ, એક ભોળા માણસનો ઉપજ્યો હતો તેમ.

*

## વાર્તા ૨૧ મી

## કાચિંડો પેટમાં પેઠાનો ભ્રમ

એક ભોળો માણસ ઝાડે ફરવા ગયો. તે ઉતાવળો ઉતાવળો તરત જઇને બેઠો; તે સમે કાચિંડો તેના સામો દોડ્યો આવ્યો. તે માણસના બે પગ વચે તેનું દર હશે તેમાં તે પેઠો, તે ઉપર માણસ જાણ્યા વિના ઝાડે ફર્યો. તે કાંચિડો સામો આવતાં તે માણસ દીઠો, પણ પછી ક્યાં ગયો, તે દીઠો નહિ, અને તે માણસનેં હરસના રોગ જેવું પણ હતું, તેથી તે ભોળા માણસને એવો ભ્રમ થયો, કે તે કાચિંડો મારા પેટમાં પેશી ગયો.

પછી તે ભ્રમથી ઘણા ઘણા વૈદને પૂછીને ઔષધ ખાવા લાગ્યો. અને કેટલાએક માણસોએ તે વાત માની નહિ; પણ તે ભોળા માણસને એવું નકી મનમાં થયું. કે કાચિંડો મારા બે પગ વચે આવતાં મેં દીઠો, અને એટલામાં તે સંતાય એવું ઠેકાણું પણ હતું નહીં. વળી તે સમે મારા પેટમાં તરત દુઃખવા પણ આવ્યું હતું, અને મેં ચોકકસ કરીને એટલામાં જોયું હતું, તેથી તે વાત જરૂર છે, કે કાચિંડો મારા પેટમાં ગયો છે. પણ એવું દરદ જે માણસને કોઇ દહાડે થયું ના હોય તથા સાંભળ્યું ના હોય, તે શી રીતે માને ?

પછી ઘણે માણસે જુઠો પાડ્યો, એટલે તે વાત કહેવી પડી મુકી. પણ મનમાં એવો ભમર રહ્યાથી એનું શરીર સુકાવા લાગ્યું, અને સદા માંદો રહે, પછી તેને કોઇ ડાહ્યો વૈદ મળ્યો, તેણે એકાંત ઠેકાણે તે ભોળા માણસને રોગનું કારણ પૂછ્યું. કે તને શાથી આ રોગ થયો છે ? ત્યારે તેણે કહ્યું કે મને તો કાંઈ ખબર પડતી નથી. પણ

હું તમને એટલું પૂછું છું કે કાચિંડો પેટમાં પેસે ખરો ? ત્યારે વૈદે કહ્યું કે હા, પેશે ખરો.

પછી તે ભોળે માણસે કહ્યું, કે મેં કેટલાએક વૈદોને તથા બીજા કોઇ માણસોને એ વાત સંભળાવી ત્યારે તેમણે મને મૂર્ખ ઠરાવ્યો. એટલે હવે તે વાત હું કોઇને કહેતો નથી. પણ એક દિવસ મારે આવી રીતે વાત બની હતી. એમ કહીને સર્વે વાત તે વૈદને કહી સંભળાવી.

ત્યારે વૈદે જાણ્યું કે આ માણસને આવો ભ્રમ મનમાં પેઠો છે, તે જ્યારે મટશે, ત્યારે એને શરીરે સુખ થશે. પછી વૈદે તેનું ઓષડ કરયું. તે દશ પંદર દહાડા સુધી તો અન્ન પચાવની ગોળિયો ખવરાવી, તે ઉપર સાકરનું ચુરમું ખવરાવ્યું. પછી નેપાળનો ભારે રેચ આપ્યો, તે દહાડે કોઇ નીચ જાતના માણસ પાસે ક્યાંઇથી મુએલો કાચિંડો મંગાવીને, તેને ઝાડે જવાને ઠેકાણે મુકાવ્યો. તે ઉપર રાખ નંખાવી. પછી તે રેચ લઇને બે વાર, ત્રણ વાર, ઝાડે ગયો, એટલે તેના પેટમાંથી પાણી છૂટ્યાથી પેલો કાચિંડો દેખાણો, એટલે તે ભોળે માણસે ઉતાવળો ઉતાવળો આવીને વૈદને તથા બીજા માણસો જે તે વાત માનતા નહિ, તેઓને કહ્યું. કે તમે મારી વાત માનતા નહિ, પણ જુઓ મારા પેટમાંથી કાચિંડો નીકળ્યો.

પછી વૈદને સારીપેઠે સિરપાવ આપ્યો. અને તે ભોળા માણસનો ભ્રમ મટવાથી તેને શરીરે સારીપેઠે સુખ થયું. એજ રીતે ગુજરાતમાં ભોળા માણસોને ભૂતનો ભ્રમ ઉપજે છે. તે પછી એવી રીતનો બરાબર ભ્રમ મટાડનાર કોઇ મળેછે, ત્યારે તે ભ્રમ મટે છે. પણ તેવા માણસોને સારી સમજણ આપીએ, તેથી તે ભ્રમ મટે નહિ. અને કદાપિને મોહોરેથી કહેશે, કે હાય, ત્યારે ભૂતનો ભ્રમ જુઠો હશે, પણ તે ભોળા માણસના મનમાંથી ભ્રમ મટે નહિ.

અને પક્કા ભૂત કહાડનાર મળે ત્યારે ભૂતને કાચના શીસામાં ઊતારીને દરીયામાં નાંખી આવે છે. અથવા વગડામાં લઇ જઇને પૃથ્વીમાં માથોડું એક ઊંડો તે શીસો ડાટે છે, અથવા લીંબુમાં ભૂતને ઊતારીને એજ રીતે કહે છે. તેના શોધની સાચી વાત નીચે લખું છું.

*

## વાર્તા ૨૨ મી
## લીંબુમાં ભૂત ઉતાર્યાની વાત

આશરે ત્રીશ વર્ષ ઉપર એક ભાટ કોઇ ગામના દરબાર પાસે રૂપૈયા માગતો હશે, તે દરબાર આપતો નહોતો, તેથી તે ભાટ પોતાની જ્ઞાતિનાં ચાળીશ માણસો લઇને ધરણું કરીને ગયો તે ગામને દરવાજે આવતાં દરબારને જાણ થયાથી દરવાજા બંધ

કરાવ્યા. ત્યારે ભાટનાં માણસોએ ગામ બહાર પડાવ કરયો.

તે સર્વેએ ત્રણ લાંઘણો કરી. પછી ચોથે દહાડે ત્રાગાં કરયાં. તેમાં કેટલા એક પુરૂષોએ પોતાના હાથ કાપ્યા, અને એક ડોહીનું માથું કાપીને દરવાજે તોરણ બાંધ્યું અને કેટલીએક બાયડીયોએ પોતાનાં સ્તન કાપ્યાં, એક ડોસાને ગળે ઘાલ્યો. એક છોકરીને ગઢ સાથે પછાડી, અને એ ભાટ પંડે તેલમાં બોળેલો ડગલો પહેરીને બળી મુઓ.

તે બળતી વેળાએ એમ બોલ્યો, કે હું તો મરૂં છું, પણ એ દરબારની મેડીમાં માથાવનો ખવીસ થઈને રહીશ. અને એ ઠાકોરનો જીવ લઈશ, તથા તેનો વંશ પણ રહેવા નહિ દઉં. એમ કહીને મરણ પામ્યો.

પછી તેના બીજાં માણસો પાછાં ઘેર ગયાં, અને ત્રીજે દહાડે એ દરબારની મેડીને દાદરેથી રાણીને ભૂતે નાંખી દીધી, તેને શરીરે ઘણું વાગ્યું. વળી બીજાં પણ કેટલાંએક માણસોને તે મેડીમાં માથાવનો ખવીસ જોવામાં આવ્યો. પછી તે ઠાકોરના શરીરમાં આવીને ધુંણવા લાગ્યો, અને રાત્રિમાં તે મેડી ઉપર પથરા નાંખે, તથા એક છોકરીને વળગીને તેનો જીવ લીધો. એવી ઘણીક રંજાડ તે ભૂતે કરી. અને તે મેડીમાં ધોળે દહાડે પણ કોઈ માણસ જઈ શકે નહિ.

પછી તે ભૂતને કહાડવા સારૂ કોઈ જોગી, જતી, ફકીર, અને બ્રાહ્મણ આદિકને દેશ પરદેશથી તેડાવ્યા, પણ જે કોઈ તે ભૂતને કહાડવા આવીને ઠાકોરને ધુંણાવા બેસે, તેને જ તે ભૂત, ઠાકોરના શરીરમાં આવીને મારવા લાગે. અને એવા હાકોટા કરે, કે તે કહાડનારની હિમત રહે નહિ, વળી પોતાના હાથનાં પણ બચકાં ભરે.

એવી રીતે પાંચ વર્ષ થયાં, અને એ ભમથી કેટલાંએક માણસો મરી ગયાં. પણ કોઇનો ઉપાય ચાલ્યો નહિ.

પછી કોઈ પરદેશી જતી તે દેશમાં આવ્યો હતો. તેને ગાડી મોકલીને રૂડી રીતથી તેડાવ્યો, તે જતી સાથે સાતઆઠ માણસો હતાં, અને જાદુવિદ્યા જાણવામાં તે મોટો આબરૂ વાળો ગણાતો હતો, તે એ ગામમાં આવ્યો.

પછી તેણે કેટલી એક જણશો મંગાવીને, તે મેડીમાં બેશીને, પ્રયોગ કરયો. પ્રથમ તે મેડીને મંત્રના સૂત્રનો આંટો દીધો; તથા દૂધ, ને પાણી મંત્રીને ફરતા ધારાવાહી દીધી. લોઢાના ખીલા મંત્રીને, તે મેડીમાં ચાર ખૂણે ચાર, તથા બારણે બે મારયા, પછી તે મેડી લીપાવીને માંહી કોઈ સ્થાપન કરયું, તરવાર ઉઘાડી મૂકી, ઘીના તથા તેલના દીવા કરયા, પછી મંત્ર સાધવા બેઠો.

એકતાળીશ દિવસનો પ્રયોગ કરયો. કેટલાએક પ્રકારનો ઉતાર મુકાવ્યો, તથા કેટલાએક પ્રકારનાં બળિદાન લઇને, રોજ સ્મશાંનમાં જતો હતો અને પોતે ઠાકોર તો બીજી જગ્યામાં રહ્યો રહ્યો ધૂણે, અને બોલે, કે અલ્યા મૂંડા, તું મને કાઢવા આવ્યો

છું. પણ હું જનાર નથી. અને એમાંથી તારા જીવનું પણ જોખમ થશે. એમ બોલતો હતો.

અને એ મેડીની બારીઓ વાશીને, તથા જાળીયાં પુરીને, પ્રયોગ કરવા તે જતી બેઠો હતો, પણ લોકો એમ કહે છે, કે એ મેડી ઉપર તે સમે પણ પથરા પડતા હતા; અને બારીઓના કમાડમાં તથા જાળીયામાં પથરા વાગતા હતા.

પછી પ્રયોગ પૂરો થયેથી એ જતીનાં માણસો ઠાકોરને મેડી ઉપર સ્થાપન પાસે તેડી લાવ્યા. અને ત્યાંથી બોલ્યું સંભળાય એટલામાં તે દરબારના કોઈ માણસને રહેવા દીધું નહિ.

પછી દાણા છાંટીને, તથા થાળી વગાડીને, ધુંણાવ્યો, તેણે ધુંણતાં કાંઈ મસ્તાઈ કરવા માંડી, તે સમે તે જતી, તથા જતીનાં માણસો મળીને એ ઠાકોરને મારવામાં કાંઈ કસર રાખી નહિ.

એવી રીતે એનું શરીર નિર્બળ કરીને, પછી તે દરબારનાં બીજાં માણસોને પણ પાસે બોલાવ્યાં. (પ્રથમતો તે માણસોને એવું સમજાવ્યું હતું, કે અહિંથી બોલ્યું સંભળાય એટલામાં જે કોઈ રહેશે. તેના શરીરમાં તે ભૂત પેસશે) ત્યાં હવન કરીને એક લીંબું આગળ મુકીને, ભૂતને કહ્યું; કે તું આમાં પેશ, પછી ધૂણનાર બોલ્યો કે તું તો શું ? પણ તારો પીર આવે તો પણ હું આ શરીરમાંથી નીસરનાર નથી.

એમ કેટલીએક મેહેનત કરતાં સવારથી તે બપોર વેળા થઈ. પછી તે મેહેડીથી નીચે ઉતરીને ચોકમાં માંડલું કર્યું. ને કેટલાએક પ્રકારના ધૂપ મંગાવ્યા. મંત્રીને પાણી છાંટ્યું. એમ કરીને ભૂતને પેલા લીંબુમાં ઉતાર્યું. જે સમે લીંબું ઠેકવા લાગ્યું. તે સમે જોનારા સઉ માણસો તે જતીનાં વખાણ કરવા લાગ્યા; અને એવો સોર બકોર કરવા લાગ્યા, કે લીંબુમાં ભૂત ઊતર્યું; ઊતર્યું.

પછી તે લીંબુ ઠેકતું જોઈને, ધૂણનાર આશ્ચર્ય પામીને ધૂણતો રહી ગયો, અને મનમાં જરૂર સમજ્યો, કે મારા શરીરમાંથી ભૂત આ લીંબુમાં પેઠું.

પછી પેલા જતીએ તે ગામના સઉ લોકો દેખતાં, ગામને ઊગમણે દરવાજે કાઢ્યું; તે લીંબુ ઠેકતાં ઠેકતાં આડું અવળું ચાલે, તો જતી સોટી અટકાડે એટલે પાંસરે [1]રસ્તે ચાલે. અને ભેગા ડાકલાના વગાડનારા લીધા. તથા તરઘાઇયા, ઢોલ આગળ વાગતા હતા. અને કેટલાએક માણસોના હાથમાં ઊઘાડી તરવારો ઝલાવી હતી. અને ઠાકોરને પણ સાથે લીધા હતા. અને તે મેડીમાં તથા રસ્તામાં લીંબુ ચાલે, તે પછવાડે રાઇના દાણા, સરસવ તથા મીઠું વેરાવ્યું.

એ રીતે તે લીંબુ ગામને શીમાડે લઈ જઇને, ત્યાં સાત હાથ ઊંડી પ્રથ્વી ખોદાવીને

---

૧. હું જાણું છું કે ચકલે ચકલે લીંબું ઠેકાવી દેખાડ્યું હશે, અને પછી લીંબુ હાથમાં લીધું હશે.

તેમાં ઊતાર્યું,-પછી તે ખાડામાં રાઈ મણ. ૧। સરસવ મણ. ૧। તથા મીઠું મણ ૭ નંખાવ્યું, તે ઊપર ધૂણ તથા પથ્થર નંખાવીને, તે પથ્થરની સાંધોમાં કેટલુંએક શીસું ગળાવીને રેડાવ્યું; તે ખાડાને ચાર દિશાએ સવા સવા ગજ લાંબા ખીલા મંત્રીને ચોડ્યા.

જે સમે તે લીંબું સીમાડે પોહોંચાડ્યું હતું, તે સમે તે ગામના લોકોનો અભિપ્રાય એવો હતો, કે આપણા ગામના સીમાડાથી બાહેર એ ભૂતને ડાટેતો ઠીક, પણ તે વાત સાંભળીને બીજા ગામના લોકો ઘણાક ત્યાં જોવા સારૂ આવ્યા હતા; તેમણે કહ્યું, કે તમારા ગામનો શીમાડો છોડીને, અમારી હદમાં એ ભૂત ને ટાડશો, તો અમારે ને તમારે મોટો ટંટો થશે.

પછી તે જતીયે ભ્રમવાળા લોકોને કહ્યું, કે કશી ચિંતા રાખશો નહિ. એ ભૂતને સાત હાથ ઊંડું પૃથ્વીમાં ડાટીશું; અને તેમાં મીઠું નાંખીશું. તેથી એનું શરીર ખવાઈને થોડા દિવસમાં મરી જશે; અને ઉપર શીસું રેડીશું, તેથી તે ભૂત નીસરી સકશે નહિ.

પછી તે ઠાકોરની હદમાં ડાટીને ગામમાં આવ્યા. ને સર્વે લોકોને ભૂતનો ભ્રમ મટ્યો. અને જતીને ઠાકોરે ઘણો સિરપાવ આપ્યો. અને લોકોએ નિશ્ચે કર્યું, કે આવા ભૂત કહાડનારા સમર્થ હિન્દુસ્તાનમાં થોડે જ હશે, પણ તેનું કારણ કોઈને સમજાયું નહિ.

હવે તેનું કારણ મારા જાણવામાં આવ્યું છે, તે લખું છું, કે પ્રથમ મારી પાસે ભૂત કહાડવાને મંત્ર તથા જંત્ર ઘણા એક હતા. પણ લીંબુમાં ભૂત ઊતારવાનો મંત્ર નહોતો, તે શીખવા સારૂ કોઈ મંત્ર જંત્રનો જાણનાર દેશી તથા પરદેશી મળે, તો તેની ઘણી ચાકરી હું કરતો હતો, તથા કાંઈ ખરાજાત પણ તે સારૂં હું કરતો હતો; પણ તે ધણી પાસે મંત્ર માગીએ, ત્યારે કહે કે મને એ મંત્ર શીખવનારે સોગન દીધા છે, કે આ મંત્ર બીજા કોઇને શીખવવો નહિ. (અને સર્વે જાદુગર એજ રીતે બોલે છે.)

પછી એક બ્રાહ્મણ મોટો જાદુગર મળ્યો, તે સાથે ઘણી મિત્રાઈ થઈ, ત્યારે તેણે કહ્યું કે લીંબુમાં પારો ભરીને તાપે મેલીએ એટલે તાપ લાગ્યાથી લીંબુ ઠેકવા લાગે છે. બીજું કાંઈ કારણ નથી. પછી તે વાત અમે કરી જોઈ નથી. પણ એમ નહિ હોય તો એજ રીતે કાંઈ બીજી ચીજ લીંબુમાં નાંખ્યાથી ઠેકતું હશે. એ વાત જરૂર ખરી છે.

અને એ જતીયે એટલા ઉપરાંત જે આડંબર કર્યો, તે સર્વે ભોળા લોકોનો ભ્રમ મટાડવા સારૂ કર્યો, અને જે રીતે પેટમાંથી કાચિંડો પેઠાનો ભ્રમ વૈદે મટાડ્યો, તેજ રીતે ભૂતનો ભ્રમ મટે છે, અને ભ્રમની ઉત્પત્તિ પણ એજ રીતે થાય છે. બીજું કાંઈ કારણ નથી.

અને જે ઠેકાણે ભૂતનો વાસો માન્યો હોય. તે ઠેકાણે પગ લથડેથી પડી જાય, તો જરૂર એવો ભ્રમ આવે; કે મને કોઇકે ધકો માર્યો, તેથી હુંપડી ગયો. પછી તેમાંથી

ભૂતનો વલગાડનો ભ્રમ ઉપજે છે. અને જે રીતે લીંબુમાં ભૂતને ઉતાર્યું, એ જ રીતે કાચના શીસામાં ભૂતને ઊતારે છે; તે ઉતારતી વેળાયે શીસામાં મોટો શબ્દ થાય છે. તેથી ધૂણનાર માણસ વિસ્મય થઈને ધુણતો રહી જાય છે. અને મનમાં જરૂર સમજે છે કે મારા શરીરમાંથી ભૂત આ શીસામાં પેઠું. પછી તેને ભૂતનો ભ્રમ મટે છે. અને એ શીસો ગામે શીમાડે લીંબુની રીતેજ દાટે છે. અથવા સમુદ્રમાં નાંખી આવે છે. તેની વાતો પણ લોકોમાં ઘણી ચાલે છે.

કહે છે કે કોઇક સહુકારને સમુદ્રમાંથી શીસો જડ્યો હતો, તેનું મોહોડું ઉઘાડતાં માંહેથી ભૂત નીસર્યું, તથા કોઇના ઘરનો પાયો ખોદતાં શીસો નીસર્યો, તેમાંથી ભૂત નીસરીને કાંઇક બોલ્યું. એવાં ગપ મેં ઘણાં સાંભળ્યાં છે. તે કેટલાંક લખું ? અને તે શીસામાં શબ્દ થવાનું કારણ એમ હશે, કે ભુજના રાવસાહેબના દરબારમાં એક વાજું મેં જોયું છે, તે કાચના શીસા જેવું જ છે. તેની કળ ચડાવીને સતસંગી, રણછોડભાઈ ઉભા રહ્યા, એટલે તેમાં મોટો શબ્દ થવા લાગ્યો. વળી ઈડરમાં એક ફકીરે શીસામાં ભૂત ઊતાર્યું હતું. તે શીસામાં પારો ભર્યો હતો. અને ગામ બાહાર ડાટીને પાછા વળ્યા. ત્યારે ત્યાં એક માણસને સંતાડી રાખ્યા હતો તેણે તરેહવાર બુમો પાડી હતી. એજ શીસામાં શબ્દ થવાનું કારણ જણાય છે, પણ ભૂતની વાતો મારા માનવામાં આવતી નથી.

અને જે ભ્રમવાળા માણસો છે, તેઓને જ ભૂત વળગે છે. પણ બીજાને વળગતું નથી. તે ઉપર ખીજડીઆ મામાની વાત મેં સાંભળી છે, તે લખું છું.

*

## વાર્તા ૨૩ મી

## ખીજડીઆ મામાનો વળગાડ

એક વાણીયો સંઘવી ડીપો નામે છે, તેણે નજરે જોએલી આ વાત મને કહી છે, કે અમે આશરે સોળવર્ષની ઊંમરમાં હતા; તેવામાં એક દિવસ ભાઇબંધની ટોળીમળીને ગામથી અડધો ગાઉ ધર્મતળાવ છે. ત્યાં નાહાવા જતા હતા. તે રસ્તામાં એક ખીજડીઆ મામાનું થાનક છે, તે ઠેકાણે ગયા; એટલે એક જણ એમ બોલ્યો, કે આ ખીજડીઆ મામાને એક એક પથ્થરો મારે નહિ, તેના બાપના સમ.

પછી સર્વે છોકરાંઓએ એક એક પથ્થરો તે ખીજડાને માર્યો. તેમાં એક છોકરો બીહે એવો હતો. તેણે એ ભૂતથી ભય પામીને ત્યાં બીજું બાવળનું ઝાડ હતું, તે ઉપર પથરો નાખ્યો તોપણ મનમાં બીહીક રહી ખરી.

તેથી ઘેર આવ્યા પછી તેને તાવ આવ્યો. અને ધૂણીને બોલ્યો, કે હું ખીજડીઓ મામો છું. અને મને એણે એક પથ્થરો માર્યો છે, તેથી હું એને વળગ્યો છું, ત્યારે બીજો

છોકરો, તે વાત જાણતો હતો. તેણે કહ્યું; કે પથરાતો બીજા છોકરાઓએ માર્યા છે, અને એણે તો બિચારે તમારાથી ભય પામીને બાવળના ઝાડ ઉપર પથ્થરો નાંખી દીધો હતો. ત્યારે ધૂણનાર બોલ્યો, કે એક છોકરે ખીજડાને એક એક પથ્થરો મારવાના સમ દીધા, એટલે હું એ ખીજડામાંથી બાવળ ઉપર જઈને બેઠો, ત્યાં તાકી ને એણે મને પથ્થરો માર્યો છે, તે માટે હવે હું એનો છુટકો કરનાર નથી.

પછી તે છોકરો ઘણો પીડાયો, ત્યાં ધોળકાનો એક વાંઝો આવ્યો હતો, તેણે માદળીયું કરી આપીને વળગાડ કહાડ્યો. તેનું કારણ એ છે, કે એ ભ્રમવાળાને મનમાં નક્કી થયું, કે આ માદળીયું મારે હાથે બાંધશે, એટલે ભૂત નાશી જશે, એમ ભ્રમ મટ્યો એટલે ભૂત ગયું.

હવે આ રીતની બીજી વાતો ઘણીયો છે, પણ ગ્રંથનો વિસ્તાર ઘણો થાય, તે સારૂ એક સમુચ્ચય વારતા નીચે લખું છું.

*

## વાર્તા ૨૪ મી

## સમુચ્ચય વાત

જેને ભૂતની બીહીક લાગે છે, તેનેજ ભૂત વળગે છે. તે ઉપર મેં ઘણી વાતો સાંભળી છે, તથા દીઠી છે. તે લખતાં પાર આવે નહિ. અને જે નથી બીહીતો તેને વળગે નહિ. તેની વાતો પણ છે.

૧. એક તળાવને કાંઠે કબર (ઘોર) પડી હતી, તે ઉપર બેસીને ૧૦ માણસોએ લુગડાં ધોયાં, તેમાંથી એક જણો બીહીનો તેને જીનનો વળગાડ થયો, ને તેથી તે દુઃખ પામ્યો.

૨. એક પીંપરના ઝાડમાં કોઇ દેવીનું સ્થાનક હતું. તે ઝાડને આઠ સુતારોએ મળીને કાપ્યું. તેમાંથી એક જણને વળગીને દેવી બોલી, કે પેહેલો ઘા એણે મારા ઉપર કર્યો છે.

૩. એક વાઘરણ ડાકણ સાથે દરબાર વાણીયાઓને લડાઈ થઈ હતી. તેમાંથી બે જણને વલગાડ થયો, અને ધુંણીને બોલી, કે મારી સાથે જેટલા લડ્યા છે તેટલાઓના જીવ લઇશ. પણ બીજાઓનેતો પછી કાંઈ થયું નહિ.

૪. સુરતમાં મોટી હવેલીમાં ભૂતના ભ્રમથી કોઈ માણસ પેશી સકતું નહિ. તે જગો સ્વામીનારાયણવાળાઓયે થોડા રૂપૈયામાં વેચાતી રાખી. એવી ભૂતના ભ્રમથી ખાલી જગ્યાઓ ગુજરાતમાં ઘણી હોય છે. અને કોઈ હિમતવાળા, તે જગ્યા વેચાથી રાખે છે, તેના જોવામાં ભૂત આવતું નથી.

૫. એક ગરાશિયો દેવીની મૂર્તિની નજરે પેસાબ કરવા બેઠો હતો, તેના શરીરમાં આવીને દેવીએ, એક પાડો, તથા એક બકરો માગ્યો; તેથી તે ગામના વાણીયા દેવીની મૂર્તિને એક ગાઉ ઉપર ડાટી આવ્યા. પછી એવી વાત ચલાવી કે દેવીએ મારા સ્વપ્નમાં આવીને કહ્યું, કે મેં તો ભૂલમાં પાડો તથા બકરો માગ્યો. અને સવારમાં એવા જીવ મારી પાસે મારવા આવે તેથી હું નાસીને ફલાણે ઠેકાણે સંતાઇ છું. તે જીવ નહિતો બતાવજે.

૬. એક રજપુત ભૂતની વાતો માનતો નહિ. તે સારૂં ભૂતવાળા ઘરમાં સુતો, ત્યાં ભૂતની વાતો ચલાવનારે એકજણે આવીને કસુંબો પાઇને તે રજપુતને મીઠાઈમાં કેફ ખવરાવ્યો. પછી કેફ ચડતી વખત બીજા માણસોને બોલાવીને એ ભૂતનો વળગાડ ઠરાવ્યો. તે કેફ ઉતર્યા પછી કપટ જણાયું.

૭. એક સંઘ જાત્રાએ જતો હતો. તે એક ગામથી પાછલી રાત્રે ચાલ્યા, ત્યાંથી ભોંમીયો સાથે લીધો. પછી તે સંઘમાંના બે શીપાઈઓ આગળ ચાલ્યા. તેની સંઘવાળાઓને માલૂમ રહી નહિ. ત્યાં એક વાવ્ય આવી, તેમાં પાણી પીવા સારૂ તે બંને જણા ઉતરયા. પછી બીજાં તે સંઘ વાળાં માણસો ત્યાં આવતાં હતાં, તેમાં વળાવીઆ વીશ હતા, તેઓ હાથમાં બંધુકો ભરેલીવો, તથા તીર, કામઠાં હતાં, તે સાથે પેલો ભોંમીયો વાતો કરતો આવતો હતો, કે અહિયાં માર્ગમાં એક વાવ્ય આવશે. તેમાં ભૂતો રહે છે, તેથી ધોળે દહાડે પણ એકલું કોઈ માણસ આ રસ્તે ચાલી શકતું નથી.

એવી વાતો કરતાં વાવ્ય પાસે આવ્યા; તેવામાં પેલા બે જણા પાણી પીને બહાર નીસરયા, તેઓને દેખીને ભોંમીયો નાઠો. પછી વળાવા સર્વે નાઠા, અને કેટલાએકની બંધુકો પડી ગઈ. તથા કોઈની માથાની પાઘડી, ને કોઈનાં પગરખાં પડ્યાં રહ્યાં.

કેટલાએક પડી ગયા, તેઓને શરીરે વાગ્યું. પછી આઘા જઈને સર્વે ભેગા થયાં, ત્યારે સંઘવીએ વળાવિયાઓને ઠપકો દીધો, કે અમારાં માણસો કેટલાંએક પડી ગયાં, તેઓને શરીરે વાગ્યું. તથા કેટલાંએક નાશી શક્યાં નહિ. તે પછવાડે રહીગયાં. તેઓને મહેલીને તમે નાશી ગયાં; તે કાંઈ ઠીક કર્યુ નહિ. અને તમે અમારૂં વળાવું આવી રીતે શું કરશો ?

પછી વળાવીઆ બોલ્યા, કે લુટનારા અસ્વાર સોં આવતા હોય તો, અમે સાંમા થઇને મરીએ; પણ ભૂત સામું અમારૂં જોર ચાલે નહિ. એમાંથી જીવ ખોઈ બેશીયે, પછી પેલે ભોંમીયે પણ વળાવીઆઓની સાખ પુરી.

પછી તે વાવ્યથી પડખે, બીજે રસ્તે થઇને સંઘ ગયો. અને જે સમે પેલા બે જણાને દેખીને સર્વે નાઠા હતા. ત્યારે તે બેઊએ જાણ્યું કે લુટનારા આવ્યા, તેથી સંઘ નાઠો. પછી તે બંને પણ પાછા વાવ્યમાં ઉતરી ગયા, તે બે ઘડી પછી બહાર નીસરીને

સંતાતા, સંતાતા, સંઘ ભેગા થયા. પછી તે વાત પ્રસિદ્ધ થઈ, એટલે સઉ લોકો હસવા લાગ્યા. અને કેટલાએક એ બંને જણને ઠપકો દીધો, કે તમે કેમ બોલ્યા નહિ ? કે અમે છૈએ તમે બીહીશો નહિ.

૮. એક સાહુકારનાં નાણાં લઈને આંગડીયા જતા હતા તે કોઈ ગામમાં શેઠના આરતિયાને ઘેર રાત વાસો રહ્યા ત્યારે આરતિયાને કહ્યું, કે અમને એકાંતે ઉતારો આપો, ત્યારે તે બોલ્યો, કે એક ઘર એકાંતનું છે, પણ તેમાં ભૂત રહે છે. પછી આંગડીયા બોલ્યા, કે અમે દશ જણા છૈયે, વલી વળાવા પંદર ભેળા છે, એટલે જણોને ભૂત શું કરશે ? અમે ભૂતથી કાંઈ બીહીતા નથી.

પછી તે ઘરમાં ઉતરા, તે આંગડીયા દશ, ઓરડામાં સુતા, પછી રાત્રિએ તે ઘરમાં ખાતર પાડીને ચોર એક પેઠો; તે સર્વ વાતમાં માહેર હતો, તેણે તાળીયો પાડી, એટલે પેલા દશે જણાઓ ઉઠીને નાઠા. પછી વળાવિયાઓયે ઊઠીને ઢાલો તરવારો લીધી. પણ ભૂતના ભયથી કોઈ તે ઘરમાં પેશી શક્યું નહિ. અને દીવો કરવાનો પણ કાંઈ જોગ આવ્યો નહિ. પછી તેમાં એક મોટો અને ડાહ્યો હતો, તે બોલ્યો, કે ઓરડાનાં કમાડ સારીપેઠે સાચવીને આપણે સર્વે આડા સુઇયે; પછી તે ભૂત છો માંહી હડીયો કહાડે. પછી એમ કરયું, અને સવારમાં ઉઠીને જુએ તો ખાતર પાડીને ચોર લુગડાં લઇ ગયા, અને પહેરેલાં લુગડામાં નાણાં હતાં તેટલાં રહ્યાં.

૯. એક ભાવસારને ઘેર મેમાન એક આવ્યો હતો; તેને રાત્રિએ રહેવાના ઘરથી છેટે બીજું ઘર પોતાનું હતું. ત્યાં સુવાર્યો. પછી તે મેમાન અરધી રાત જતે જાગ્યો. અને મોહોડું ઉઘાડું કરીને જોયું; ત્યાં બે બાયડીઓ ઊભી દીઠી, તેઓની સાડીઓ ઉપર ચંદ્રમાનું ચાંદરડું એક એક દીઠું. એટલે ઘણો બીહીવા લાગ્યો; પછી હનુમાનનું નામ લીધું. વળી કેટલાએક દેવોના સમ દીધા, કે તમે અહિંયા ઉભીયો રહો તો તમને તેત્રીશ કરોડ દેવોની આણ, માતા બહુચરાજીની આણ, મેલડીની, ને કાળભૈરવની આણ.

એવું ઘણું કહ્યું, પણ એતો ગઇયો નહિ. પછી તો ધીરજ રહી નહિ. એટલે રાડો પાડી; ત્યારે પાડોશી લોકો ઉઠીને આવ્યા. અને કહ્યું, કે તું ઉઠીને કમાડની માંહેલી સાંકળ ઉઘાડ. ત્યારે તે બોલ્યો, કે મને તો જણિયોએ દબાવી રાખ્યો છે. અને મને મારે છે, હું ઉઠી શકતો નથી.

પછી પેલા લોકોએ કમાડ ખેડવીને ઉતારી મુક્યાં; એટલે તે મેમાન ખાટલા ઉપરથી ઉઠીને નાઠો, તે બારણા વચે જઈ પડ્યો.

પછી તે ઘરમાં અંધારામાં બે બાયડીયો ઉભી હતી, તેઓને જોઇને પેલા લોકો પણ થર થર ધ્રુજવા લાગ્યા. અને કોઈ હિમતવાળો હતો, તેણે પથરા મારયા, તે વાગ્યા; પણ એ બાયડીઓ ખશી નહિ.

તેવામાં ચોકીવાળા પોહોચ્યા, તેમણે તીર નાંખ્યા, તે બાયડીયોના શરીરમાં ચોટ્યા, પણ કાંઈ બોલે નહિ. અને જાય પણ નહિ. પછી કોઈ દીવો કરી લાવ્યું. અને સારીપેઠે તપાસ કરીને જોયું, ત્યારે ડાંમચિયા ઉપર ગોદડાં હતાં; તે ઉપર એક સાડીનું કરેલું ગોદડું ઓઢાડ્યું હતું : તે ઉપર ચાંદરડાં હતાં.

૧૦. આ બીજા પ્રકરણનો સારાંશ વિચાર એજ છે, કે વર્નાક્યુલર મંડળિયે ઠરાવ્યું છે, કે ભૂતના શોધની સાચી બીના લખવી. તેથી મેં શોધ કરી જોયો. ત્યારે આજના સમયમાં તો ભૂતની વાતો જે લોકોમાં ચાલે છે, તે તો કેવળ જુઠી મને ભાસે છે. અને આ ગ્રંથ વાંચીને સમજુ લોકો હિમત રાખીને ભૂતનો શોધ કરશે. તો તેને પણ તરત એ વાત જાણવામાં આવશે. હવે ત્રીજા પ્રકરણમાં શરીરમાં પેઠેલા ભૂતને કાઢવા સારૂ જે જે ઉપાય ગુજરાતી લોકો કર છે, તે લખું છું.

**ईतिश्रीकवि दलपतराम विरचिते भाषागद्य बंधे भूतादिक भ्रम भंजन ग्रंथे भ्रम शोधन सत्यवार्ता वर्णन नाम द्वितीय प्रकर्ण ॥ २ ॥**

*

# પ્રકરણ ૩ જું.

## વાર્તા ૨૫ મી

## ચંડીપાઠના ઉપાય

જેમ કોઈ કાગળથી બનાવેલા વાઘને મારવાસારૂ ફોજ લઇને જાય, તેમ ભ્રમથી માની લીધેલા ભૂતને કહાડવા સારૂ શાસ્ત્રમાં કહેલા ઊપાય કોઈ સમે લાગુ થતા નથી. ત્યારે અજ્ઞાની લોકો સમજે છે કે, જેમ આજના લોકો શાસ્ત્રની મરજાદમાં રહેતા નથી. તેમજ દેવો પણ રેહેતા નથી, પણ એમ સમજવું નહિ. દેવ કદી શાસ્ત્રની મરજાદ તોડશે નહિ, પણ મનથી માની લીધેલું જુઠું ભૂત શાસ્ત્રના ઉપાય માનશે નહિ. હવે તે ઉપાય વર્ત્તમાન કાળમાં જે રીતે કરે છે, તે લખું છું.

કોઈ માણસને તાવ આવે છે, અવાચક થાય છે, કે દાંત સજ્જડ થાય છે, એવાં લક્ષણોથી તે માણસનાં સગાં એમ સમજે છે, કે આને ભૂતનો વલગાડ થયો છે. પછી તેને બોલાવે છે, તોપણ કાંઈ બોલતું નથી. એટલે તેને બોલાવા સારૂ ચંડીપાઠના ભણનાર બ્રાહ્મણને તેડવા જાય છે, તેને આવતાં કાંઈ વાર લાગે, તો તે મસે વલગાડ વાળાનું સગું અથવા પાડોશી માણસ આવીને કહેછે, કે આને મરચાનો ધુમાડો દ્યો, અથવા કુતરાના નરગનો ધુમાડો દ્યો, એટલે એના શરીરમાં જે હશે તે બોલશે.

પછી તેવો ધુમાડો દીધાથી કોઈ સમે બોલેછે. અને કોઈ સમે નથી બોલતું. પછી ચંડીપાઠ ભણનાર બ્રાહ્મણ આવે, તે પ્રથમ પોતે પવિત્રપણે આસન ઉપર બેશીને એક બાજઠ ઉપર નવું રાતું લુંગડું પાથરે છે; તે ઉપર ઘૌંના દાણાથી અષ્ટદલયંત્ર (આઠ પાનડોનાં જંત્ર) કરે છે, તેના નવ કોઠામાં નવ ઘૌંની ઢગલિયો કરીને તેમાં નવ દૂર્ગાનું આવાહન કરે છે. પહેલાં નંબરનું ચિત્ર ચોપડીની પાછળ જુઓ.

તથા તેમાં (કળશ) કળશિયો પાણી ભરીને મુકેછે, તે ઉપર શ્રીફળ મુકેછે. અથવા કેવળ શ્રીફળ, સ્થાપનામાં મુકે છે. પછી તેની પૂજા કરે છે. ગુગળનો ધૂપ ને ઘીના દીવા કરે છે. અને વલગાડ વાળાને પવિત્રપણે કરીને સામો બેસારે છે.

પછી તે બ્રાહ્મણ પાઠ ચાલતો કરીને નવાર્ણવ મંત્રથી (નવ અક્ષરનો મંત્ર) અક્ષત મંત્રીને અથવા તે મંત્રથી પાણી મંત્રીને તે વલગાડ વાળાને છાંટે છે. તેથી તે માણસ ધૂણવા લાગે છે. વળી ઘણો ધૂણવાનો તોર આવવા સારૂ પાણી ભરવાની ઠાલી ગોળી ઉપર કાંસાની થાળી ઊંધી પાડીને વેલણથી વગાડે છે.

પછી એ બ્રાહ્મણ નવાર્ણવ મંત્રથી મંત્રીને અક્ષત તથા પાણી છાંટીને ભૂતને બોલાવે છે. ત્યારે ધૂણનારો કોઈ પોતાના ઘરના મરનાર માણસનું નામ લે છે. કે હું ફલાણો છું, અને મારો મિલકતમાં જીવ રહી ગયો છે અથવા ઘરમાં જીવ રહી ગયો છે. અથવા

બાયડીમાં જીવ રહી ગયો છે, તેથી મારી અવગતિ થઇ છે. અને મારી મિલકત તમો વાવરો છો, અને મારા દીકરાની ચાકરી નહિ કરો, તો હું તમને પીડા કરીશ. અને મારી ગતિ થવા સારૂં હું કહું તે ઉપાય કરો.

પછી તે ઉપાય કરવાની હા કહીને કોઇને પીડા ન કરવાની એ ભૂતને સમ ખવરાવે છે, તે દુર્ગાના સ્થાપન ઉપર હાથ મુકાવે છે. અથવા ચંદીની પોથી ઉપર હાથ મુકાવે છે. તે ચંડીપાઠ માંકંડેય પુરાણમાં છે. તેમાં શ્લોક લખ્યા છે કે.

श्लोक

**ग्रह भूत पिशाचादि यक्ष गांधर्व राक्षसा: ॥**
**ब्रह्मराक्षस वैताला: कुष्मांडा भैरवादय: ॥१॥**
**नश्यन्ति दर्शना त्तस्य कवचे हृदि संस्थिते ॥**

એ શ્લોકનો અર્થ એમ છે કે, ગ્રહ, ભૂત, પીશાચ, યક્ષ, ગાંધર્વ, રાક્ષસ, બ્રહ્મરાક્ષસ, વઇતાળ, કુષમાંડ અને ભૈરવ આદિક મળીને દેવો જે છે; તેઓ સર્વે, જે માણસના હઇયામાં ચંડીનું કવચ હોય, તે માણસને દેખીને નાસે છે. હવે ભૂતને ગતિ થવાના ઉપાય, ભૂત કહે છે તે લખીશ.

*

## વાર્તા ૨૬ મી

## ભૂતના કહેલા ઉપાય

જ્યાકે કોઈ ભૂત ધુણે છે, ત્યારે કહે છે કે, તમે મને સોમેશ્વર પાટણ લઈ જાઓ. અથવા કોઈ તીર્થમાં લઈ જઇને મારી ગતિ કરો. એ એવી રીતે કે તમે તમારા ઘરનાં સર્વે માણસો પ્રભાસ જાઓ, એટલે હું તમારામાંથી એક જણના શરીરમાં રહીને ત્યાં આવીશ, એટલે ત્યાં મારી ગતિ થશે. અથવા ગયા તીર્થમાં જઇને મારૂ ગયાશ્રાદ્ધ કરો, તેથી મારી ગતિ થશે.

પછી તેનાં સર્વે સગાં પ્રભાસે જઇને નારાયણબળી શ્રાદ્ધ કરે છે. તે પ્રભાસમાં કારતક મહિનાની પુન્યમ ઊપર ભૂતવાળાં હજારો માણસો ભેગાં થાય છે. ત્યાં એક પીપળાનું ઝાડ છે. તેને નજરે દેખીને તરત ભૂતવાળું માણસ ધૂણવા લાગે છે. અને કહે છે કે હવે હું અહિ રહીશ. પછી એ માણસને ભૂતનો ભ્રમ મટે છે. તથા કોઇને તો ગયાતીર્થમાં જઇને ગયાશ્રાદ્ધ કરવાથી ભ્રમ મટે છે.

વળી કેટલાએક ભૂતો કહે છે કે, મારા સારૂ નીલ પરણાવો (એટલે વાછડોને વાછડી પરણાવો) તો મારી ગતિ થાય. પછી તેના વારસદાર નીલ પરણાવે છે. તે જેવી રીતે માણસને પરણાવે છે. તેવીજ રીતે વાછડા વાછડીને પરણાવીને તે બંનેનાં પુંછડાં

એકઠાં એક જણ ઝાલી રહે છે. અને મરનારનાં કુટુંબીઓ તે પુંછડાં ઉપર પાણી, દૂધ અને તલ સહિત તર્પણ કરે છે. તેની રીત સર્વે દેવના કર્મ ગ્રંથોમાં લખી છે. તેમાં શ્લોક છે જે.

श्लोक

॥ भूतयोनीषु ये जाता प्रेतयोनीषु ये गताः ॥
ते सर्वे तृप्ति मायान्तु नीलपुच्छेषु तर्पिताः ॥ १ ॥

તેનો અર્થ એમ છે, કે જે કોઈ મારા પૂર્વજોમાંથી ભૂત જાતિમાં ઉપજ્યા હોય, તથા પ્રેત જાતિમાં ગયા હોય. તે સર્વે આ નીલને પૂછડે તર્પીત કરવાથી તૃપ્તિ પામો. એવા શ્લોક આશરે એકસોને પચીશ છે, તે ભણીને જળ રેડે છે. તથા જેટલાં પોતાનાં કુટુંબી મરી ગયાં હોય, તેઓને સંભારીને પાણી રેડે છે. પછી રાંધેલા ચોખાનાં પિંડ ૧૦૮ તે ઠેકાણે કરે છે. તે પણ મુએલા સગાઓના નામથી કેટલાએક પિંડ કરે છે. પછી શ્લોક ભણીને પિંડદાન કરે છે.

श्लोक

॥ विद्युच्चौरहता ये च दंष्ट्रिभिः पशुभिस्तया
तेषामुद्धरणार्थाय इमं पिंडं ददाम्यहं ॥ ? ॥

એ શ્લોકનો અર્થ એમ છે કે, જે કોઈ મારા પૂર્વજોમાં વીજળીથી, ચોરથી, દાંતવાળા જાનવરોથી, કે પશૂથી, મરણ થયાં હોય તેઓના ઊદ્ધાર થવા સારૂ આ પિંડ હું આપું છું. એવા શ્લોક આશરે ૧૦૦ છે. એ રીતે કરવાથી કોઈને ભૂતનો ભ્રમ મટે છે. હવે ધુણનાર ભૂત જે રીતની બાધાઓ આપે છે. તે લખું છું.

*

## વાર્તા ૨૭ મી

## બાધાઓની રીત

જ્યારે પ્રભાસ જવાનું, અથવા ગયા શ્રાદ્ધ કરવાનું એ આદિક ભૂત બતાવે ત્યારે કહે છે, કે તે તીર્થમાં જાઓ, ત્યાં સુધી આજથી એક બાધા હું આપું, તે રાખો. પછી તેના ઘરનાં માણસોમાંથી એક જણ એ બાધા રાખે છે, તે કોઇને તો અડદ ખાવા નહિ એવી બાધા આપે છે. અથવા દુધની બાધા આપે છે, અથવા છાશની, ગોળની કે ગળ્યા માત્રની બાધા આપે છે.

અને ઘણી આકરી બાધા આપે છે, ત્યારે ઘીની આપે છે; અથવા આંટીયે ખાધાની બાધા આપે છે. (એટલે પગની આંટીયે હાથ રાખીને ખાવું, તેનું કારણ એ છે કે, જ્યાં સુધી આ ભૂતની ગતિ કરૂં નહિ, ત્યાં સુધી આ અન્ન પોતાની વિષ્ટા બરાબર છે.) અથવા

તેથી આકરી બાધા આપે છે. ત્યારે ઉભાં ઉભાં કાળી ઠીબમાં લઇને ડાબે હાથે ખાવું, એવી બાધા આપે છે. અથવા કોઈ એક પુરૂષને પાઘડી માથે બાંધવી નહિ, એવી બાધા આપે છે.

પછી તે પુરૂષ નાનું ફાળિયું માથે બાંધે છે. અથવા કોઈએક બાયડીને કાંચળી પહેરવી નહિ; એવી બાધા આપે છે. તથા કોઈ એક પુરૂષને જોડા ન પહેરવા, એવી બાધા આપે છે. અથવા કોઈને પગે ચાલીને તે તીર્થમાં જવું. એવી બાધા આપે છે. તેવી બાધા એક જણ રાખે છે.

તે જ્યારે જોગ આવે ત્યારે તીર્થમાં જઇને બાધા મુકે છે, કદાપિ તે તીર્થમાં જવાય નહિ. અને ફરી કોઈ તેના ઘરનું માણસ માંદુ થાય તો વળી ભૂત ધુણીને કહે છે. કે તમે બાધા રાખી છે, તે હજી સુધી કાંઈ કરતાં નથી; ને હું ઘણો મુંઝાઉ છું, તેથી તમને પીડા કરૂં છું. પછી તરત તે તીરથમાં જઈને બાધા મુકી આવે છે.

અને જ્યારે કોઈ માણસ માદું થાય, ત્યારે એક ઘરાણું તેના ઉપર ઉતારોને કોરે મુકે છે. અને કહે છે કે આને સુખ થશે, એટલે બ્રાહ્મણ ૧૦ જમાડીશું ત્યાર પછી આ દાગીનો અમારા કામમાં આવશે. જો ગરીબ માણસ હોય તો. થાળી અથવા લોટો, એજ રીતે ઉછીતો કરે છે. હવે ભૂતનાં સંતોષ સારૂં ત્રિપિંડીયું શ્રાદ્ધ કરે છે. તેની વાત લખું છું.

*

## વાર્તા ૨૮ મી

## ત્રિપિંડી શ્રાદ્ધની વાત

કોઇતો પ્રભાસ આદિક તીર્થમાં જઈ આવે છે, તો પણ ભૂત ફરી આવીને ધુણે છે, ત્યારે કહે છે કે મારાથી તે તીર્થમાં રહેવાયું નહિ. મારો દીકરામાં તથા ઘરમાં ઘણો જીવ રહ્યો છે. તે માટે મારા ઘરમાં એક ગોખલામાં નારા નામનું શ્રીફળ મૂકીને તેની પૂજા કરો; હું એમાં રહીશ. અને સવારે તથા સાંજે નિરંતર ધૂપ દીવો કરજો. અને વર્ષો વર્ષ કારતક મહિનામાં મારૂં ત્રિપિંડીશ્રાદ્ધ કરશો, તો હું તમારી રક્ષા કરીશ. અને જો એટલું નહિ કરો, તો હું તમને મારા ઘરમાં રહેવા નહિ દઉં, પીડા કરીશ. અથવા તમારાં છોકરાં જીવવા નહિ દેઊં. પછી તે માણસો તેવી રીતે કરે છે.

પછી તેના ઘરમાં કોઈ માણસ માદું થાય; અને એ પૂર્વજ દેવના ભ્રમથી ધુણે છે; ત્યારે કહે છે કે, તમે એક દિવસ મારા સ્થાનકમાં દીવો કરવો ભૂલી ગયા, અથવા ધૂપ કરવો ભૂલી ગયા છો, તેથી તમને હું પીડા કરૂં છું.

પછી કહેશે તમે પીંપળાના ઝાડને અથવા તુળસીના ઝાડને સવા મહિના સુધી

પાણી રેડો, તે એવી રીતે, કે સવારમાં નાહીને, પવિત્ર લુઘડાં, પેરીને, નરણે કોઠે (એટલે કાંઈ ખાધા વિના) પાણી રેડવું, એટલે સુખ કરીશ.

અથવા કહેશે કે પાંચ બ્રાહ્મણ જમાડો; અને શ્રીમંત હોય તો કહેશે ૧૦૮ બ્રાહ્મણ જમાડો; તથા સાત કુંવારી કન્યાઓ જમાડો, તથા સાત ગોરણીઓ (એટલે સુવાસણિયો) જમાડો, એટલે સુખ કરીશ, પછી તેવી રીતે કરે છે.

અને ભૂત ધૂણતું નહોય, તોપણ ભૂતની પીડા ન થવા સારૂ આગમચથી પણ કોઈ ત્રિપિંડીશ્રાદ્ધ વર્ષોવર્ષ કરે છે. તેમાં બ્રાહ્મણવિના બીજી જ્ઞાતિવાળા ત્રિપિંડીના કેવળ ત્રણ બ્રાહ્મણ જમાડે છે, શ્રાદ્ધ કરતા નથી, અને બ્રાહ્મણ શ્રાદ્ધ કરે છે. અને શ્રાવકલોકો કોઇને પૂર્વજને માનતા નથી. તેની એક વાત મેં દેખેલી નીચે લખું છું.

*

## વાર્તા ૨૯ મી

# શ્રાવક લોકોની વાત

એક ઢુંઢિયા વાણિયાનો ભાઇ, નામે જેઠો મરી ગયો, તે પોતાની બાયડીના શરીરમાં આવીને બોલ્યો, કે મારું સ્થાનક ઘરમાં કરો, અને વર્ષોવર્ષ ત્રિપિંડી કરો. પછી તે મરનારને ભાઇએ કહ્યું કે, તું મારા શરીરમાં આવીને બોલીશ, તો જેમ કહે તેમ કરીશ.

પછી ભૂતે કહ્યું, કે હું તારા શરીરમાં તો નહિ આવું, પણ તને પીડા કરીશ. અને તારાં છોકરાં જીવવા નહિ દેઊં, પણ એ વાત તે વાણિયો કાંઈ સાચી માનતો નહોતો.

પછી તેનો દીકરો એક ન્હાનો વર્ષ ડોઢનો હતો, તે મરી ગયો. તેથી તેની બાયડીને પણ ભ્રમ ઉપજ્યો, કે એ ભૂતે છોકરાને જીવ લીધો. પછી તો એ બાયડી પણ ધૂણવા લાગી અને જ્યારે તેના ભાઇની વહુ ધૂણતી, ત્યારે તો ખાસડુ લઇને મારતો, ને મોહેડેથી જાઉ છું, જાઉ છું, કહેવરાવતો હતો પણ જ્યારે તેનીજ બાયડી ધૂણવા લાગી. ત્યારે કાંઈ ઉપાય ચાલ્યો નહિ.

પછી ઢુંઢિયાપૂજ પાસે લઈ જઇને, એ બાયડીને જૈન શાસ્ત્રની વાતો સંભળાવી, પણ ભ્રમ મટ્યો નહિ. પછી એ વાણિયાએ કાયર થઇને પૂજને પૂછ્યું, કે હું શો ઉપાય કરૂ ? ત્યારે પૂજે કહ્યું કે, નવકારમંત્ર એના કાનમાં કહેજો, એટલે ભૂત નાશી જશે. પછી તેમ કર્યું.

**नवकारमंत्र – उनमो अर्हंताणं, उंनमो सिद्धाणं.**
**उँनमो आयर्याणं उँनमो उवझायाणं उंनमो लोएसव्व साहुणं.**

તથા અઠમ (એટલે જૈન ધર્મની રીતે ૩ ઉપવાસ, ઉનું પાણી પીને નાહ્યાવિના)

કરવા. પણ ભૂતનો ભ્રમ બાયડીને મટ્યો નહિ. અને વાણિયાએ જાણ્યું જે બીજા ઉપાય કરૂં (શ્રાદ્ધ) તો, ઢુંઢિયામાં મારી આબરૂ ઓછી થાય. પછી તે બાયડી તેને પીયર ગઈ. તેને છ માસ થયા, એટલે તે ધણીયે તેડવા માણસ મોકલ્યું.

ત્યારે એ બાઇને બાપે કહ્યું કે અમારા જમાઇને ઢુંઢીયાનો ધર્મ છે. તે પૂર્વજને તથા કોઈ દેવને માનતા નથી. અને પૈસો એક ખરચવો માથા સાટે છે. અને તેનો ભાઇ અવગતિયો થયો છે. તે અમારી દીકરીને નડે છે. જુઓ બે વર્ષ થયાં માંદી રહે છે. શરીરે સુકાઈ ગઈ છે. છોકરો મરી ગયો. પણ અમારો જમાઈ એનો કાંઈ ઉપાય કરતા નથી. અને અહિ ચંડીપાઠ કરાવ્યો, તથા થાળી બેસારી હતી, ત્યારે એ બાઇયે ધૂણીને કહ્યું. કે હું જેઠો છું. અને મારા ઘરમાં મારૂં સ્થાનક કરીને બેસારો અને વર્ષોવર્ષ ત્રિપિંડી કરે, નહિ તો તેના ઘરનાં સર્વે માણસો પ્રભાસ જાય, તો મારી ગતિ થાય, એવું કહ્યું.

ત્યારે અમે બોલ્યા, કે ભાઇ તેના ઘરમાં માણસા તો અમારા કહ્યામાં નથી. અને અમારી દીકરી સારૂં અમે, તું કહે તેટલી ખરાજાત કરીએ, અને અમારી દીકરીને સાથે લઇને, કહે તો અમે પ્રભાસ જઇએ.

ત્યારે તેણે કહ્યું, કે તમારા ઘરનું તો મને કાંઈ પહોચે નહિ; એ તો મારા ઘરનું, કે મારા ભાઇના ઘરનું ખરચે, તેજ મને પહોચે, અને તમે પ્રભાસ જાઓ તેનું મારે કાંઈ નહિ, એ તો મારા ઘરનાં સઉ પ્રભાસ જાય, ત્યારેજ મારી ગતિ થાય.

પછી અમે કહ્યું કે, આ ઘરાણું એના ઘરનું છે. તેમાંથી કહો તો ખરચ કરીને અહિ તમે કહો તે કરિયે, ત્યારે તેણે કહ્યું, કે એતો મારા ઘરમાં ત્યાં જઇને કરો, તેજ મને પહોચે એવું કહ્યું, તેથી અમારો ઉપાય કાંઈ ચાલ્યો નહિ. એટલે અમે શું કરીએ ?

અમે અમે અમારા જમાઇને કહ્યું, કે તમારે કાંઈ નાણાની અડચણ હોય, તો અમે આપીએ. પણ તમારા ભાઇની ગતિ થાય તે કરો, એમ કહ્યું, પણ તે કાંઈ કરતા નથી, તે વાસ્તે અમારી દીકરીને ત્યાં મોકલીશું નહિ.

એવું સાંભળીને તેડવા આનાર માણસ ભૂતની ગતિ કરવાનો જામીન થઇને, એ બાઇને સાસરે તેડી લાવ્યો. પછી તેના ધણીને ઘણાં માણસોએ કહેવા માંડ્યું, એટલે બ્રાહ્મણ પાસે ચંડીપાઠ કરાવ્યો. તેથી એ બાઇ ધૂણીને બોલી કે હું જેઠો છું, મારી અવગિત થઈ છે. તે વાસ્તે મારા ઘરમાં સ્થાનક કરીને મને બેસારો. અને વર્ષોવર્ષ ત્રિપિંડી કરો, અને એકવાર તમારા ઘરનાં સર્વે પ્રભાસ જાઓ. પછી તે વાત સર્વે તે વાણીએ કરી, અને તેને દીકરો આવ્યો.

એ બાઇને ભ્રમ મટવાથી શરીરેસુખ થયું. પણ તે વાણિયો હજી સુધી એમ કહે છે, કે શું કરૂં ? જાનવરીથી આ કાયમ બાયડીએ કરાવ્યું છે, પણ જ્યારે ભૂત મારા શરીરમાં આવીને ધૂણે, અથવા હું નજરે દેખું તો એ વાત સાચી માનું.

પછી વર્ષોવર્ષ કારતક મહિનામાં ત્રિપિંડીના ત્રણ બ્રાહ્મણ જમાડે છે; તે સારૂં રસોઇનો સામાન જેવો તેવો, લાવે, અને જે બ્રાહ્મણ જમવા આવે, તેના ઉપર વાણિયો રાજી નહિ.

પછી બ્રાહ્મણ જમીને તે રસોઈ વખાણે નહિ, તો તે બાયડી ફરી પૂછીને કહે છે કે, તે ઘી ખોટું હતું. તેથી એ બ્રાહ્મણો જમ્યા, તે મને પહોચ્યું નથી. તે વાસ્તે ફરીને જમાડો, ત્યારે તેમ કરવું પડે છે.

પછી તે વાણિયા પ્રભાસ જઇ આવ્યો. તેથી તેને દીકરો આવ્યો. એમ સમજીને ઘણીએક ઢુંઢિયાની બાયડીઓએ દીકરાને વાસ્તે પોતાના ધણી પાસે પ્રભાસ જવાની બાધા રખાવી. તે સંવત ૧૮૯૯ની સાલમાં પ્રભાસનાં સંઘમાં ઢુંઢિયાનાં આશરે ૧૦૦ માણસો તે એકજ ગામનાં પ્રભાસ ગયાં હતાં. અને જે ત્રિપિંડી કરતા નહિ. તે ઢુંઢિયા વર્ષોવર્ષ ત્રિપિંડી કરવા લાગ્યા. અને જ્યારે તે ઢુંડિયા પ્રભાસ જઇને આવ્યા, તેની મુંછો મુંડાવેલી જોઇને, બીજા ઢુંઢિયાએ તેઓની મશ્કરી કરી. ત્યારે તેઓ બોલ્યા, કે ભાઇ, શું કરીએ ? બાયડીયોના કહ્યાથી ધોલેરા પાસે ભડીયાદરા પીરની જગ્યા છે. ત્યાં હિંદુ લોકોને ઉભું રહેવું યોગ્ય નથી, પણ તેની માનતા કરવી પડે છે.

એ રીતે ભૂતની વાતો માનતો નહોય તેને પણ બાયડીયોના કહ્યાથી કેટલાએક ઉપાય કરવા પડે છે. હવે કોઈ માણસ પરદેશ મરી જાય, તેની પ્રેતગતિ મટવા સારૂં હિંદુશાસ્ત્ર પ્રમાણે પુતળવિધાન કરવું પડે છે. તેની વાત નીચે લખું છું.

*

## વાર્તા ૩૦ મી

## પુતળવિધાનની વાત

એક ધોળકાનો બ્રાહ્મણ પરદેશે મરી ગયો, તે ભૂત થઇને તેના દીકરાના શરીરમાં આવીને બોલ્યો; કે મને શુદ્રે બાળ્યો છે, તેથી મારી પ્રેત ગતિ થઈ છે. તે માટે તમે મારા સારૂં પુત્તળવિધાન કરો. એટલે મારી સદ્દગતિ થશે. પછી તે કર્યું.

તે એવી રીતે કરે છે, કે નદી કાંઠે જઇને પવિત્ર જગ્યા ઉપર કાલીઆર મૃગનું ચામડું પાથરીને તે ઉપર ખા[1]ખરાનાં ૩૬૦ ઝીણાં લાકડાનું એક પુતળું કરે છે. તે લાકડાં ગોઠવવાની વિગત.

માથાને ઠેકાણે ૪૦, કંઠને ઠેકાણે ૧૦, એક એક હાથને ઠેકાણે પચાસ એટલે ૧૦૦, હાથોની આંગળીયોને ઠેકાણે ૧૦, છાતીયે ૨૦, પેટે ૩૦, લીંગે ૪, બે આંડીયાવે ત્રણ ત્રણ એટલે ૬, એક એક સાથળે પચાસ પચાસ ૧૦૦, જાંઘોયે પંદર પંદર ૩૦,

૧. ખાખરો મળે નહિતો દર્ભની શળિયોનું.

પગની આંગળીયોએ ૧૦,

પછી તેને દર્ભે ઢાંકીને ઊંનથી વીટે છે, પછી જવના લોટમાં મધ તથા ઘી નાંખીને, તે ઊપર લગાવે છે. તે ઊપર પવિત્ર મટોડી લગાવે છે; વળી માથાને ઠેકાણે નાળિયેર, અથવા ગોળ, તુંબડું બાંધે છે. કપાળે કેળનું પાંદડું, દાંતને ઠેકાણે દાડમનાં બીજ, કે બીજોરૂં મૂકે છે. કાને તાડપત્ર, આંખ્યોયે કોડીયો. આંખ્યોને ખુણે સીંદુર, નાકે તલનું ફુલ, નાભિયે કમળ, અથવા કેરી, અને સ્તનને ઠેકાણે બે ચણોઠીયો મુકે છે. (વાતે) વાઇને ઠેકાણે (मनाशला) મનશલ. પિત્તે હરીતાલ, કફે સમુદ્રફેણ, રૂધિરે મધ, વિષ્ટાયે ગાયનું છાણ. મૂત્રને ઠેકાણે ગાયનું મુત્ર. વીર્યને ઠેકાણે પારો, લિંગે ગાજર, આંડીયાયે વંત્યાક વાળને ઠેકાણે (વન શૂકરજટા) સુગંધિવાળો, રોમને ઠેકાણે ઉન્ય અને માંસ ઠેકાણે જવના લોટનું લેપન કરે છે.

પછી દૂધ, દહીં, મધ, ઘી, ખાંડ, અને પાણી, જુદાં જુદાં લઇને, તેને ન્હવરાવે છે. પોતિયું, પહેરાવે છે. જનોઇયો, ૨ પહેરાવે છે. પછી ચંદન તથા ફૂલના હાર આદિકથી શણગારે છે, અને નાભિ ઉપર ઘીનો દીવો મૂકે છે. તે પુતળાનું માથું દક્ષણાદું રાખીને સુવારે છે.

પછી મંત્રથી મરનારનો જીવ તેમાં આવ્યો માને છે, પછી તે દીવો નાશ થવાના સમેથી અંતકાળની ક્રિયા, જે દાન કરવા આદિકથી લઇને મરણ ક્રિયા, તથા પ્રેતશ્રાધ, સર્વે કરે છે. તે ભૂત ધૂણીને કહે નહિ. તોપણ પરદેશ મરણ થયું હોય, તથા જેને શુદ્ર આદિકના સ્પર્શનો ભ્રમ આવે, તો તેના વારશદાર પુતળવિધાન કરે છે.

તેમાં બાયડી નિમિત પુતળવિધાન કરે છે, ત્યારે જોનીને ઠેકાણે મોટી કોડી મુકે છે. તથા છાતીયે બે બીલાં મુકે છે. એવી રીતનો ઉપાય કરવાથી કોઈકને ભૂતનો ભ્રમ મટે છે. હવે ભૂતને ધુણવાના ઉપાય, ચંડીપાઠ કરતાં બીજા પણ ઘણી રીતના સાંભળ્યા છે; તે લખું છું.

*

## વાર્તા ૩૧ મી

## ચંડીપાઠ કરતાં બીજા ઉપાય ધૂણવાના

કેટલાએક વૈષ્ણવ લોકો ભૂત કહાડવા સારૂં નારાયણ કવચ જે શ્રીમદ ભાગવતના છઠ્ઠા સ્કંદમાં છે, તેના પાઠ કરાવે છે. તેમાં શ્લોક છે કે,

कुष्मांड वैनायक यक्ष रक्ष भूत ग्रहांश्चूर्णय चूर्णयारीन् ॥ એ શ્લોકનો અર્થ એમ છે, કે હે દેવ મારા શત્રુ જે કુષ્માંડ, વૈનાયક, યક્ષ, રાક્ષસ, ભૂત થા ગ્રહ, તેઓને ચૂરણ કરો, – એ નારાયણકવચથી, રામરક્ષાથી, અથવા કોઇને શિવકવચ આદિકથી ભૂતનો ભ્રમ મટે છે. અને એ ચંડીપાઠ તથા નારાયણકવચનો અધિકાર રહિત જે શુદ્ર જાતિ,

તેઓને ભૂતનો વલગાડ થાય છે. ત્યારે ડાકલાં બેસારે છે, તથા ઉત્તમજાતિવાળાને પણ કોઈ નીચે ભૂતનો વલગાડ થયો હોય, તે ચંડીપાઠથી ધુણે નહિ, તો તેને ઘેર પણ કોઈક સમે ડાકલાં બેસારે છે.

તે ડાકલાના વગાડનારા રાવળિયા અથવા વાઘરી હોય છે. તેઓ બે જણા રાત્રિયે ધુણાવા આવે છે; તેમાં એકના હાથમાં ડાકલુ હોય છે. અને બીજાના હાથમાં કાંશીજોડાં હોય છે. તે વલગાડવાળાને સામો બેસારીને વગાડે છે. અને કોઈ દેવિયોનો ડુવા ગાય છે.

બૌચરાજીના ડુવા

માનસરોવરી માય : ચાલ ચુંવાળના ચોકની :
બરદાલી બેચરાય : આવે ઉગમણા ગોખની : ૧

ખોડીયારના ડુવા.

ખરી દેવ ખોડીયાર : જેનો દીહે વાહો ડુંગરે.
સમરી સાચ દેનાર : આવે માતા આકરી. ૧

એ રીતે ચોંડ્યના ડુવા, ગઢેચીના ડુવા - શીકોતરના ડુવા, કે ધાવડીના ડુવા ગાય છે.

મેલડીના ડુવા.

ડાક સાંભળતા દૂર : દોડી અમાલા દેહમાં
તું હાજરા હજૂર : માતા આવે મેલડી.

એવા ડુવાં તેને ૨૦૦ કે ૪૦૦ આવડતા હોય, તેમાંથી બોલે છે. એ ડાકલાના અવાજથી ભૂતના ભ્રમવાળું માણસ ધુણવા લાગે છે. પછી ડાકલાવાળા તેને બોલાવે છે. ત્યારે ભૂત બોલે છે, કે હું ફલાણે ઠેકાણે રહું છું તે મારી જગ્યા પાસે એ માણસે પેસાબ કરયો. અથવા થુક નાંખ્યું. અથવા ઝાડે ફરયો, તેથી હું વળગ્યો છું. તે એનો જીવ લીધે છુટકો કરીશ.

પછી તેનાં સગાં સઊ કરગરવા લાગે છે. અને કહે છે, કે તમારે જોઇતું હોય તે લ્યો, પણ એનો છુટકો કરો. પછી તે ભૂત બોલે છે, કે શેર ૧ અડદનાં વડાં, તથા શેર ૧ ચણાના બાકળા, ખીર, તથા કંસાર એટલાં વાનાં એક ઠીબમાં મુકીને વચમાં ઘૌંના લોટનું રતન (દીવડું) ૧ મુકવું. તેમાં ચાર દીવા કરવા. પછી તે ઉતાર રવિવારની સાંજે અથવા મંગળવારની સાંજે આવીને, મારા સ્થાનકમાં મુકો. અથવા ચાર શેરીયોના ચોકમાં મુકોતો હું જાઉં; અથવા કાંઈ બીજું માગે છે.

પછી તે રીતે કરવાથી કોઇને ભૂતનો ભ્રમ મટે છે. અને એધુણનાર જ્યારે કોઈ મરી ગયેલાનું નામ લે છે, કે હું ફલાણો છું તે સમે તેનાં સગાં કહે છે, કે અમને કેમ મનાય કે તમે ફલાણા છો? ત્યારે તે ધુણનાર ઘૌના અથવા જારના દાણા

ચપટીમાં લઈને આપે છે. અને કહે છે કે હું ફલાણો હઈશ તો આ વાચા (એટલે) સમઅંક (બેકી) આવશે.

પછી તેનાં સગાં તે દાણા હાથમાં લઇને ગણી જુએ છે, ત્યારે કોઈ સમે તો તે પ્રમાણે આવે છે. તો પણ તેનાં સગાં ફરીથી વધાવો (વિષમ અંક) (એકી) માગે છે. અથવા તે પ્રમાણે આવે નહિ, તો ધુણનાર કહે છે, કે હવે ફરીથી જેમ માગો તેમ બરાબર દાણા આપું. પછી તે સમે તો સમજુ માણસોને મનમાં મોટું હસવા જેવું થાય છે. અને મૂર્ખને તો બરાબર વિશ્વાસ આવે છે. અને કોઈ સમે એ ડાકલાવાળાથી ભૂત કાંઈ ઉત્તર આપતું નથી, ત્યારે ભુવાને બોલાવે છે.

*

## વાર્તા ૩૨ મી

## ભુવાની વાત

આગળ લખેલી દેવીઓ જેના શરીરમાં આવતી હોય તે ભુવા કહેવાય છે. તે ભુવાને સપનામાં એ દેવીઓ વાતો કરે છે. તથા કોઈ ભુવાને પ્રત્યક્ષ વાતો દેવી કરે છે. એવાં ગપ ગુજરાતમાં ઘણાં ચાલે છે. અને તે ભુવા બ્રાહ્મણ, વાણીયા, તથા હરેક જ્ઞાતિના હોય છે, તેના ઘરમાં તેની દેવીનું સ્થાનક હોય છે.

જ્યારે ભૂત જવાબ આપે નહિ, ત્યારે ડાકલાવાળો કહે છે કે, આપણા ગામમાં એક ભરવાડ બેચરાજીનો ભુવો છે. તેની સાથે બેચરાજી પ્રત્યક્ષ વાતો કરે છે. અને એક ફલાણાને જીનનો વલગાડ હતો, તે એ ભુવાને આવતો દેખીને બળું છું. બળું છું, એમ બોલવા લાગ્યો હતો. એવી એ ભુવાની બડાઈની વાતો. એ વળગાડવાળાનાં સાંભળતાં, તેનાં સગાંને કહે છે. તેથી કોઈ સમે તો તે ભુવાને આવતો દેખીને બળું છું, જાઉં છું, એ રીતે ભૂત બોલવા લાગે છે.

અને જ્યારે કોઈ ભુવાને બોલાવા જાય છે. ત્યારે તે જઈને કહે છે કે, ભાઈ સાહેબ, અમારા સગાને અથવા પાડોશીને કાંઈ વલગાડ થયો છે, તે ભૂત ધુણે છે ખરૂં, પણ કાંઈ જવાબ આપતું નથી, અને ઘણા ઘણા ઉપાય કરી થાક્યા, પણ એ ભૂત જતું નથી. તેથી ત્રણ દિવસ થયા ડાકલાં બેસારયાં છે, ત્રણ રાતના ઉજાગરા અમારે સઉને થયા, મહા હેરાન થઇએ છીયે. તે વાસ્તે મહેરબાની કરીને તમે ત્યાં સુધી પધારોતો બહુ સારૂ. અને તમારે બેચરાજી સહાય છે. તમે ઘણાક લોકોના વળગાડ કહાડ્યા છે. તમે જશકર્મી છો. તે માટે તમારાથીજ તે ભૂત જશે.

એવું સાંભળીને ભુવો બોલે છે કે, ભાઈ, મારી બેચરાજી મને હુકમ આપશે, તો હું ત્યાં આવીશ. એમ કહીને પોતાના ઘરમાં દેવીના સ્થાનક પાસે ઘીની અથવા

જારની ઢગલી કરીને, તે સામો બેશીને. ભુવો કહે છે; કે હે માતા, આ ભુત કહાડવા જવાનો તારો હુકમ હોય, તો એક વાચા આપ્ય, એમ કહીને પોતાને હાથે એ દાણામાંથી ચપટી ભરી લઇને ગણે છે. તે જો બરાબર માગ્યા પ્રમાણે દાણા આવે, તો ભુવો ભૂત કહાડવા જાય છે. અને દાણા તે પ્રમાણે આવે નહિ, તો ભુવો કહેશે, કે ભાઈ, હું શું કરૂં મારી માતા હુકમ આપતી નથી. તે માટે હું નહિ આવું.

પછી તે માણસ કોઈ બીજા ભુવાને બોલાવા જાય છે. મેં સાંભળું છે કે, ઘોઘા બંદરમાં સરકારે બંદોબસ્ત કરયો છે, કે જે ડાકલું બજાવે, તેનો સવા રૂપૈયો દંડ લેવો, તેથી ત્યાં ધુણનાર ભૂતો ઓછાં થયાં છે. હું જાણું છું કે સરકાર બંદોબસ્ત કરે કે, ભૂતના વળગાડવાળાને ઈસપિતાળમાં પકડી જવાં. તો ભૂત જરૂર બંધ થાય. હવે ભુવાના ઉપાય લખું છું.

*

## વાર્તા ૩૩ મી

## ભુવાના ઉપાય

પછી તે ભુવો આવીને વળગાડવાળાને સામો બેસારે છે. અને ડાકલાવાળાને કહે છે કે, મારી દેવીના ડુવા બોલીને વગાડ્ય. પછી ભુવો ધુણવા લાગીને પૃથ્વી ઉપર હાથ પછાડે છે. તે ભુવાને માથે મોટો ચોટલો હોય છે. તે છુટો રાખીને ધુણે છે. લોઢાની સાંકળો પોતાના વાંસામાં મારે છે. તથા સળગતા કાકડા મોંમાં ઘાલે છે. એમ કોઈ રીતથી તે વળગાડવાળાને બીવરાવે છે. તેથી એ ભૂત જાઉં છું જાઉં છું એમ બોલે છે. તે ભૂતને સમ ખવરાવીને ભુવો કહાડે છે.

પછી પોતાની દેવીની બાધા આપે છે કે, આટલા રૂપૈયા મારી દેવી પાસે વાવરવા. વળી તે વળગાડવાળા ઉપર તેલનો વાડકો ફેરવીને ભુવો પીયે છે. એટલા ઉપાય કરતાં ભૂત બોલે નહિ, તો ભુવો કહેશે કે, એક કાકડો સળગાવીને મારા હાથમાં આપો તે હું મારા મોંમાં ઘાલું, અને બીજો કાકડો સળગાવીને એના હાથમાં આપો, તે એના મોંમાં ઘાલશે.

પછી તે ભૂતવાળો માણસ કાકડો હાથમાં લેતો નથી; કેમ કે એ ભુવો તો ઘણા દહાડાના અભ્યાસથી સળગતો કાકડો દાંત વચ્ચે દબાવીને, પાછો કહાડી જાણે છે. અને એ વળગાડવાળાને એવો અભ્યાસ ન હોય. ત્યારે ભુવો ધુણતાં ધુણતાં ભમવાળાના મોંમાં કાકડો ઘાલીને, તેથી દઝાડીને અથવા લોઢાના ચાબખા મારીને, ભૂતને બોલાવે છે.

કાંતો લીંબુ ચીંરીને, માંહે સીંદૂર નાંખીને, ચકલે મુકાવે કે, અથવા અડદના લોટનું પુતળું કરીને બાળે છે. વળી ઠાઠડી બંધાવીને ભુવો તેમાં સુવે છે. તેને ચાર જણા

'ઉપાડીને, સમશાનમાં લઈ જાય છે. તેની આગળ ડાકલાં વાગતાં હોય છે. તેનું કારણ એમ છે, કે તારૂં ભૂત મારા શરીરમાં લઈને, મેં સમશાન પહોંચાડી મેલ્યું.

એવી હરેક પ્રકારની મહેનત, પાંચ સાત દહાડા સુધી, અથવા જ્યાં સુધી પેલાનો ભ્રમ મટે, ત્યાં સુધી કરે છે. પછી ભુવો ધુણતે ધુણતે, ડાકલાં વાગતે ગામ બહાર જાય છે; તે સમે ઉઘાડી તરવારો બીજા માણસોના હાથમાં હોય છે. અને ભુવાના હાથમાં તો સાંકળ હોય છે. એ રીતે જઇને ગામને સીમાડે ઉતાર મુકી આવે છે. તેને વળામણું કહાડ્યું કહે છે. તેનું કારણ કે ભૂતને સીમાડા સુધી વળાવી આવ્યા.

એટલું કરતાં ભૂત જાય નહિ, તો ભુવો કહેશે કે, આને જીનનો વલગાડ છે. તે અમારાથી જશે નહિ. વાસ્તે મુસલમાની એલમ જાણનારનો શોધ કરો. પછી તેવા મંત્ર જંત્રનો ઉપાય કરે છે. તે લખું છું.

*

## વાર્તા ૩૪ મી

## મુસલમાની ઉપાય

મુસલમાની મંત્ર જંત્ર પણ હિંદુલોકોમાં, બ્રાહ્મણ, જતી આદિક કોઈ પણ રાખે છે. તે ઉપાયનો જાણનાર હિંદુ અથવા મુસલમાન તે ભૂત કહાડવા આવે, ત્યારે લોબાનનો ધૂપ કરે છે. મોરની પીછીયોથી ઝાડો નાખે છે.

મુસલમાની ભૂત કહાડવાનો મંત્ર નીચે લખું છું.

"બીસમીલ્લા, રહેમાન, રહીમ, એક ફૂલ, દો ફરમાન, ઉઠો"
"મહમદ લીયો કબાન, સાહ સુલતાન, પૂરા બાંધ, એક લાખ"
"એથી હજાર પેગંબરકી દવાઈ, ફલાણે કે ઘટ પીંડમેં પીડા"
"કરે, તોડ, તોડ, માર, માર, દમે સૈયદ, એહેમદ કબીર,"
"સતરસેં બલા, એકકું લાવે જંજીર બાંધ; બાવાહેદર, ભૂત"
"બલા, નવસો ડાકીણી, શાકીણી બાંધ, બાહકા કે લાઈલા"
"મહમદ રસુલ લીલ્લા."

એ મંત્ર પ્રથમ જ્યારે સાધે, ત્યારે દરરોજ એકસોને એકવીશવાર ૪૧ દિન સુધી ગણે છે. તે સમે પણ લોબાનનો ધૂપ ને ઘીનો દીવો કરે છે. અને છેલ્લે દિન નદી ઉપર જઇને ચોખા શેર ૨॥, દૂધ શેર ૨॥, સાકર ૦॥ અર્ધા શેર એ સર્વે રાધીને નદીએ લઈ જાય છે. ને ત્યાં મુસલમાનની પાસે ફાતીઆનો મંત્ર પઢાવીને વેહેંચી દે છે. તેથી મંત્ર સહુ થયો એમ જાણે છે.

---

૧. આવા ઉપાય ઘણું કરીને ગામડાના લોકો કરે છે.

પછી ભૂત, પ્રેત, કે ઝોટીંગને કહાડવા જાય, ત્યારે ચંબેલીનાં સાત ફૂલો લઈને એક ફૂલને સાત વાર મંત્રીને સુંઘાડે છે. પાણી મંત્રીને પાય છે, તથા સાતવાર ઝાડો નાખે છે. તેથી જીન ધુણીને બોલે છે કે, આ માણસ મારા મકાન પાસે થઇને ગયો, પણ મને સલામ કરી નહિ, તેથી હું વળગ્યો છું, માટે એક હોકો, તમાકુની ઠેલી, એક પથ્થરની કુંડી, ધોકો, અને સવાગજ કાળું અથવા લીલું લુગડું; એટલી જણશો મારા મકાનમાં આવીને મેલો, એટલે હું જઈશ. પછી તેમ કરે છે. તે મંત્રની ચીઠી ફારશી હરફમાં લખાવીને માદળીઆમાં રાખે છે. નંબર બીજાનું ચિત્ર જુઓ.

*

## વાર્તા ૩૫ મી

## વૈદકનો ઉપાય

પછી કોઈ વૈદને બોલાવીને પુછે છે, કે આ ભૂત તે શું હશે ? કે આવો કોઈ રોગ હશે ? ત્યારે વૈદ કહે છે કે, વૈદકના ગ્રંથોમાં પણ એ ભૂતની વાતો છે ખરી; જોગરત્નાકર નામે વૈદકનો મોટો ગ્રંથ છે. તેના આઠમા અધિકારમાં લખ્યું છે, કે છ પ્રકારના ઉન્માદના રોગ થાય છે. તેમાં એક તો ઘણા હરખથી, કે જેમ કોઈ ગરીબને ઘણુંક ધન જડે. તેના હરખથી તરત ઉન્માદનો રોગ થાય છે, તથા એવાજ મોટા અકસ્માત શોકથી પણ થાય છે, અકસ્માત મોટા ભયથી, વિષ ખાધાથી, બિગડેલું અન્ન ખાધાથી, ઘણા ક્રોધથી, તથા ભૂત આદિકના પ્રવેશથી ઉન્માદનો રોગ થાય છે.

તે ઉન્માદ છ પ્રકારના છે. વાત ઉન્માદ ૧, પીત ઊન્માદ, ૨, શ્લેષ્મ ઊન્માદ, ૩, સંનિપાત ઊન્માદ, ૪, વિષ ઊન્માદ, ૫, અને ભૂત ઊન્માદ, ૬. તે ઊન્માદનાં લક્ષણ એ છે, કે, "શુન્ય" કહેતાં કોઈ બોલે નહિ, ચાલે નહી, એવો થઈ જાય. અથવા "ચંચળ" એટલે ઉઠી ઉઠીને નાસવા લાગે, ચારે દિશે જોવા લાગે, બુદ્ધિ નાશ થાય, સર્વે વાતો વીસરી જાય, નાચવા લાગે, હસવા લાગે, તથા કોઈ સમે રોવા લાગે.

વાત ઉન્માદવાળો શરીર મરડે, ૧; પીતઊન્માદ ઘણો ક્રોધ કરે છે, ૨; કફઉન્માદવાળાને અરૂચિ થાય, એટલે કાંઈ ખાવા પીવાનું ભાવે નહીં, ૩; સંનિપાત ઉન્માદવાળાની સર્વ પ્રકારની સમજણ ટળે, ૪; વિષ ઉન્માદે મૂર્છા થાય, ૫; ભૂત ઉન્માદથી દુષ્ટ વચન બોલે; ગાંધર્વ ઉન્માદથી પેટમાં બળતરા થાય; જક્ષ આદિકના ઉન્માદથી આનંદ નાશે, ૬; એ છ ઊન્માદનાં લક્ષણો જાણવાં.

એ પ્રમાણે પછી તે છ ઊન્માદો મટવાના ઉપાય જુદા જુદા તે ગ્રંથોમાં લખ્યા છે. તેમાં ભૂત ઉન્માદનો ઉપાય એ છે, કે તે ઉન્માદવાળુ માણસ તુરત બીયે, એવો પ્રકાર કીધાથી તે ઉન્માદ મટે. તે એવી રીતે, કે કાંઈ ભયંકર જણશ દેખાડીએ; તરવાર

ઉઘાડી કરીને દેખાડીયે. અથવા તેને દોરડે મારીએ, કે મટોડીનો સાપ અકસ્માત તેના ઉપર નાંખીને બીવરાવીએ; કાંતો વાઘ કે હાથી દેખાડીએ, અથવા કોઈ રાજપુરૂષથી બીવરાવીએ. તે ઉન્માદવાળાની ઉમ્મર સામર્થ્ય, દેશ અને સમય, વિચારીને ઉપાય કરવો. ભૂત ઉન્માદે એ રીતે કરીએ, તો એનું ચિત સ્થિર થાય.

વળી તે ગ્રંથમાં તેજ ઠેકાણે લખ્યું છે કે, પિત્રી, દેવ, રૂષિ, તથા ગાંધર્વ, એ આદિકથી ઉન્માદ થયો હોય. તેના ઉપાય ઉપર કહ્યા તે નથી. એવો ઉન્માદ મટવો કઠણ છે.

વળી કહ્યું છે કે, બકરીના મૂત્રમાં હીંગ વાટીને, ધૂપ દીધાથી બળવાળાં ગ્રહનો ઉન્માદ મટે. અને ભૂતની પીડા પણ જાય. વળી સર્શવનાં ફૂલ, લસણ, પીપર, સર્શવ, હળદર, વજ, મજીઠ, તથા શુંઠ, એટલી જણશો બકરીના મૂત્રમાં વાટીને, તેની દીવેટ કરીને, છાયે સુકવી હોય તેનું કાજળ પાડીને આંખે આંજ્યાથી ઉન્માદ તથા અપશ્માર રોગ મટે. પછી એવા ઉપાયથી ભૂતનો ભ્રમ કોઈકને મટે છે. હવે જ્યોતિષના ઉપાય લખું છું.

*

## વાર્તા ૩૬ મી
## જ્યોતિષના ઉપાય

જ્યારે કોઈ માણસ જોશીને પુછવા જાય છે, કે અમારા સગાને અથવા પાડોશીને મંદવાડ થયો છે, તે શાથી થયો હશે ? અને તે શા ઉપાય મટશે ? પછી જોશી તે સમાનું લગ્ન તપાસે છે. તેની રીત લખુ તો ગ્રંથ વધે. વાસ્તે નહીં લખું. અને તે સમે જો મેષ લગ્ન હોય, તો જોશી કહે છે કે, એને પિત્રીની પીડા છે, તે શરીરે બળતરા થતી હશે, તથા કમાવાની, ચિંત્તા તાવ, અને વમન, એવી પીડા હશે; તે વાસ્તે બ્રાહ્મણને જમાડો, તર્પણ તથા પિંડદાન કરો, પાંચ દિવસ સુધી પીપળાના ઝાડને પાણીના ઘડા રેડો, એટલે દુઃખ મટશે.

વૃષ લગ્ન હોય તો જોશી કહે છે કે, ગોત્રનો દોષ છે. તે તાવ તથા ઘણી તરશ, બળહીણપણું, અને કાને, તથા આંખ્યોયે વિકાર હશે, તે વાસ્તે દુર્ગાના પાઠ કરાવો, નૈવેદ કરો, અને ખીરનો હોમ કીધાથી દોષ મટશે.

મિથુન લગ્ન હોય તો કહે છે કે દેવીનો દોષ છે, તે પુંઠે પીડા થતી હશે. તથા ભમના થતી હશે. વાસ્તે દેવીનું સ્થાપન કરીને પૂજા કરો, અને ગુગળનો હોમ ૧૦૮ વાર કરો, એટલે મટશે.

કર્ક લગ્ન હોય તો મોટો શાકણીનો દોષ જાણવો, તે અન્ન પચાવ ન થાય, વાયુ

થાય, મોંમા, અને માથામાં પીડા થાય ત્યારે ખીર તથા વડાંનું નૈવેદ કરવું, અને સાંજરે ચકલામાં દીવા સહિત ઉતાર મેલવો.

સિંહ લગ્ન હોય તો પ્રેતનો દોષ જાણવો. ત્યારે શરીર કંપવા લાગે, વાયનું જોર ઘણું થાય, ત્યારે દર્ભથી પુતલવિધાન કરવું, તથા પિંડદાન અને તર્પણ કરવું.

કન્યા લગ્ન હોય તો કર્મની પીડા જાણવી, ત્યારે મહાદેવ ઉપર અભિષેક કરાવવો, હોમ કરાવવો; અને એને પીડા એવી હશે કે સંનિપાત, મૂર્છા તથા ઘણો વાયુ, અને પિત્ત હશે.

તુલા લગ્ને ક્ષેત્રપાલ, એટલે કોઈ જગ્યાનો દેવ દુઃખ કરે છે. તેથી છાતીમાં તથા પુંઠે પીડા થતી હશે, માટે રાતાં ફૂલ, અને સીંદુર, તેલ, અડદ અને લોઢું એટલાનું દાન બ્રાહ્મણને આપ્યાથી મટે.

વૃશ્ચિક લગ્ને વૈતાલદોષ હોય. તેથી તાવ આવે, અને આંખ્યોમાં પીડા થાય. વાસ્તે ક્ષેત્રપાલની પૂજા, તથા ચંડીવિધાન કરવાથી મટે.

ધન લગ્ને મહામારી દોષ જાણવો. તેથી માથામાં સણકા આવે, શૂળ આવે. કંઠમાં પીડા થાય. માટે ખીર વડાનું નૈવેદ, અને દીવા સહિત સાંજે ચકલામાં ઉતાર મેલવાથી મટે.

મકર લગ્ન હોય તો રસ્તાની દેવી, કે ક્ષેત્રપાલનો દોષ હોય તેથી આંખ્યોયે પીડા થાય, અને તાવ આવે, ત્યારે મૃત્તિકાનું પુતળું કરીને, રાતાં ફૂલથી પૂજા કરવી. તથા શિવ ઉપર અભિષેક કરવાથી મટે.

કુંભ લગ્ન હોય તો પૂર્વજ, કે ગોત્રદેવ આદિકનો દોષ જાણવો, ત્યારે મન ઘણું ઉદાસી રહે, માથામાં પીડા થાય, તે વાસ્તે પીપળાને પાણી રેડવું, પિંડદાન કરવું, અને બ્રાહ્મણ જમાડવા, તેથી પીડા મટે.

મીન લગ્ન હોય તો શાકિણી દોષ જાણવો, તેથી પેટમાં બળતરા થાય, અને તાવ આવે, ત્યારે ગુગળનો હોમ કરવો, તથા બ્રાહ્મણ જમાડવા. તેથી પીડા મટે. એ આદિક જ્યોતિષના ઉપાય ઘણા છે, તે પણ ગુજરાતના લોકો કરે છે. હવે ત્રીજા પ્રકરણનો સારાંશ લખીશ.

*

## વાર્તા ૩૭ મી

# ત્રીજા પ્રકરણનો સારાંશ

વર્નાક્યુલર મંડળીયે ઠરાવ્યું છે કે, વહેમથી માની લીધેલા ભૂતને શરીરમાંથી કહાડવાને માટે ગુજરાતમાં શા શા ઉપાય કરે છે ? તે લખવું. તેથી મેં વિચાર્યું, ત્યારે ગુજરાતમાં ભુત કહાડવાના હજારો ઉપાય કરે છે. તેમાં કેટલાએક ઉપાય વેદના કર્મકાંડ

ગ્રંથના છે. કેટલાએક બૌધ મતના છે, તથા મુસલામાની છે, તેમાંથી મોટા મોટા ઉપાય થોડાક મુખ્ય છે, તેટલા આમાં લખ્યા.

તેમાં ભુવાના ઉપાય, તથા વાચા વધાવા આદિક ઉપાય, અસલના નથી, એમ જણાય છે. અને આ ત્રીજા પ્રકરણનો સારાંશ એ છે કે, જે ઉપાયથી ભૂતના ભ્રમવાળા માણસના મનમાં વિશ્વાસ આવે, કે હવે મારા શરીરમાંથી ભૂત ગયું; ત્યારે તે ભૂત જાય છે. અને વળી કાંઈ રોગથી, અથવા મુંઝવણથી, જાણે કે ફરીથી ભૂત મારા શરીરમાં આવ્યું. ત્યારે પાછું ભૂત આવે છે.

અને કેટલાએકને ભૂત કહાડનારના પરાક્રમનો વિશ્વાસ આવતો નથી. તેનું ભૂત કોઈ દહાડે જતું નથી. અને કોઈક તો જાણે છે કે, આ ભૂત જરૂર કોઈ દહાડે મારો જીવ લેશે, તો તેનો જીવ લે છે. અને ભ્રમવાળાને ગમે તેટલા દાખલા આપીને, ગમે તેવી શિખામણ આપો, પણ ભ્રમ મટશે નહિ. અને ભૂતની વાત સાચી કહીને ઉપાય કરશે, તે લાગુ થશે. હવે ચોથા પ્રકરણમાં ભ્રમ ઉત્પત્તિનો વિસ્તાર લખીશ.

**ईतिश्री कवि दलपतराम बिरचिते भाषा गद्यबंधे भूतादिक भ्रमभंजनग्रंथे भ्रमछेदन वर्तमानोपाय वर्णनं नाम तृतीयं प्रकर्णम् ॥ ३ ॥**

*

*

# પ્રકરણ ૪

## વાર્તા ૩૮ મી

## ભ્રમ ઉત્પત્તિનો વિસ્તાર

જેમ ગુજરાતમાં ભૂતનો ભ્રમ થાય છે. તેવા બીજા પણ ઘણા પ્રકારના ભ્રમ છે. મંત્ર શાસ્ત્રના ગ્રંથ ઘણાં વર્ષ થયાં ચાલે છે, એમ જણાય છે. તેમાં છ પ્રકારનાં મંત્ર છે. મારણ, એટલે કોઈને મારી નાખવાના મંત્ર. મોહન, એટલે કાનને તથા આંખ્યોને ભ્રમ ઉપજાવાના મંત્ર. સ્તંભન એટલે ચાલતું હોય તેને બંધ કરવાના મંત્ર. આકર્ષણ, એટલે કોઈને ખેંચી લેવાના મંત્ર, વશીકરણ, એટલે કોઇને વશ કરવાના મંત્ર. ઉચ્ચાટન, એટલે કોઇને પીડા કરવાના મંત્ર. તે મંત્રો પણ વેદના, બૌધમતના, મુસલમાની, તથા પુરાણના છે. તેથી ઉપર લખેલાં કામ થાય, એવા ભ્રમ છે, તથા સોનું રૂપું, કરવાના કીમિયાના ભ્રમ, તથા શુકનના ભ્રમ છે, એવા ઘણા પ્રકારના ભ્રમ છે, તેની વાતો વિસ્તાર સહિત લખું તો મોટો ગ્રંથ થાય, વાસ્તે થોડીક વાતો હવે લખીશ.

*

## વાર્તા ૩૯ મી

## મારણ મંત્ર વિષે

સંવત ૧૯૦૧ ના આસો મહિનામાં ભાવનગરના રાજા વજેશંગજીના ટીલાઇત કુંવર નામે દાદભા, તે ગામ શીઓરમાં દેવલોક થયા. તે સમામાં તેમના ઓરમાન ફટાયા ભાઈ નારૂભાયે, ભાવનગરમાં પચીસ બ્રાહ્મણોને પ્રયોગ કરવા બેસાડ્યા હતા, તે ઉપર શીઓરના લોકોને એવો ભ્રમ આવ્યો, કે દાદાકુંવરને મારવાસારૂ આ પ્રયોગ કરાવે છે.

પછી તે કુંવરની માયે પોતાના દીકરાની રક્ષા કરવાસારૂ ઘણાદેશી પરદેશી, મંત્ર જંત્રના જાણનારા બ્રાહ્મણ, જતી, ફકીર આદિકને ભેગા કરયા હતા, તેવાં આશરે ૧૦૦ માણસો ભેળાં થયાં હતાં, તેમાં કેટલાએક બ્રાહ્મણો મૃત્યુંજયના મંત્રથી મહાદેવ ઉપર [1]અભિષેક કરતા હતા. તથા કોઈ બગલામુખી આદિકના પાઠ કરતા હતા; અને એક કલકત્તાનો વાણીયો ત્યાં હતો. તેણે ઘણાં ઘણાં મંત્ર જંત્ર કરયા હતા, તોપણ તે કુંવર સ્વર્ગે ગયાં.

પછી એવી વાતો ચાલી કે, નારૂભાયે હવન કરાવ્યો, તેમાં બકરાના મોમાં ડાંગેર ભરીને એ બકરાં કુંડમાં હોમ્યાં, તથા તે પ્રયોગમાં બેસનારા બ્રાહ્મણો તેલથી નાહ્યા,

૧. સંપુટ રૂદ્રાભિષેક.

તેમાં ગીરજાશંકર મુખ્ય હતો, તેને બીક લાગી કે દાદભાની તરફનાં માણસો મને હથિયારથી મારી નાખશે.

પછી નારૂભાયે તેને સાથે ફરવા નિરંતર પાંચ સિપાઇઓ આપ્યા હતા, અને ઘણા લોકો એમ સમજે છે, કે આ બ્રાહ્મણે પ્રયોગ કરીને દાદભાને મારયા છે. એ રીતે બીજી ઘણી વાતો જગતમાં મારણની સંભળાય છે.

અને કોઈ માણસ અચાનક મરી જાય. તો ગુજરાતી લોકો સમજે છે કે આ માણસને કોઇએ મુઠ મારી, તેથી મરી ગયો. તે મુઠ મારવાથી ઝાડ સુકાય, અને પથ્થર ફાડે. એવાં ગપ્પાંની વાતો લખતાં પાર આવે નહીં, હવે મોહનઆદિક મંત્રની વાત નીચે લખીશ.

*

## વાર્ત્તા ૪૦ મી

## મોહન આદિક મંત્ર વિષે

મોહનમંત્રની વાતો મંત્રશાસ્ત્રમાં છે, પણ તેથી ગુજરાતમાં હમણાં વધતી મોહનવિદ્યા સંભળાય છે. તે એવી રીતે કે આંખ્યોને તથા કાનોને મોહ ઉપજાવાવની કલાઓ જાણનારા, કોઈ ઘરાણું કુવામાં નાંખી દઈને બીજી જગોમાંથી કહાડીને દેખાડે છે. તથા અજાણ્યાં માણસોનાં નામ [1]બોલી સંભળાવે છે. તથા લુગડું બાળી નાંખીને સાજુ કરી દેખાડે છે. આંબાનું ઝાડ તરત ઉત્પન્ન કરે છે. ચામડાનો સર્પ કરે છે. કાંકરાના રૂપૈયા કરે છે, ઠાલા હાથમાંથી હરેક પ્રકારની જણશો કાહાડે છે. તે દેખીને મૂર્ખ લોકો સમજે છે, કે કોઈ દેવ આવીને આવું કામ કરે છે. પણ તે વાત શાસ્ત્રથી સર્વે ઉલટી છે, અને એવાં કામ કરવાથી દેવની લાજ વધતી નથી.

સ્થંભનમંત્ર ગ્રંથોમાં છે, તેમાં લખે છે કે આ મંત્રથી શત્રુનું લશ્કર આવતું હોય તો ઉભું રહે, તથા વાદીલોકોની મોરલી વાગતી બંધ થાય, પ્રતિવાદીની બુદ્ધિ બંધ થાય, વહેતું પાણી બંધ થાય, અને નાસતો ચોર ઉભો રેહે.

આકર્ષણ મંત્રની વાતો મેં સાંભળી છે, કે કોઈ રાજાની રાણીએ દાસી સાથે ચૌટામાંથી ફૂલેલ તેલ મંગાવ્યું હતું, તે લઈને દાસી આવતી હતી, ત્યારે એક જતી મળ્યો, તેણે કહ્યું, કે આ એક સળી ભરી લેવા દે. પછી તે તેલમાં આકર્ષણ મંત્ર ભણીને સળી ફેરવી, તેની દાસીને કાંઈ સમજણ પડી નહી. પછી રાણીએ કટોરામાં તેલ ફરતું દેખીને દાસીને પૂછ્યું, કે રસ્તામાં તને કોઈ મળ્યું હતું ? ત્યારે તેણે કહ્યું કે, આપણા ગોરજીએ એક સળી ભરી લીધી છે. બીજુ કોઈ મને મારગમાં મળ્યું નથી. પછી એ તેલ એક

---

૧. કર્ણપિશાચી

મોટો પથ્થર પડ્યો હતો, તે ઉપર નાંખી દીધું. તે પથ્થર રાતમાં ઉડી જઈને પેલા જતીના અપાશરામાં પડ્યો. પછી તે વાતની રાજાએ માલુમ થયાથી જતીને મારી નાંખ્યો.

વશીકરણની વાતો ગુજરાતમાં ઘણી ચાલે છે. તેમાં કેટલીએક બાયડીઓ પોતાના ધણીને વશ કરવાસારૂ કોઈ મંત્ર જાણનારા પાસે દોરો અથવા ચીઠી કરાવીને માદળીયામાં રાખે છે તથા કાંઈ જણશ મંત્રાવીને ધણીને ખવરાવે છે.

કારભારી લોકો રાજાને વશ કરવા સારૂ મંત્રના ઉપાય કરે છે. તથા કોઈ પુરૂષો બાયડીને વશ કરવાસારૂ મંત્ર જાણનાર પાસે ઠગાય છે.

ઉચ્ચાટન, એટલે કોઈ શત્રુને મારી નાખતાં દયા આવે, ત્યારે, કે છીનાળ બાયડી પોતાના ધણીને ગાંડો કરવાસારૂ ઉચ્ચાટ મંત્રના ઉપાય કરાવે છે.

અને કીમિયાની વાતો પણ કેટલીએક ગ્રંથોમાં લખેલી છે. પણ આ સમયમાં સોનું, કે રૂપું બનતું નથી, અને એવી વાતોથી લોકો ઘણા ઠગાય છે.

શુકનના ભ્રમ, જે કાંઈ કામસારૂ ઘેરથી નીસરે ત્યારે સારા શુકન મળે, તો મનમાં રાજી થઈને તે કામ સારૂ જાય છે. અને ખોટાં શુકન મળે, તો તે સમે પાછો ઘેર આવે છે. અથવા જરૂરનું કામ હોયતો જવું પડે, પણ મનમાં રાજી નહી. અને જાણે કે શુકન ખોટાં થયાં છે, માટે આ કામ થનાર નથી : હવે આ ઠેકાણે હું લખું છું કે, શુકનમાં અરૂંધતીનું મત લેવું. કહ્યું છે, કે જ્યારે મનમાં ઊત્સાહ થાય, તેજ શુકન સારાં જાણવાં. (अरूंधती मनोत्साहे) હવે ભ્રમ શોધનનો વિસ્તાર લખું છું.

*

## વાર્તા ૪૧ મી

## ભ્રમ શોધનનો વિસ્તાર

હવે તો ગ્રંથ ઘણો મોટો થાય, તે માટે મંત્રના શોધનની વાર્તા થોડામાં લખીશ.

એક વડનગરની ધીણોજાની મંડળી પરદેશમાં કમાણીસારૂ ગઈ. ત્યાં પોતાના સિદ્ધ સાધક થઇને જુદા જુદા વેષ ધરીને ગામમાં રહ્યા; એવામાં ત્યાંના સાહુકારનો દીકરો મરી ગયો હતો, તેની ઠાઠડી ઉતરાવીને જોગીએ જીવતો કરયો. તથા ભવિષ્ય કહ્યું કે રાજાના ચાર ઘાડો મરી જશે. તે વિષ ખવરાવીને મારયા, અને પ્રયોગ કરીને રાજાની આવરદા વધારી.

સોનાની વીંટી છાની રાખીને ગાળેલા પિત્તળની વીંટી કુવામાં નંખાવીને તે વીંટી બીજે ઠેકાણેથી કહાડી આપીને ભ્રમ ઉપજાવે છે.

એક લુગડું બાળી નાખીને તેવું જ બીજું લુગડું દેખાડીને ઠગે છે.

કોરા કાગળમાં આકડાના દૂધથી અક્ષર લખીને, ઉપર કોરા કંકુનું સ્થાપન કરીને,

કંકુના અક્ષર દેખાડીને વિધાતાનો લેખ સમજાવીને મોટા રાજાઓને ઠગે છે.

ઠાલા હાથમાંથી કોઈ પ્રકારની જણશ દેખાડે છે, તે સર્વે હાથની ચાળવણી છે. પણ મંત્ર સમજવો નહિ. કેમકે વિલાયતના ઘણા લોકો એવું કરી જાણે છે.

સ્તંભન અને આકર્ષણની વાતોનાં સર્વે ગપ્પાં જગતમાં ચાલે છે, તે લખતાં પાર આવે નહિ.

કોઈ ઠેકાણે તાડનાં ઝાડ ૯ હતાં, તે કોઈ આકર્ષમ મંત્ર જાણનારે ઉડાડ્યાં, તે ઉડતાં દેખીને, સ્તંભન મંત્ર જાણનારે પંદર ગાઉ ઉપર જતાં પડાવ્યાં; ત્યાં અમદાવાદમાં નવતાડી આજ કહેવાય છે. પણ તેનું કારણ કાંઈ બીજુ હશે.

એક ભારે લીંબડો કોઈના ઘર પાસે હતો, તે કાપી લેવાનો હુકમ સરકારે કરયો, તેથી મંત્ર જાણનારે લીંબડો પૃથ્વીમાં સથાવીને, ઉપર ટોપલો ઊંધો પાડ્યો; ને પાંચ દિન પછી પાછો તેજ મોટો લીંબડો પ્રગટ કરયો, એવાં ગપ્પાં ચાલે છે.

એક શિવધર્મવાળાને કોઈ મુસલમાન જાદુગરે શિવલિંગ આપીને કહ્યું, કે તારા મહાદેવ સાચા હોય તો. આ લિંગ સાચવીને રાખજે, નહિતો મારા પીર પાસે મંગાવી લઈશ. પછી કોઈ ડાહ્યા માણસના કહ્યાથી જાણ્યું કે, બરાસકપુરનું લિંગ છે. તે થોડાક દિવસ પછી ઉડી જશે.

એક રાજાની બે રાણિયોને વશીકરણની ચીઠિયો એક બ્રાહ્મણે કરી આપી હતી. તેમાં લખ્યું હતું, કે મોટી રાણીનું માન વધશે તોય અમારે ઠીક છે. અને ન્હાનીનું વધશે તોય ઠીક છે. પછી તે ચીઠીથી બંને રાણીયોનું ધાર્યું કામ થયું. પછી તેનુ રાજાને જાણ થયાથી માદળીયામાંથી ચીઠીયો વાંચીને હસવા જેવું થયું.

કીમિયાની વાત વિષે કોઈ વિચાર કરતું નથી. કે એ ધણીને સોનું રૂપું નિપજાવતાં આવડતું હશે, ત્યારે પોતેજ મોટો આશામી થઈ બેસશે નહીં કે શું ? બીજાને શા સારૂ સોનું કરી આપશે ? હવે ડાઢાશુકનની વાત લખું છું.

*

## વાર્તા ૪૨ મી

## ડાઢા શુકન વિષે

એક ગામડામાં અખાત્રીજને પરોઢિયે પાંચ જણા મળીને ગામ બહાર ડાઢાશુકન જોવા ગયા. તે શિયાળ આદિકના શબ્દનાં શુકન સાંભળીને પાછા આવતાં તેઓમાંનો એક જણ પેસાબ કરવા બેઠો. અને ચાર જણા ઊભા હતા, તે સમે ગામમાં ખેડુની બાઇડીએ ધણીને પૂછ્યું; કે આ વર્ષમાં આપણે બળદ લેવો પડશે કે નહી લેવો પડે ? ત્યારે તેણે કહ્યું, કે આ ચાર ઉભા છે, તેઓનેતો કાંઈ થનારું નથી. પણ આ એક બેઠો

છે. તેની આ વર્ષમાં આશા નથી; એતો હું જાણું છું કે જરૂર મરી જશે.

પછી એવા શબ્દનાં શુકન સાંભળીને જે માણસ પેસાબ કરવા બેઠો હતો, તેણે મનમાં નક્કી કર્યું કે હું આ વર્ષમાં જીવનાર નથી. પછી મેં સાંભળ્યું છે, કે એ માણસ તે ફડકામાં શરીરે સુકાઈને મરી ગયો.

ગુજરાતમાં ભુતના ભ્રમથી જેમ માણસો મરી જાય છે, તેમજ બીજા પણ ઘણી રીતના ભ્રમ છે; તેથી ભોળા માણસો બિચારાં મરી જાય છે. વાસ્તે માણસોમાં સમજણ આવે, અને એવા ભ્રમની વાતો સાચી માને નહીં, તો ઘણું સારૂં. અને શાસ્ત્રમાં પણ એવી વાતો કોઈ ઠેકાણે લખી નથી.

એક કણબીની ડોશીના ઘરનાં છાપરાં ઉપર બેશીને હોલો બોલતો હતો, તે સમે તે ડોશી રોવા કુટવા માંડતી હતી. તેવામાં એક બ્રાહ્મણ ત્યાં આવ્યો, તેને ડોશીએ કહ્યું; કે મહારાજ, આ મારોપીટો હોલો, મારી કેડે થયો છે. તેણે મારા ધણીને, તથા બે દીકરા અને એક દીકરી એટલાં માણસોને ખાધાં; અને હજી મારા જીવ કેડે થયો છે, તે રોજ આવીને મારા ઘર ઉપર બેશીને બોલે છે.

પછી તે બ્રાહ્મણે કાંકરા મંત્રીને આપ્યા, તે સાત દિવસ સુધી હોલા સામા નાંખ્યા, એટલે હોલો ત્યાં આવ્યો નહીં. તેથી તે બ્રાહ્મણને ડોશીએ પરમેશ્વર જેવો જાણ્યો.

ગુજરાતમાં કોઈના ઘર પર હોલો નિત્ય બેસે, અથવા ઘૂડ બેસે, તો તેના ઘરનું માણસ મરે. એમ લોકો સમજે છે. તથા કોઈ માણસ ઊપર કાગડો બેસે, કે કરોળી પડે, તો તેની આવરદા ઘટે. વાસ્તે તે સમે પહેરેલાં લુગડાં, બ્રાહ્મણને આપી દઈને સ્નાન કરે છે, અને જો રાજા હોય, તો તેની મોટી શાંત્તિ કરે છે. ને હોમ કરાવે છે. તેતો કામ ઠીક છે, કેમ કે કોઈ પ્રકારે પુન્ય કરવું તે મોટી વાત છે.

પણ કોઈ ગરીબ માણસને ધન ખરચીને પુન્ય કરવાની શક્તિ નહોય, તો એવાં શુકનથી વિસ્મય થઈને જીવ બાળવો નહીં, કેમકે તેથી ઉન્માદનો રોગ થાય છે. વાસ્તે તે લોકોએ પરમેશ્વરને સંભારીને નમસ્કાર કરવો. પછી નિર્ભય થઈને રહેવું. કહ્યું છે કે, ''येन मस्यंति गोविंद न तेषां वाधते भयं'' જે પ્રભુને નમે છે તેને ભય લાગતો નથી.

વળી જન્મોત્તરીના અને વર્ષફળના વિશ્વાસથી, કે સંક્રાંતિના ભાવ ઉપર નિશ્ચય લાભ જાણિને, વેપાર સારૂ વસ્તુ સંઘરી રાખવી નહીં. અને આવતા વર્ષમાં રાજયોગ ઉપજવાનો હોય, તેથી ઉદાર થઈને ઘરમાંથી ધન ઉડાડી દેવું નહીં. હવે ભ્રમછેદનના ઉપાયનો વિસ્તાર લખીશ.

*

## વાર્તા ૪૩ મી

# ભ્રમછેદન ઉપાયનો વિસ્તાર

કેટલાએક પ્રકારના ભ્રમ મટાડવાસારૂ, તથા આગળ લખેલા મારણ આદિક કામસારૂ, મંત્રના પ્રયોગ કરે છે. તેમાં જે વેદના મંત્ર છે, તેનો અધિકાર બ્રાહ્મણવિના બિજાવરણને આ સમયમાં નથી. તે માટે તે મંત્ર નહીં લખ્યું, અને મુસલમાની એક મંત્ર પાંત્રીશમી વાર્તામાં લખેલો છે. તેમજ બૌધ મતના મંત્ર પણ ઘણા છે; તેમાં ઘંટાકરણ વીરનો મંત્ર મુખ્ય છે. તેની રીત થોડીક લખું છું. અને ભુત કહાડવામાં પણ એ મંત્ર ઘણા ચાલે છે.

તેનો પ્રયોગ, જે સમે હસ્તનક્ષત્ર, મૂલ, કે પુષ્ય, એ નક્ષત્રે સૂર્ય હોય ત્યારે અજવાળિયામાં પાંચમ, દશમ, કે પુન્યમે, અને અંધારીયામાં આઠમ, ચઉદશ, કે અમાસ, હોય તે તિથિમાં આદર કરે છે. તેમાં સારા કામ વાસ્તે અજવાળિયામાં, અને મારણ કે ઉચ્ચાટન સારૂ અંધારિયામાં કરે છે.

તે બાગમાં અથવા દેવમંદિરમાં કે ઘરમાં પવિત્ર ઠેકાણે એકાંતમાં બેશીને મંત્ર સાધે છે. પ્રથમ ह्रीं ह्रीं गंगेजलाय नम: એ મંત્રથી સ્નાન કરે છે. ॐ ह्रीं क्लीं आनंद देवायनम: એ મંત્રથી શુદ્ધ વસ્ત્ર પહેરે છે. પછી ॐ ह्रीं श्रीं भूम्यादिदेवतायै नम: એ મંત્રથી પૃથ્વીની પૂજા કરીને તે ઠેકાણે બેસે છે.

ધૂપ, તથા ઘીના અને તેલના દીવા કરે છે. પછી ઘંટાકરણને દીલમાં સંભારીને ચોખુણ જંત્રમાં ફરતો મંત્ર લખે છે, તે મંત્ર ॐनमोघंटाकर्णोमहावीर: એ આદિક મંત્ર ૩૩૦૦૦, બેંતાળીશ દિવસમાં પૂરો જપે છે. પછી હોમ કરે છે.

પુરૂષ આકારે યંત્ર લખીને, તેમાં મંત્ર લખીને, તે ચીઠી માદળિયામાં રાખે, તો તેનાથી ભૂત, પ્રેત આદિક નાશી જાય, રાજાનો ભય ન ઉપજે, અને એ મંત્રથી સવારમાં એકવીસ વાર પાણી મંત્રીને, ત્રણવાર હાથમાં લઈને પીયે, તો તરત વિદ્યા આવડે. એ મંત્ર એકવીશવાર ભણિને થુંકનું ટીલું કરે, તો તેને દેખીને રાજા વશ થા. એ મંત્ર એકવીશવાર ભણિને, પોતાની પાઘડીને છેડે ગાંઠ દીધાથી તેને દેખીને શત્રુ વશ થાય. એ મંત્ર સાતવાર ભણિને ટીલું કરયાથી પોતાની બાયડી વશ થાય. ૨૧ વાર ભણિને પાસે રાખવાના લુગડાને ગાંઠ દીધાથી રસ્તામાં ચોર, જનાવર, અગ્નિ અને જળ આદિકના આઠ ભય ટળે. એ મંત્ર મનમાં સંભારયાથી શાકિનીનો તથા ગ્રહનો ભય મટે.

છ ખુણાનો યંત્ર લખીને, ધોળાં લુગડાં પહેરીને, ધોળા આસન ઉપર ઉગમણે મોહોડે બેશીને, ધોળી માળાથી એ મંત્ર સવાલાખવાર જપવાથી, તથા દરાખ, ચારોળી,

બદામ, અને ટોપરૂં, હોમવાથી ધન મળે.

અષ્ટદલ યંત્ર લખીને મંત્ર જપવાથી. તથા હોમ કરવાથી કુખ છુટે, અને સંતાન થાય. એ યંત્ર ભોજપત્રમાં લખીને માદળિયામાં ઘાલીને, બાયડીની પાસે રખાવીએ તો તે સ્ત્રી વશ થાય.

એ ઘંટાકરણનો કલ્પ છે. તેમાં એવી ઘણી વાતો લખી છે, કે આ રીતે મંત્ર જપે, અને આ રીતે હોમ કરે, તો શત્રુ મરે, અગ્નિ સ્તંભન, સિંહ સ્તંભન, અને ચોર આદિક સ્તંભન થાય.

વળી સર્પ, વીંછી ઉતારવાની રીત; તાવના દોરાની રીત એવા ઘણા પ્રકાર તેમાં લખ્યા છે. પણ આ ઠેકાણે થોડીક વાતો લખી દેખાડી છે.

પંચ કોણ યંત્ર ચીઠીમાં લખીને ગાયને કે ભેંશને ગળે બાંધે, તો દોવા દે, છઠા નંબરનું ચિત્ર જુઓ, આ મંત્રથી મારણ ઊચ્ચાટન, વશીકરણ, સ્તંભન, આકર્ષણ, અને મોહન, એ સર્વે કામ થાય છે. તેના હોમની રીત તથા જપની રીત જુદી જુદી છે.

હવે એ વાતનો સારાંશ એ છે કે, મેં એવા મંત્ર જંત્ર ઘણા કરી જોયા છે, પણ તેથી કાંઈ કામ થયું નથી. એતો કેવળ ભ્રમના છે. અને કેટલાએક સાચા મંત્ર હશે. પણ આ મયમાં તે સિદ્ધ થતા નથી. એ રીતે જરૂર સમજીને ભ્રમના રાખવી નહી.

અને પોતાના સુખસાર દેવતા નામના નામના મંત્ર જપવા, પણ તે દેવ સાથે વાતો કરવાની આશા રાખવી નહીં અને મંત્રના નામથી કોઈ તમાસો કરી દેખાડે છે. પણ તે તો હાથની ચાળવણી છે. તેમાં મંત્રનું કારણ નથી.

એક સર્પ ઉતારનાર મારા મિત્રને મેં કહ્યું કે, મંત્ર ભણ્યા વિના પાણી છાંટીને બોલાવો જોઈએ, સર્પ બોલે છે. કેનથી બોલતો ! પછી તેમ કરયું, તો પણ સર્પ ઉતરયો ખરો. વળી સર્પ ઉતારનારને તથા ઊતરાવનારને નક્કી વિશ્વાસ હોય, તો પરમેશ્વરના નામના મંત્રથી પણ સર્પ ઉતરે છે. તેની એક વાત અમદાવાદ શેહરના નગરશેઠ, હીમાભાઈએ મારી પાસે કરી છે.

કે આ શહેરમાં કોઈ મુસલમાનને એક જતી સાથે ઘણો સ્નહેથયો, ત્યારે તેણે જતીને કહ્યું કે, તમારા પાસે મંત્ર ઘણા એક છે. તેમાં જેથી સર્વ કામ થાય. એવો મંત્ર મને આપો પછી તેણે નવકારનો મહામંત્ર આપ્યો. તે મંત્રથી મુસલમાને સર્પ, વીછી, ઘણાએકના ઉતારયા, અને આખા શહેરમાં તેના જેવો સર્પ ઉતારનાર કોઈ કહેવાતો નોહોતો.

પછી તેની પાસે એક વાણીએ ઘણી વિનંતિ કરીને સર્પ ઉતારવાનો મંત્ર માગ્યો, તે મુસલમાને નવકાર મંત્ર કહ્યો. તે સાંભળીને વાણીએ કહ્યું, કે એ મંત્રતો વાણીઆ માત્રને આવડે છે, કાંઈ છાનો નથી. એમ કહીને બોલી સંભળાવ્યો. એટલે એ મુસલમાન

પણ જાણ્યું કે આ મંત્રતો સહુને આવડે છે, એમાં શું. પછી તે મંત્રથી સર્પ કે વીંછી ઉતરયો નહી.

*

## વાર્ત્તા ૪૪ મી

## નજર ભાવ ન લાગવાના ઉપાય

ચૌદમી વાર્તામાં નજર લાગવાની વાત લખી છે. તે નજર ન લાગે, તે સારૂં કેટલાક ઊપાય અગાઉથી કરી રાખે છે. તે એવી રીતે કે જ્યારે છોકરાંને સણગારે, ત્યારે તેના કાન પાસે અથવા ગાલે, મેશનો ચાંલ્લો કરે છે. તેનું કારણ કે, કાળારંગમાં તથા લોઢામાં નજર લાગે નહી.

વળી છોકરાંને નજર લાગે નહી, એટલા સારૂં, તાંબાના પત્રામાં પંદરો યંત્ર અથવા વીશો યંત્ર કાઢીને બાળકને ગળામાં રાખે છે, તથા વજરગોટા રાખે છે. કચકડાનું બલૈયું કરાવીને બાળકના હાથમાં રાખે છે. ખડગપાત્રની વીંટી, વાઘનો નખ, અથવા દાંત મઢાવીને બાળકના ગળામાં રાખે છે.

લોઢાની વીંટી કોઈ ઘરેણા ભેળી બાંધીને ગળામાં રાખે છે. પાઘડી બાંધે એવડું છોકરૂં હોયતો પાઘડીમાં લીંબુ રખાવે છે. હનુમાન પતાકા આદિક યંત્ર ભોજ પત્રમાં લખીને તે રૂપાના માદળિયામાં અથવા ત્રાંબાના માદળિયામાં ઘાલીને ગળામાં રાખે છે. અથવા હાથે બાંધે છે.

પંચરંગી હીરનો દોરો અથવા કુંવારી કન્યાએ કાતેલા સૂત્રના સાત તાંતણાના દોરામાં મંત્રીને, કાળીચઉદશની રાત્રે અથવા રવિવારે મંગળવારે મંત્ર જાણનારે ગાંઠો સાત પાડી આપી હોય, તે દોરો માદળિયામાં રાખે છે.

મસાણમાંથી લોઢાનો ખીલો કોઇને જડ્યો હોય, તે ખીલો, અથવા મંગળવારની સાંજે મસાણમાં જઇને ખીલો ડાટી આવે તે દિન ૮ પછી મંગળવારની સાંજવેળાએ એજ ખીલો લઈ આવે, તેનું કડું બનાવે તે કાળીચૌદશની રાત્રિએ અથવા ગ્રહણ વેળાએ, કોઈ મંત્ર જાણનાર કડું મંત્રીને આપે, તે પછી સોને કે રૂપે મઢાવીને અથવા મઢાવ્યા વિના હાથમાં રાખે છે.

એવા ઘણાક ઉપાય નજર લાગે નહી, તે સારૂ આગળથી કરી રાખે છે, હવે કેટલીએક જણશોમાં નજર ન લાગે, તે સારૂ ઊપાય કરે છે તે લખું છું.

*

## વાર્તા ૪૫ મી

# જણશોમાં નજર ન લાગવાના ઉપાય

કોઈ પર્વના દિવસમાં સુખડીઆ લોકો ભાત ભાતની સુખડી કરીને વેચવા બેસે છે. તેમાં કોઇની નજર ન લાગવા સારૂં લીંબુ મુકે છે, અથવા લોઢાની ખીલો રાખે છે. વળી વિવા સારૂં અથવા આડે દહાડે કોઈને ઘેર શેવો વણતા હોય, તથા વડિઓ મેલતા હોય, કે પાપડ સુકવ્યા હોય તેમાં નજર ન લાગવા સારૂ લીંબુ મુકે છે, અથવા છરી મુકે છે.

અને નવા ઘરેણાંને, નવારંગેત ઘોડીઆને, નવા ઢોળિયાને, એવી કોઈ નવી જણશને કાળા હીરનો દોરો વીંટે છે. તે વીંટે નહી, અને, જો કદાપિને તે જણશને પછી કાંઇ તૂટેલી કે નુકશાન થયેલી દેખે તો કહે છે કે આ કોઇની નજર લાગી તેથી થયું. તેમજ નવાં લુગડાને કાળા હીરનું ભરત ભરે છે.

અને ઝાઝાં માણસોને જમવા સારૂં ચોકમાં દૂધપાક કરતા હોય, ત્યારે તે દૂધમાં કોઇની નજર બેસે નહી, તે સારું કોયલાનો કડકો તે તાવડામાં નાંખે છે. સારા ચોખા અથવા સારી દાળ ચૌટામાંથી લાવતાં, અથવા ઘરે લાવ્યા પછી, કોઇની નજર તેમાં બેઠી હોય. તે સારૂ રસોઈ કરનાર માણસ તે અનમાંથી થોડુંક લઈને, તપેલા ઉપર ફેરવીને ચુલામાં નાંખે છે.

એવી વાતો મારી નજરે મેં ઘણી જોઈ છે, તેથી લખી છે. અને જ્યારે છોકરૂં માંદુ થાય, અથવા દુબળું થાય, ત્યારે તેની મા જોશીને પુછીને ઉતાર મેલે છે. તેની વાત નીચે લખું છું.

*

## વાર્તા ૪૬ મી

# નજર ભાવના ઉતાર

બાળકની મા જોશીને પૂછે છે કે, આ બાળક શાથી માંદુ અથવા દુબળું થયું હશે ? ત્યારે જોશી કહે છે, કે આ બાળકને ધવરાવતી વેળામાં કોઈ માણસ આવ્યું હશે, તેની નજર બેઠી છે, અને માના તથા બાપની નજર પણ છોકરાંને [1]લાગે, તે માટે રવિવાર અથવા મંગળવારને દિવસે કોરા કોડીયામાં ધાવણ લઈને, ચાર શેરીઓનાં ચોકમાં પાણીનું કુંડાળું કરીને સાંજ વેળાએ તેમાં મુકી આવો, તેથી નજર ભાવ મટશે.

૧. ગુજરાતમાં કહેવત છે, કે ડાકણ પેહેલી ઘરનાંને ખાય, વાસ્તે લોકમાં જે ડાકણ કહેવાતી હોય, અને તેનાજ દીકરા કે ધણી આદિક મરી જાય, ત્યારે ગુજરાતી લોકો તેની પછવાડે એવી વાતો કરે છે, કે ફલાણીએ પોતાના ધણીને તથા દીકરાને ખાધો

અથવા જોશી, તે બાળકની માને પૂછે છે કે, એ બાળકને તમે કાંઇ ખવરાવતાં હતાં, તે વેળામાં કોઈ માણસ આવ્યું હતું ? તેની નજર લાગી છે. પછી તે બાળકની મા વિચાર કરીને કહે છે, હું ફલાણી જણશ આ બાળકને ખવરાવતી હતી, તે વેળામાં એક માણસ આવ્યું હતું, તેની નજર લાગી હશે.

પછી જોશી કહે છે, કે તે જણશ કોડીયામાં લઇને, ઉપર લખ્યા પ્રમાણે ચકલામાં મુકી આવો, તેથી સુખી થશે. કદાશને બાળકની મા કહેશે, કે મને તો કાંઈ ખબર રહી નથી. કે ક્યારે નજર લાગી હશે ? ત્યારે જોશી ઉપાય બતાવે છે, કે કંસાર, રોટલી, ચણાના બાકળા, વડાં, સુંવાળી, અને ખીર, એટલી જણશો કોરી ઠીબમાં અથવા રામપાત્રમાં મુકીને, તથા પીળું લુગડું, ઘૌંના લોટનું એક રતન તેમાં દીવા ચાર મેલીને, એ ઉતાર સાંજ વેળાએ; ચાર શેરીના ચોકમાં પાણીનું કુંડાળું કરીને તેમાં મેલી આવો.

તે મેલવા જતાં તથા આવતાં મોહોડેથી કાંઈ બોલવું નહીં. અને તે કુંડાળામાં મેલતી વેળામાં એટલું કહેવું કે, "લેજે ભોગ, અને ટાળજે રોગ." પછી તે ઉપાય કરે છે, એ કુંડાળાનું નામ ગુજરાતમાં ડાક્યણ કુંડાળું કહે છે. અને એ રસ્તે ચાલતાં તે કુંડાળામાં જો પગ આવે, તો તે પગ લુલો થાય, એમ લોકો સમજે છે.

હવે છોકરાંને નજર લાગી હશે, કે નહી લાગી હોય; તેની પરીક્ષા કરવા સારૂ નજર બાંધે છે તેની વાત લખું છું.

*

## વાર્તા ૪૭ મી

# નજર બાંધવા વિષે

નજર બાંધે છે, તે એવી રીતે કે, કાંસાની થાળીમાં ધૂમાડા વિનાનો દેવતા લઇને, પછી રાઈના દાણા ૭ અને મીઠાની કણીયો ૭, બાળકના માથા ઉપર ફેરવીને, તે દેવતામાં નાંખીને, તે ઉપર કાંસાનો વાડકો ઊંધો પાડીને, તે સારી પેઠ તપે, ત્યારે આ મંત્ર ભણે છે.

"આપદ્રષ્ટ, બાપદ્રષ્ટ, ઘરની, બારની, ચોરાની ચકલાની, વાટની, ગામની, શીમની, મેલીની, ઘેલીની, ભૂતની, પલીતની, ડેણની, ડાક્યણની, જેની નજર હોય, તે આ પાત્રમાં થઈને આ પત્રમાં આવો."

એ મંત્ર ભણીને તે બાળકના માથા ઉપર ઉતારેલા પાણીનો લોટો, તે વાટકા ઉપર ગાયના છાણ સાથે રેડે છે. ત્યારે તે વાડકાની ચારે તરફ એ છાણ ચોંટે છે. તેથી તે વાડકો થાળી સાથે ઘણો ચોંટી બેસે છે; તે એવો કે કોઈનાથી ઉખડે નહી. તેથી એ બાળકની મા એમ જાણે છે કે આને ભારે નજર લાગી છે.

અને એ વાડકો આશરે ત્રણ દિન પછી ઊખડે, ત્યારે જાણે છે, કે હવે નજર

ઊખડી હશે. અને એ વાડકા ઉપર પાણી રેડતાં, વાડકા તળે કદાશને પાણી જાય ત્યારે ચોંટે નહી. તેથી તે બાળકની મા સમજે છે, કે આને નજર લાગી નથી. કાંઈ બીજું કારણ હશે.

એટલામાં કોઈ પાડોશણ આવીને કહે છે, કે ઘડુલો કરો એટલે નજર લાગી હશે તો તરત જણાશે; પછી તે કરે છે. તે એવી રીતે કે એ બાળક ઉપર પાણી ભરેલો લોટો ઊતારીને થાળીમાં રેડે છે. પછી કોરા ન્હાના ઘડામાં સળગતું ઘાસ નાંખીને, તે ઘડો તરત પેલી થાળીમાં ઊંધો પાડે છે. એટલે તે પાણી ઘડામાં ઊંચું ચડે છે, તેથી એ બાઇ સમજે છે, કે આને નજર લાગી છે.

અને તે પણ બરાબર આવડે નહી, તો પાણી ઊંચું ચડે નહી, ત્યારે સમજે છે, કે નજર લાગી નથી. એ ઘડુલો તથા નજર બાંધવાની [1]રીત, એનું કારણ જાણવા સારૂ મેં કરી જોઈ છે. તેથી જાણવામાં આવ્યું છે કે, એ તો અગ્નિથી પવન બળી જાય છે, તેથી એમ થાય છે, પણ કાંઈ નજર ભાવના કારણથી થતું નથી. હવે રથ ફરવા આદિકના ભ્રમની વાતો નીચે લખું છું.

*

## વાર્ત્તા ૪૮ મી

## રથ ફરવા વિષે

કોઈ માણસનું શરીર વાયુ આદિકના રોગથી ઝલાય છે, તે વાંકુ રહી જાય છે; ત્યારે તે રોગનું નામ ગુજરાતમાં એવું કહે છે, કે આ માણસ ઉપર રથ ફરયો છે. તેનું કારણ એવું છે કે.

સવારમાં તથા સાંજે દેવિયોના રથ આકાશમાં ફરતા હોય છે. વાસ્તે તે સમે ઘરનાં નેવતળે બેસવું નહી. તથા ઉભું રહેવું નહી. અને ચાર શેરીઓમાં ચોકમાં રેહેવું નહીં. વળી તે સમે ચોગાનમાં પણ ઉઘાડે માથે રહેવું નહીં. એવે ઠેકાણે તે સમે ઉભા રહેવાથી માણસ ઉપર રથ ફરી જાય છે. એમ લોકો સમજે છે.

તથા નવરાતરના દહાડામાં, અને રાતમાં, દેવિયોનો રથ આકાશમાં ફરે છે. વાસ્તે તે સમે જે ઘણું રૂપાળું છોકરૂં હોય છે, તેને તથા મોટા માણસોનાં છોકરાંને, કેટલાએક લોકો પોતાના ઘરથી બહાર જવા દેતા નથી. શાથી કે એવા દિવસમાં ભૂત પ્રેત આદિક પણ ફરતા રહે છે, તે સપરવા દહાડામાં જે બીહે, ઝબકે, તેને જરૂર વળગે છે.

વળી લોકો કહે છે, કે ઘરના નેવતળે, કે ઉમરા ઉપર બેશીને, કોઈ બાળકને

---

૧. એ રીતે પ્રથમ ઉત્પન્ન કરનારનો અભિપ્રાય જણાય છે, કે એ રીતે બાળકની માને ધીરજ આપવી, કે નજર બાંધી છે, તેથી હવે સુખ થશે.

ધવરાવે, તો તે છોકરૂં મુગું થાય. અને રવિવારે, મંગળવારે, ઉમરા ઉપર, ખાંડણીયા ઉપર, કે ઘંટી ઉપર બેશીને, કોઈ માણસ વાયુ સંચાર કરે, તો તેનો [1]જીવ ફરી જાય, ને કાંતો વાઈ આવે.

અને સુપડું અથવા ચાળણી માથા ઉપર ઉંધી પાડે, કે દીવા તળે નીસરે, તેને શરીરે ગુમડાં થાય. એક માણસના ઉપર ઓલાંડીને બીજું માણસ જાય, તો તે જનારનું શરીર વધે નહીં; વાસ્તે ઓલાંડીને પાછો આવે તો દોષ નહીં.

ચાર જણા ખાટલા ઉપર બેઠા હોય તે સમે તે ખાટલાની નીચે થઇને બિલાડી જાય, તો તેમાંથી એક માણસ મુગું થાય. વાસ્તે ત્રણ જણે, અથવા પાંચે બેસવું; ચાર માણસો મળીને ખાટલા ઉપર બેસવું નહીં.

જૈન ધર્મના જતીયે મૃત્યુ કરયું હોય, તેને પાલખીમાં બેસારીને મસાણમાં લઈ જાય છે, તે વેળામાં કોઈ બાયડી, તે પાલખીતળે નીસરે, તેને દીકરો આવે. તથા એ જતીની મુમતી જેને હાથ આવે, તેને દીકરો આવે, એમ લોકો સમજે છે.

અને રજસ્વલા (એટલે જેને અડકાવ આવ્યો હોય.) તે બાયડીનો પડછાયો સર્પ ઊપર પડે. તો તે સર્પ આંધળો થાય. તથા કોઈ માણસ ઘાયું હોય, તે ઉપર રજસ્વલાનો પડછાયો પડે, તો તે ઘા રૂઝાય નહીં. અથાણાના ઠામ ઉપર રજસ્વલાનો પડછાયો પડે, તો અથાણું બગડી જાય. ઇત્યાદિ ઘણા વહેમો છે.

હવે શીતળાના રોગને પડછાયો પડે છે. તે લખું છું.

*

## વાર્તા ૪૯ મી

## શીતળાના રોગ વિષે

આ વર્ષમાં મારા પાડોશીને દીકરી, ઉંમર વર્ષ ચાર વર્ષની હતી, તેને શરીરે જ્યારે બળિયા નીકળ્યા, અને તેમાં મા બાપની વૃદ્ધ અવસ્થા છે, તેઓને બે દીકરા, અને દીકરી એકજ હતી, તેથી તે ઉપર મા બાપનું હેત ઘણું હતું.

પછી તે દીકરીનો ખાટલો ઘરમાં ઢાળીને, આડા પડદા બાંધ્યા, લીંબડાની ડાંખળિયો બારણે ખોશી, અને એક રામપાત્રમાં, ગધેડાનાં લીડાં, ગાયનું મૂતર, તથા લીંબડાનાં પાનડાં; એટલાં વાનાં ભેળાં કરી રાખ્યાં હતાં; અને તેના ઘરનું માણસ કાંઈ કામ સારૂ ઘરથી બહાર જઈ આવે, તો તે રામપાત્રમાં જમણા પગનો અંગુઠો બોળીને ઘરમાં પેસે.

---

૧ એ ભમની વાતો પ્રથમ ચલાવનારનો અભિપ્રાય જણાય છે, કે એવું કરવું સારૂં નથી. વાસ્તે વાઇ આવ્યાની બીક દેખાડવી. એજ રીતે બીજી વાતોનું કારણ પણ જાણવું.

તેમજ કોઈ સગું, કે પાડોશી; અથવા બીજું માણસ જોવા સારૂ આવે, તો તે રામપાત્રમાં પગ બોળીને ઘરમાં પેસે, એવો બંદોબસ્ત કર્યો હતો. કારણ કે, જે માણસ બળિયાના ખાટલા પાસે જતું હોય, તેના ઉપર પણ બીજા માણસનો પડછાંયો પડવા દેતા નથી. અને એ રામપાત્રમાં પગ બોળે તેના પડછાંયાનો બાધ નહીં.

અને રજસ્વલાનો પડછાંયો, તથા જે બાયડી ભાયડે વિષય ભોગવ્યો હોય, તેનો પડછાંયો બળિયાના રોગવાળાં છોકરાં ઉપર પડવા દેતા નથી. તથા ન્હાયેલા માણસનો પડછાંયો પડવા દેતા નથી. એ વાત વિચારવા જેવી છે.

અને તેના ઘરનાં સર્વે માણસો લીંબડાનાં પુખડાં પાસે રાખે છે, કારણ કે કોઈ અપવિત્ર માણસનો પડછાંયો તેના ઉપર પડે નહીં, એવા બંદોબસ્ત કરયા હતા. પછી જેમ જેમ દિવસ વધતા થયા, તેમ તેમ એ રોગ વધ્યો. એટલે ભણેલા બ્રાહ્મણ પાસે શીતળા સ્તોત્રના પાઠ કરાવ્યા, તે સ્તોત્ર રૂદ્રયામલ ગ્રંથમાં છે.

અને તેમાં શીતળા દેવીનું વરણન કરયું છે, કે શીતળાને ગધેડાની અસવારી છે. નાગીવેશે છે, અડધું સુપડું માથે ઓઢ્યું છે. એક હાથમાં ઊંઢાણિયો છે, અને બીજા હાથમાં સાવરણી છે. એવું વરણન કરીને પછી લખ્યું છે, કે –

હે મોટી દેવી તું જગતમાતા છે. અને બ્રહ્મા, વિષ્નું, મહાદેવ તથા ઇંદ્ર આદિક દેવો તારી નિરંતર પૂજા કરે છે. તે માટે હું તારી વિનતિ કરૂં છું કે આ બાળકનું તું સુખ કરજે.

એવા પાઠ બ્રાહ્મણ પાસે કરાવ્યા, તથા શીતળાને પ્રસંન કરવા સારૂ ગધેડાને ઘાસ ખવરાવ્યું, ઘઉંના ટોઠા ખવરાવ્યા, પણ રોગ તો વધતો થયો, ત્યારે બાધા રાખવા માંડી.

કે આ છોડીને સુખ થશે, તો તેના ભારોભાર ગોળ, તોળીને બ્રાહ્મણને વેંહેંચી દઇશ, તથા ખજુર ભારોભાર તોળીશ એવી નિત્ય નવીનવી બાધાઓ રાખી; કે આ છોડીને બૌચરાજીએ તેડી જઇશું. ત્યાં ૨૫ બ્રાહ્મણ જમાડીશું.

વળી તેની માએ બાધા રાખી કે, આ છોડીને બળિયા દેવને પગે લગાડ્યા પહેલાં હું કાંચળી નહી પહેરૂં, અને માથે બળતી શગડી લઇને, મોઢામાં ખાસરડું લઈને ત્યાં હું જઇશ, અને રૂપાનાં નેણાં, કાગળનો તાસ ૧, સાકર શેર ૦।=, તથા ધરાખ આદિક ટાહાડકની પડી લઈ જઇશ. કોરો ઘડો તાહાડા પાણીનો ભરીને લઈ જઇશ.

વળી તેને બાપે બાધા રાખી, કે બળિયાનાં દર્શન કરાવ્યા પહેલાં હું પાઘડી નહી બાંધુ. અને બળિયાના જગ્યા એક ખેતરવા રહેશે. ત્યાંથી ગડથોલાં ખાતો જઇશ. ત્યારે બાયડીએ કહ્યું કે, તમારે શરીરે સુખ નથી, માટે ઢુકડે જઈને ગડથોલાં ખાવા માનો. ત્યારે તેણે કહ્યું કે, મારી દીકરીને જીવતી રાખશે, તો હું આટલું દુઃખ ભોગવીશ.

વળી કેટલીએક બાયડીઓ બાધા રાખે છે, કે હું નાગી થઇને બળિયે જઈશ,

પછી લીંબડાની સાડી પહેરીને જાય છે.

એમ એક દિવસ કોઈ દેવની બાધા રાખતાં કાંઈ ફેર પડ્યો નહીં. ત્યારે બીજા દેવની રાખી, એમ ઘણાક દેવોની બાધાઓ રાખિયો. પણ કાંઈ સુખ થતું નહીં, ત્યારે મા બાપ રોવા લાગ્યાં તે સમે જોવા આવનારા માણસો ધીરજ આપવા લાગ્યાં; કે તમે રોશો નહીં, બળિયા બળિયા કરો.

ત્યારે એની માએ કહ્યું કે, મુઓ પીટો બળિયો મારો પેલા ભવનો દુશ્મન, ગોઝારો, મારી દીકરીનો જીવ લેવા આવ્યો છે. પછી બીજા માણસોએ કહ્યું બાઈ, એમ બોલિયે નહી, એ તો જેમ કોઈ રાજા. કારભારીનો દંડ લેવા સારૂ ઘણો ત્રાસ દેખાડે, તમે બળિયો માનતાઓ કરાવા વાસ્તે અકળામણ દેખાડે તેથી અકળાવું નહી.

અને આપણા ઘરને છોકરે છઇંયે બળિયાની મશ્કરી જાણ્યે અજાણ્યે કરી હોય, તે સારૂ બળિયાની વિનતિ કરો. પછી બળિયાની વિનંતિનાં વચન કહ્યાં, તે લખતાં મને લાજ આવે છે, કે હે બળિયા અમે કોઈ દહાડે જાણ્યે, અજાણ્યે, તારી મશ્કરી કરી હોય, તો તું ક્ષમા કરજે, અમે ભુલ્યાં, અને જાનમારી, તારૂં ગૂ ખાધું ભલો થઈને હવે અમારી દીકરીને તું સુખ કર.

એમ કરતાં તે દીકરી મરી ગઈ, ત્યારે પછી બળિયાને ઘણી ઘણી ગાળો દઈને, હાય ગોઝારા, હાય હત્યારા, કહીને કુટણામાં કુટ્યો, તથા બળિયાના નામને રોઇઓ. પછી એક માસ જતાં તેનાજ દીકરાને બળિયા નીકળ્યા, એટલે પછી એજ રીતે બળિયાની બાધાઓ રાખી, અને તે જીવ્યો, એટલે જે જે માનતાઓ રાખી હતી, તે સર્વે કરી.

એમ ગુજરાતમાં કોઈ માણસ માદું થાય, ત્યારે અથવા દીકરો થવા સારૂ, ધન મળવા સારૂ, કે બાયડી મળવા સારૂ, દેવની માનતાઓ કરે છે, પછી કોઈક સમે કામ થનારૂ હોય તે થાય, તો તેથી તે દેવ ઉપર બરાબર વિશ્વાસ બેસે છે, અને કદાશને તે કામ ઉલટું અવળું પડે. તો તે દેવને ગાળો દે છે, પણ તે મૂર્ખાઈની સમજણ છે. તે ઉપર હનુમાનના નાટકની એક વાત લખું છું.

*

## વાર્તા ૫૦ મી

## હનુમાનના નાટકની વાત

એક ગામમાં ભવાયા લોકોએ નાટક કરયું હતું, તેમાં હનુમાનનો વેસ આવ્યો હતો. તે સમે એક જણે માનતા કરી, કે હે હનુમાન, તું મને રૂપિયા ૧૦૦ આપે, તો હું તને એક ઘડો તેલનો ભરીને ચઢાવું.

ત્યારે હનુમાન બોલ્યો કે, જ્યારે હું તને રૂ. ૧૦૦) આપું, ત્યારે તું મને એક

ઘડો તેલ ચડાવે; ત્યારે હુંજ રૂપિયા સોનું તેલ લઈને, એક કોઠીમાં ભરીને, માંહી ડબકાં નહી મારૂં ?

પછી બીજે માણસે માનતા કરી, કે હે હનુમાન તું મને બાયડી મેળવે, તો હું તારી સારી પેઠે સેવા કરૂં. ત્યારે હનુમાને કહ્યું, કે તને આપવા બાયડી મારી પાસે હોય, તો હુંજ વાંઢો શા વાસ્તે રહું.

એવા ઘણાક નકતા, તે નાટક વાળે કરયા હતા. માટે વિચારવું કે, માનતાઓ કરયાથી જીવનો બચાવ થતો હોય. તો પૈસાવાળા તથા રાજાઓ મરત જ નહી, તથા કોઈ રાજાનો વંશ જાત નહીં.

તે માટે કોઈ દેવ ઉપર દુઃખ માનવું નહી. દેવની માનતા કરીને પૂજા કરવી તે ઘણી સારી વાત છે. અને જો મંત્રથી શત્રુ મરતા હોત, તો કોઈ સિપાઈ લોકોને ચાકર રાખત નહી.

વળી એક મોટો વિચાર કરો કે, આ સમામાં કોઈ માણસ સરકારમાં જઇને એવી ફરિયાદ કરે, કે મારા સગાને કોઈ માણસે ઝેર ખવરાવીને મારી નાંખ્યો, તો સરકાર તેનો તપાસ તરત કરશે. પણ કોઈ એવી ફરિયાદ કરશે, કે ફલાણે મુંઠ મારી, અથવા પ્રયોગ કરયો, તેથી મારો સગો મરી ગયો. તો તે વાત સરકાર સાંભળશે નહીં, અને ઉલટી તે ફરિયાદીની મશ્કરી થશે.

અને જેટલા દેશોમાં અંગ્રેજ સરકારનું રાજ્ય છે, તેટલા દેશોમાં મંત્રની વાત પ્રમાણ નહીં થઈ હોય. તેથી એવી ફરિયાદ સાંભળતા નથી એમ જાણવું. અને જેટલી કલાઓ દુનિયામાં છે, તથા જેટલાં શાસ્ત્ર છે. તેનો તપાસ કરવા સારૂ સાહેબ લોકો ઘણાં ધન ખરચે છે. ત્યારે મંત્ર જંત્રની વાતો શાચી હોય, તો તે લોકો કેમ રાખત નહીં.

અને શોધક પુરૂષોએ કેટલીએક વાર જાદુવિદ્યા સાચી કરનારને ઇનામ આપવાં ઠરાવ્યાં હતાં, પણ કોઇયે સાચી કારી આપી નહીં તેથી જાણવું કે એ વાત જુઠી છે.

હવે અશલ ઘણાં ભૂતો હતાં, તેની વાત લખું છું.

*

## વાર્તા ૫૧ મી

## અશલ ઘણાં ભૂતો હતાં તે વિષે

સંવત ૧૮૬૯ની સાલ પહેલાં ભૂતનો ભ્રમ લોકોને આજના કરતાં સો ગણો વધારે હતો, એમ જુનાં માણસોનાં કહ્યાથી જણાય છે. તેનું કારણ એમ ભાસે છે કે, તે દિવસનાં માણસો આજના કરતાં બહુ ભોળાં હતાં, શાથી કે બુદ્ધિ વધવાનાં મૂળ નીતિશાસ્ત્રમાં પાંચ લખ્યાં છે – દેશાંતરમાં ફરવું ૧; પંડિત સાથે મિત્રચારી ૨; સારી

સ્ત્રી પરણવી ૩; રાજસભામાં જવું ૪; અને ઘણાં શાસ્ત્રો જોવાં, ૫

એ પાંચ પ્રકાર બુદ્ધિ વધવાના છે. તે તો તે સમામાં બંધ હતાં; કેમ કે લુટનારા ચોરના ભયથી પરદેશ જવું આવવું ઘણું કઠણ હતું, અને કોઈ માણસ કાશિએ જઇને આવતું, તેને તે ગામનાં માણસો જોવા જતાં હતાં; અને ઘણું અચરજ જેવું લાગતું હતું.

વળી કલકત્તા શેહેર તો અહીંથી સ્વર્ગ જેટલે છેટે હતું, કેમકે તે અહીંથી કેટલા કોશ હશે ? તે વાત કોઈ જાણતું નહીં.

અને પંડિત સાથે મિત્રપણું પણ ઘણાં માણસો કરતાં નહીં, કેમકે, આજ પણ કેટલાંએક ગામોમાં એ આગળનો ચાલ છે. કે કોઈ વેપારીનો દીકરો પંડિત બ્રાહ્મણની સોબત કરીને, કાંઈ ગણિત વિદ્યા શિખતો હોય; અને તેનો બાપ દેખે તો વઢવા લાગે, અને કહેશે કે તારે ત્રિરાશિ, ધન, મૂળ એવાં ગણિત શિખીને, કોઇની જનમોત્તરી, વર્ષફળ કરવાં છે, કે ટીપણાનો વરતારો કરીને માગી ખાવું છે.

એ વિદ્યા આપણે ભણવા લાયક નથી, અને વેપારી થઇને એવી વિદ્યા ભણે છે, તેને ખાવા અનાજ રહેતું નથી, એવા અમે ઘણાક જોયા છે. તે માટે આપણે કાના માત્ર ભણવાનું કામ નહીં, તથા ગણિત વિદ્યા આદિક ભણવું નહીં, આપણે તો સોળ આંક, તથા કકો ભણવો. પછી ઘીનાં તથા ગોળનાં લેખાં; આપણું કામ ચાલે એટલું ભણવું. પછી દુકાને બેસવું. અક્ષર સારા શિખવા, વેપાર શિખવો, અને વેપારી લોકોની સોબત કરવી.

પછી તે વેપારીનો દીકરો કોઈ પંડિતની સોબતથી, છાની રીતે કાનામાત્ર સહિત અક્ષર શિખે, અને વિક્રમ ચરીત્ર આદિકની વાતો છાની વાંચે, તે જો તેનો બાપ જાણે ચો ઘણો ઠપકો આપે, એવો તે દહાડાના ચાલ આજ પણ કોઈ ઠેકાણે છે.

અને સારી હુશીયાર સ્ત્રો તો હતીજ નહીં; કેમકે બાયડીઓને વિદ્યા આદિક ગુણ શિખવાની હિન્દુસ્તાનમાં મને છે. જો કોઈ બાઈ અક્ષર શિખતી હોય તો બીજી બાઈ તેને કહેશે કે, તમારે ભણવું નહીં, કેમકે વિદ્યા ભણે તેનાં છોકરાં જીવે નહીં; તે માટે રાંડીરાંડને ભણવું ઘટારત છે. તે પણ દીકરા વાળી રાંડીરાંડને નહીં.

વળી લોકો સમજે છે કે બાયડીઓ ભણે છે તેટલી ભ્રષ્ટ થાય છે. અને હાલ મારા દેખવામાં પણ એવું ઘણું આવ્યું છે, કે મોટા માણસોની બાયડીઓ ભણેલી છે. તે ભ્રષ્ટ પુરૂષોના લખેલા કાગળ તથા દોહરા વાંચે છે, અને કોકશાસ્ત્ર આદિક વાંચીને નઠારી ચાલ ચાલે છે.

અને નીતિશાસ્ત્ર વાળાનો અભિપ્રાય તો એવો જણાય છે, કે માણસને જેવી સોબત હોય, તેવી બુદ્ધિ થાય; અને પુરૂષને પોતાની બાયડીની સોબત ઘણી રહે છે, માટે જો સારી હુશિયાર બાયડી હોય, તો પણ એક ચતુરાઈપણાનું મૂળ છે.

અને રાજસભામાં પણ સ્વાર્થ વિના કોઈ જતું નહીં, અને જવાનું ચતુરાઈ પણાના લાભ જેવું પણ હતું નહીં, કેમકે એ સભાઓ એવીઓજ હતી તેની રીતે લખુંતો પાર આવે નહીં.

વળી શાસ્ત્રતો ભીક્ષુક લોકો વિના બીજો કોઈ વાંચતો નહીં, એવો ચાલ હતો; તેથી તે સમાનાં માણસો ભોળાં હતાં એમ જણાય છે, અને ભૂતો પણ એ કારણથી જ ઘણાં હતાં, તે એવાં કે, ઘણે ઠેકાણેતો ભૂતોની અસ્વારી નીસરતી હતી, તથા ભૂતોનાં નાટક થતાં હતાં, અને આજ પણ કોઈ ઠેકાણે ભૂતોની અસ્વારી તથા નાટક ભોળા લોકોના જોવામાં આવતાં હશે, તેથી એવી વાતો ચલાવે છે.

મેં સાંભળ્યું છે, કે દૂધેશ્વરના આરાપાસે દરીઆખાન પીરના અસ્વારી કોઈ સમે ઘણું કરીને શુકરવારે નીકળે છે.

વળી અશલની વેળામાં ભૂતની મોટી વાતો ચાલતી હતી, તે એવી કે મારવાડના નાગોર પરગણામાં સોમણા ગામ છે, ત્યાંનો ઠાકોર ગોયલ સુબો નામે હતો; તે મરીને ભૂત થયો હતો, તે પોતાની બાયડી પાસે નિત્ય રાત્રિએ આવતો હતો. તેથી તે રાણીને ચાર દીકરા થયા હતા. અને બાર વર્ષ સુધી તે દેશમાં એ ભૂતની વાત મોટી ચાલી હતી.

તે અવસરમાં નાગોરના રાજા વખતસંઘજી હતા, તેણે એ વાતનો તપાસ કરવા સારૂ ભગવતીદાસ નામના બ્રાહ્મણને ત્યાં મોકલ્યો હતો. તેણે ઘણી મેહેનતથી એ ભૂતને પકડયો ત્યારે જણાયું કે તે માણસ પડોશી ગામના ધણી હતો; તે સાથે એ બાઈ ભ્રષ્ટચાલ ચાલતી હતી; પણ તે સમાના લોકો એવા ભૂતની વાતો સાચી માનતા હતા તેથી એવું તરકટ ચાલ્યું હતું.

પછી દિનપર દિન ભૂતો ઘટતાં ગયાં તેનું કારણ હવે લખું છું.

*

### વાર્ત્તા ૫૨ મી

## ભૂતો ઓછાં થયાં તેનું કારણ

આ સમયમાં અંગ્રેજ સરકારે જગત ઊપર મહેરબાની કરીને, વિદ્યા ભણવાની નિશાળો કરી; અને અનેક પ્રકારની વિદ્યા વધારી; તથા દેશ દેશની ચાલોના ગ્રંથો તથા દેશ દેશના નકશા પ્રગટ કરયા, તેથી લોકોને ઘેર બેઠાં જ દેશાંતરની બુદ્ધિ મળી.

અને કેટલાએક બીજલીલાવતી આદિક સંસ્કૃત ગ્રંથ હતા, તે પાંચ વર્ષ સુધી મહેનત કરીને વ્યાકરણ તથા અમરકોશ, આદિક પ્રથમ ભણ્યા પછી, તે ગ્રંથ સમજવામાં આવતા હતા. તેવા બહુ કઠણ ગ્રંથ દેશ દેશની ભાષામાં કરીને, ન્હાના બાળકોને સમજાય એવા કરયા.

તથા ફારશી, મરાઠી, આદિક ગ્રંથ હતા, તે ગુજરાતમાં ગુજરાતી ભાષામાં કરીને ચલાવ્યા. તથા દક્ષિણમાં મરાઠીભાષામાં કરીને ચલાવ્યા, તેથી માણસોની બુદ્ધિ વધતી ગઈ, અને ભૂતાદિકનો ભ્રમ ઘટતો થયો.

વળી કોઈ અજ્ઞાની લોકો બોલે કે છે, અંગ્રેજ સરકારની પડઘમના ઘોષથી ભૂતો નાશી ગયાં, તેનું કારણ કે પડઘમની એક દશે ગાયનું ચામડું છે. તેના શબ્દથી હિંદુલોકોના દેવતા નાશી ગયા. અને બીજી દશે સુવરનું ચામડું છે. તેના શબ્દથી મુસલમાન લોકોના દેવો નાશી ગયા, તેથી ભૂતો ઓછાં થયાં, તથા મંત્ર જંત્ર જુઠા પડ્યા,

વળી સાંભળવામાં આવે છે, કે આગળ એવો ચાલ હતો, કે જેના ઘરમાં પૂર્વજ હોય, તે માણસથી લોકો બીહીતા હતા; કે આપણે તેની સાથે લડીશું, તો એના પૂર્વજ દેવ આપણને હેરાન કરશે, અને એવા એના પૂર્વજ દેવ ઑકરા છે. એમ સહુ સમજતા હતા, તેથી ઘેર ઘેર ભૂતો હતાં.

અને જેને ઘેર ભૂત હોય તેની મોટી લાજ હતી. પછી એવો ચાલ થયો, કે નીચ માણસ હોય, તે મરીને ભૂત થાય છે, અને સારૂ માણસ મરીને સ્વર્ગમાં જાય છે. એમ સમજવાથી ધૂણનારને સામાવડીઆયે મેણાં દેવા માંડ્યાં, કે તારો બાપ નીચ માણસ હતો. તેથીજ ભૂત થયો છે, એવું સાંભળીને માણસોને શરમ લાગવા માંડી.

પછી કોઈ કહે કે, ફલાણો ભૂત થયો છે, તેને આજ મેં દીઠો, તો તે મરનારનાં સગાં તેને લડવા આવે, અને કહેશે કે, એતો સારી ચાલવાળો તથા ધર્મવાળો હતો. તેતો સ્વર્ગમાં ગયો હશે, એ અમારો સગો ભૂત થાય એવાં એનાં લક્ષણ હતાં નહીં.

અને એવું જુઠું નામ એનું લેશો, તો અમારે ને તમારે લડાઈ થશે; અને એ અમારો સગો ભૂત થશે; ત્યારે અમારી નજરે નહીં આવે કે શું ? તમારી નજરે શા સારૂ આવશે ? તેને અમેતો કોઈ દહાડે ભૂત થયો દીઠો નથી. અને તમે ક્યાંથી દીઠો ? એતો કોઈ તમારો સગો ભૂત થયો હશે, તે તમારી નજરે આવ્યો હશે.

એવી રીતે ભૂત તથા ડાકણના મીશથી કોઈનું નામ લઈને કોઈ માણસ ધુણે, તો તેના સગા સાથે લડાઈ થાય; એવી ચાલથી ભૂતનો ભ્રમ ઘટતો થયો, તથા કેટલાંએક માણસો એમ માને છે, કે પૃથ્વી ઉપર આશરે ચાળીશ વર્ષ પેહેલાં ભૂતો ઘણાં હતાં, પણ કોઈ ઈશ્વરકળા જેવા મોટા પુરૂષે અવતાર લઈને તે સર્વે ભૂતોને સારી ગતિ આપી.

આજ પણ કેટલાંએક અજ્ઞાની લોકો પોતાનું ઘરનું માણસ મરીને ભૂત થયું હોય, તેમાં લાજ માનીને તે ભૂતની વાતો પ્રસિદ્ધ કરે છે. તેમાં કાંઈ શરમ લાવતા નથી, તથા ભ્રમનાની વાતો સાચી માને છે.

સંવત ૧૮૯૫ના માહાશુદી ૫, ને દિને દટાંતરનું ગપ મોટું ચાલ્યું હતું. તે વિષે છ માસ અગાઉથી વાતો ચાલી હતી, કે કાશિએથી લખ્યું આવ્યું છે, કે આવતી

વસંતપંચમીએ ધરતી ધ્રૂજશે, તેથી સર્વે ઘરો પડી જશે, અને માણસો મરી જશે; તેમાંથી કોઈક જીવશે; એ વાતને કોઈ જુઠી કહી શકતું નહીં.

અને ઘણા લોકો મરવાનું નક્કી કરી બેઠા હતા. પણ જો તે દહાડે હમેશાની પેઠે વા વંટોળજ થયો હોત, તો કેટલાંએકનું કાળજું ફાટી જાત.

હવે કેટલીએક હસવા જેવી ટુચકાની વાતો મારી દેખેલી તથા સાંભળેળિયો લખું છું.

*

## વાર્ત્તા ૫૩ મી
## ટુચકાની વાતો

૧, રવિવાર અથવા મંગળવારની રાતે ઘૂડ બોલતું હોય, તે વેળામાં નાગા થઈને, સાત ત્રાગડાના દોરામાંસાત ગાંઠો શબ્દે શબ્દ એક એક દેવી.

પછી કોઈને તાવ આવે. તે વેળામાં તે દોરો હાથે બાંધે તો તેનો તાવ જાય, એ રીતે કેટલાએક લોકો કરે છે.

૨, કોઈ બાયડીને ખોળાભરણું હોય. તેના પહેરવાના લુગડાનો છેડો, ફાડીને લઈ જાય, તેનો ખોળો ભરાતો ન હોયતો ભરાય, પેલી બાયડીનો ગર્ભ પડી જાય.

એટલા સારૂ ખોળો ભરવાની આશાવાળી બાઇયડીઓ એવાં કામ ચોરની રીતે કરે છે. તે ઝલાય ત્યારે ઘણી લડાઈ થાય છે. અને કોઈ છેડો ફાડી જાય, તે સારૂ અઘરિણયાતી બાયડીની સગીઓ ઘણો જાપતો રાખે છે.

૩, રવિવારે અથવા મંગળવારે કોઇનાં છોકરાંને ડામ દે, તો તે ડામ દેનારીને છોકરાં થતાં ન હોય તો થાય, એટલા સારૂ કેટલીએક બાયડીઓ વાંઝણીઓ હોય, તે એવાં કામ કરે છે. તેમાં બોલવાં શિખ્યું નહોય એવડાં છોકરાંને ઘણું કરીને ડામ દે છે, કેમકે કોઇને તે ડામ દેનારી જાણવામાં આવે નહીં.

૪, જે બાયડીનાં છોકરાં જીવતાં નહોય, તે ગોઝારા [૧]વાંહાણના ખીલાનું કડું કરાવીને જમણા પગમાં રાખે છે; તેને ગોઝારૂં કડું કહે છે. તે પછી છોકરાં જીવે, તો પણ તે બાયડી જીવે ત્યાં સુધી પગમાં રાખે છે.

અને તેને જો દીકરો આવે, તો તે દીકરાનું નાક વિંધાવે છે. તથા કોઈ હાથમાં બલઇયું રાખે છે. કારણ કે દીકરી જાણીને દૈવ જીવતો રાખે. વળી તેનું નામ નથુ ઠરાવે છે. કારણ કે દીકરો "નથી" અથવા અશુદ્ધ નામ જે ઘેલો, ગાંડો, કચરો, બોઘો, બાવો, ઉકો એવાં ઠરાવે છે, જાણે છે કે અશુદ્ધ જાણીને દૈવ લઈ જાય નહીં.

---

૧. ડુબી ગએલું વહાણ.

અને નાક વિંધાવીને માંહી વાળી રાખી હોય છે. તે પરણે ત્યારે લુણ ઉતારતી વેળાયે સાસુ કહાડી લે છે. કદાશને પરણેતર થાય નહીં, તો તે છોકરાંનાં અવસ્થા આશરે બાર વર્ષની થાય, ત્યારે વાળી પોતેજ કહાડી નાંખે છે.

વળી કેટલાએક પ્રકારની બાધાઓ રાખે છે, કે આ છોકરૂં જીવશે, તો તેના માથાના વાળ ફલાણા દેવની જગ્યાયે જઈને ઉતરાવીશું. કારણ કે, આ બાળકનું માથું તે દેવને સોંપવું, તથા કેટલાએક એવી બાધા રાખે છે, કે આ છોકરાંને પંદર વર્ષ સુધી અમારા ઘરનું લુગડું પેહેરાવીશું નહીં.

કારણ કે તે લોકો સમજે છે, કે આપણા ઘરનાં લુગડાં જેટલાં પેહેરવાં એ બાળકનાં કર્મમાં લખ્યાં હોય, તેટલાં પહેરીને મરી જાય વાસ્તે આપણા ઘરનું લુગડું પહેરાવીશું નહીં એટલે જીવશે.

એવી રીતે દૈવને ભૂલવવાના બહુ ઉપાય કરે છે. તે દેખીને તથા સાંભળીને મારા મનમાં ઘણું હસવા જેવું થાય છે. અને એ મૂર્ખ લોકો વિચાર કરતા નથી, કે કેટલાએક પુરૂષો જીવે ત્યાં સુધી બાયડીનો વેશ રાખે છે. તથા કેટલાએક ગોસાંઇની બાયડીઓ પુરૂષનો વેશ રાખે છે. તથા કેટલાએક માણસો મુદલ લુગડાં પહેરતા નથી, ને વનમાં રહે છે. પણ જ્યાં હોય ત્યાંથી શોધીને દૈવ તેનો જીવ લઇ જાય છે.

અને ઘેલાં તથા મેલાં માણસોના જીવ પણ લઈ જાય છે. ત્યારે નામ ઘેલો, કે કચરો જાણીને, દૈવ કેમ જીવતો રાખશે ? અને દૈવની નજર સર્વ દિશાએ ફરી વળે છે. તેથી કોઈ ૧૫૦ વર્ષની અવસ્થાનું માણસ જોવામાં આવતું નથી.

અને ગીરનાર પર્વતમાં એક અઘોરીબાવો ૫૦૦ વર્ષની વયનો છે. એવાં ગપ્પાંતો મેં ઘણાં સાંભળ્યાં છે; પણ નજરે જોયા તપાશા વિના એવી વાતો હું માનતો નથી.

હવે ભૂતની સાબિતીની. એક વાત નીચે લખું છું.

*

## વાર્તા ૫૪ મી

# ભૂતના પ્રમાણની વાત

આ ગ્રંથમાં કોઇએક ઠેકાણે શાસ્ત્રથી ઉલટી વાત લખાઈ હોય. તે માટે પંડિત લોકોને ક્ષમા કરાવા સારૂ ભૂતના પ્રમાણની વાત લખું છું.

ક્યાંઇ ભૂત નથી એમ કહીએ, તો હિંદુશાસ્ત્રથી ઉલટી વાત છે. તથા ખ્રીસ્તીશાસ્ત્રમાં લખ્યું છે, કે જે વખત ઇસુની પાસે ભૂતો આવ્યાં. તેમાંના ભૂતે ઇસુને કહ્યું કે, હું તમને ઓળખું છું; તમે પરમેશ્વરના દીકરા છો. તેથી હું તમારાથી ડરૂ છું, એવું કહ્યું.

પછી તે ભૂતોને તેણે શરીરમાંથી કહાડ્યાં; તે માટે ભૂતો જુઠાં કહીએ, તો તે ખ્રીસ્તીશાસ્ત્ર પણ જુઠાં થાય.

વળી મુસલમાની શાસ્ત્રમાં ભૂતને શેતાન કહે છે. તે શાસ્ત્રો જુઠાં થાય. માટે ભૂતોની વાત સાચી હોય તો હોય; પણ આ સમયમાં તો જ્યારે ભૂતોની સાંભળેલી વાતો દશહજાર ભેળી કરિયે. તેમાં એક વાત સાચી હશે એમ અનુમાનથી તથા શાસ્ત્રના વિશ્વાસથી હું લખું છું. પણ મારા દેખવામાં સાચી વાત આજ સુધી આવી નથી.

અને આ વર્ષના કાર્તિક મહિનામાં અમદાવાદ શેહેરમાં એક બ્રાહ્મણનો દીકરો, એક વર્ષની ઉંમરનો, ભૂતે કુવામાં નાંખી દીધો હતો.

એવી વાતો તો ઘણી સાંભળી છે. પણ જ્યારે મારા દેખતાં ભૂત છોકરાંને કુવામાં નાંખે, ત્યારે મારા માનવામાં આવે. સાંભળેલી વાત સાચી હોય તો પણ બરાબર હું માનતો નથી.

અને હિંદુશાસ્ત્રમાં ભૂતોની વાત વિસ્તારીને લખી છે. તેનો અભિપ્રાય જણાય છે, કે જે માણસો પવિત્રપણે રહેશે નહીં, તથા જુઠું બોલવા આદિક પાપ કરશે, તે મરીને ભૂત થશે, અને ઘણું દુઃખ પામશે. તે માટે પવિત્ર રહેવું. પાપ કરવું નહીં.

વળી દુષ્ટચાલવાળાના શરીરમાં પેશીને ભૂત દુઃખ દેશે તે માટે સારીચાલ રાખવી. એટલોજ શાસ્ત્ર કરવાવાળાનો અભિપ્રાય જણાય છે. પણ તે ઉપરથી લોકોને ઘણો ભ્રમ ઉત્પન્ન થઇને બહુ દુઃખ થાય છે, વાસ્તે મારો અભિપ્રાય છે કે, લોકોમાંથી ભૂતનો ભ્રમ જાય, અને જેમ કહેવત છે, કે "મનસાભૂત" (એટલે મનની કલ્પના ભૂત) અને "શંકા (એટલે ભય) ડાકણ" એનો અર્થ બરાબર સમજાય, તો બિચારા ભોળા લોકો હેરાન થાય નહીં.

એટલા સારૂ કાંઈ વધતી ઘટતી વાત લખાઈ હોય, તો વાંચીને પંડિત લોકો ક્ષમા કરજો.

હવે આ ચોથા પ્રકરણનો સારાંશ એછે કે, વર્નાક્યુલર મંડળીએ ઠરાવ્યું છે, કે ગુજરાતમાં ભૂતના વહેમ વગેરેનું સવિસ્તર બયાન લખવું. તેથી મેં વિચારીને જેમ ભૂતનો વહેમ છે, તેમ ગુજરાતમાં બીજા પણ ઘણા વહેમો છે. તે જેટલા સાંભરયા, તેટલાની વાતો લખી છે,

તે વાંચીને લોકોએ સમજવું, કે કોઇ મંત્ર, જંત્ર, કે કીમિયાઆદિકના ભ્રમથી કોઇ સમે ઠગાવું નહીં. અને ઇંદ્રજાળ જેવા ખેલની વાત જાણવી હોય, તો વિલાયતમાં બ્રુયુસ્ટર સાહેબે એક પુસ્તક બનાવ્યું છે, તેનું નામ (નાચરલ માજીક) Natural magic "स्वभाविक इंद्रजाल" એવું છે. તે સને ૧૮૩૪માં લંડન શહેરમાં છપાવ્યું છે, તે વાંચવું.

તથા રસાયન શાસ્ત્રની ચોપડીઓ વાંચવી, તેથી જણાશે. એ ગ્રંથની વાતો આ

ચોપડીમાં લખવી જરૂર નથી, કેમ કે આમાં તો કેવળ ગુજરાતના વહેમની વાતો લખવી જરૂર છે. તે લખી છે.

*

## વાર્ત્તા ૫૫ મી

# સંપૂર્ણ ગ્રંથનો સારાંશ

આ સંપૂર્ણ ગ્રંથનો સારાંશ એ છે, કે એકતો જેથી ગુજરાતમાં ભૂતનો ભ્રમ પેદા થાય છે. એવી પરંપરાથી ભૂતોની વાતો ચાલે છે, તે; તથા ભૂતોની વાતો લખિયો છે, તેનો અભિપ્રાય વિચારવો; ને આગળ લખ્યા પ્રમાણે એમ જાણવું કે, ભૂતો દેવ જાતિ છે. તેમાં માણસનાથી બળ તથા પરાક્રમ વધતાં છે. વાસ્તે માણસને દેખી નાશી જાય, કે સંતાઇ જાય એવાં નથી.

અને કોઇએક ભોળાં માણસમાં પેસે. અને સમજુ માણસમાં શરીરમાં પેશી શકે નહીં, એવાં ભૂતો નથી. વળી શાસ્ત્રમાં લખે છે, કે પવિત્ર માણસમાં ભૂત પેશી શકે નહીં, ત્યારે હિંદુશાસ્ત્રના અભિપ્રાયમાં મુસલમાન લોકથી અપવિત્ર કોઇ નથી, તથા મુસલમાની શાસ્ત્રના અભિપ્રાયમાં હિંદુથી અપવિત્ર કોઇ નથી. ત્યારે હિંદુભૂતની પરીક્ષા કરવા સમે કહેવું, કે તું કોઇએક સમજુ માણસ મુસલમાન અમે બતાવીએ, તેના શરીરમાં પેશીને બોલ્ય.

તેમજ મુસલમાની ભૂતને કહેવું કે હિંદુમાણસ, અમે બતાવીએ તેનામાં પેશીને બોલ્ય. વળી કહેવું કે જેમ પાટણના રાજાના કહ્યાથી એક લાકડું લાવ્યું હતું, તેમ એક મોટું લાકડું ઉપાડી આવીને. અહીં અમે દેખીએ તેમ ઉભું કરય. અથવા જેમ કરણ વાઘેલા સાથે ભૂતે લડાઇ કરી હતી, તેમ તું પ્રત્યક્ષ થઈને અમારી સાથે લડાઇ કરય. એવી રીતે અસલની વાતો પ્રમાણે પરીક્ષા લીધાથી તે ભૂત સાચું હશે, અથવા ગપ હશે, તે તુરત જણાશે.

૨. બીજું, કે કોઇનો પડછાંયો, અથવા જાનવર, કે ખૂણાના અંધારમાં ભૂતનો આકાર દેખીને, કે એવું કાંઇ પણ જોવામાં આવે, તેનો શોધ કરયા વિના તુરત ભૂત માનવું નહીં.

અથવા કોઇ સમે કોઇ એક માણસ દેખાઈને તરત ન દેખાય તેથી, કે કાંઇ શબ્દ સાંભળીને, ભૂત માનવું નહીં, તેનો સારી પઠે તપાસ કરવો.

૩. ત્રીજું, કે કોઇ ભોળાં માણસને ભૂતનો વલગાડ થાય તે કહાડવા સારૂ ત્રીજા પ્રકરણમાં ઉપાય લખ્યા છે. તેમાંના જે ઉપાયથી તે માણસને વિશ્વાસ આવે, કે હવે મારા શરીરમાંથી ભૂત ગયું. તે ઉપાય કરવો; તેમાં પણ જો બની શકેતો સાચો ઉપાય

એક છે. કે ચાબખો લઇને મારવું. અથવા છાની રીતે ડામ દેવો, એટલે ભૂત નાશી જશે.

અને કાંઇક સમજુ માણસ હોય. તેના ભૂતનો ભ્રમ કાહાડવાનો ઉપાય એ છે, કે આવી રીતનાં ગ્રંથ વાંચવા, તથા વિચારવા, અને વિદ્યાનો અભ્યાસ કરીને પોતાની બુદ્ધિથી દિલમાં તપાસ કરવો.

વળી વિલાયતમાં સર વાલટર.સ્કાટનું બનાવેલું પુસ્તક છે તેનું નામ "વીચ્ચકાફ્ટ એંડ ડેમોનાલોજી Witchcraft and Demonology." એટલે ડાકણ સંબંધી તથા ભૂતપ્રેત સંબંધી વાત. તે સન ૧૮૩૧ માં લંડન શેહેરમાં બીજીવાર છપાયું છે.

વિલાયતમાં પણ અસલ અજ્ઞાનપણાથી ભૂતનો ભ્રમ ઘણો હતો, તેના દાખલા તેમાં લખેલા છે, તે વાંચવા; એજ ભ્રમ મટાડવાનો ઉપાય છે.

૪. એ આદિક કોઇ રીતનો ભ્રમ, તથા મંત્ર, જંત્રની વાતો સર્વેનો તપાસ સારી રીતે કરવો. ગપ્પાની વાતોમાં વિશ્વાસ રાખવો નહીં. અને ભૂત તથા મુઠ, ચોટ આદિકની બીક છોડી દઇને, પરમેશ્વરની બીક મનમાં રાખીને, જૂઠું બોલવા આદિક પાપ કરવું નહીં; અને સદ્દગુરૂની સેવા કરવી, કપટી તથા દુષ્ટ આચરણવાળાની સોબત કરવી નહીં. તથા કોઇ ઢોંગી માણસ પાસે ઠગાવું નહીં. આ સંપૂર્ણ ગ્રંથનો સારાંશ એટલો છે.

જાહેરનામામાં ચાર કલમો છે, તેનો તપાસ કરવો. એવી રીતના મંડળિના ઠરાવ ઉપરથી મારા દેશી મિત્રોના સુખ વાસ્તે આ ગ્રંથ મેં મારા સદ્દગુરૂના પ્રતાપથી બનાવ્યો છે.

**॥ ॥ ईतिश्री कवि दलपतराम विरचित भाषागद्यबंधे भूतादिक भ्रम भंजन ग्रंथे भूतभ्रमादिक वार्ता विस्तार वरणनं नाम चतुर्थ प्रकर्ण. समाप्तो ऽयंग्रंथ: ॥४॥**

*

सवैयो.

**सत्य पुनी दलपत्त कहे लखी, स्नेह न विश्व करे सब कोइ**
**चंदको न चाहत चोर, चकोर न चाहते चंद बिछोई**
**पंथ लखा बहु ग्रंथनको, यह ग्रंथ रच्यो, जन देखहि दोई ॥**
**पंडित पावहि प्रेम अखंडित, खंडित प्रेम अपंडित होई ॥१॥**

दोहरो.

**बे हजारमां बाकि छे. चोराणुं चित आण,**
**विक्रम [1]वर्षे विरचियो, पूरण ग्रंथ प्रमाण.**

૧. ૧૯૦૬ માં